

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંસ્થાપક • રવિશંકર રાવળ
વર્ષ ૪૨ • અંક ૫ • મે ૧૯૬૫
તંત્રી • બચુભાઈ રાવત
અંક ૪૯૭



રશિયન ગૂંથણકળા



વેણુગોપાલ • ચિત્રકાર સોમાલાલ શાહ

(પ્રભાત પ્રોસેસ સ્ટૂડિયોના સંગ્રહમાંથી)

બ્લૉકો : ગુજરાત રાજ્ય માહિતીખાતાના સૌજન્યથી

ચિત્રો

રશિયન ગૂંથણકળા — પૂઠું
વેણુગોપાલ (ચિત્રકાર: સોમાલાલ શાહ) — ત્રિરંગી મુખચિત્ર
ભક્તિની અંજલી (ફોટો: એ. એલ. સૈયદ) — પૂઠું ત્રીજું
ભીનાં પગલાં (ફોટો: એ. એલ. સૈયદ) — પૂઠું ત્રીજું

કાવ્યો

અનંત જે રૂપ મારું (ચંદ્રકાન્ત શેઠ), શૂન્ય (ચિનુ મોદી),
શમણાંના દીવા (ચંદ્રકાન્ત ટોપીવાળા), તો હું શું કરું ('પારસ') ૧૬૩

ચરિત્ર

હૃદયશંકર — સુનીલ કોઠારી ૧૬૪
જીવનપટનાં સ્મૃતિચિત્રો (આત્મકથાનક–૪૧) — રવિશંકર રાવળ ૧૭૩
મિત્રભાવ — ધૈર્યચન્દ્ર બુદ્ધ ૧૭૭

વાર્તા

સિમ્બેલિન (શેક્સપીઅર વાર્તાંતરમાળા-૧૩) — મધુસૂદન પારેખ ૧૬૭

લેખો

શતરંજનો કોયડો — સુરેશ મોદી ૧૬૨
મરાઠી પત્ર-સૃષ્ટિના સપ્તર્ષિ — પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર ૧૭૫
ભોગીન્દ્રરાવ દિવેટિયા (બંધુસમાજ-૨) — હરસિદ્ધભાઈ દિવેટિયા ૧૮૦
ડુંગળી (ઘરગથુ ઔષધ–૪૧) — લાભશંકર ઠાકર ૧૮૯
આહારનું આયોજન (આહાર આરોગ્ય-૬૩) — ડૉ. શિવપ્રસાદ ૧૯૧
માનસનો અભ્યાસ (ગુનાશોધન-૧૦) — પુષ્કરભાઇ ગોકાણી ૧૯૩
નાટ્યનગરીનો નાશ (રંગગઠરિયાં-૫૭) — ચન્દ્રવદન મહેતા ૧૯૬

વિભાગો

વાચકો લખે છે... ૧૬૧
જીવી જાણનારા (સોળ વર્ષનો અમૃતલાલ) ૧૬૬
અથાણું ૧૭૬
સાહિત્યસંપર્ક (શબ્દકથા: ભૂચરી, ભૂરશી) ૧૭૯
ક્લાવાર્તા (ભારતમાં ચાર્લ્સ ડિકન્સ) ૧૮૨
ટિકિટસંગ્રહ ૧૮૪
આ માસ ઇતિહાસમાં (વ્ય. વિ. રૉબર્ટ પીઅરી) ૧૮૫
ચીતરવાનું સહેલ છે. ૧૮૭
કંકાવટી (સ્વ. પાર્વતીકુંવર નીલકંઠ) ૧૮૮
પચ્ચીસ વર્ષ પહેલાં ૧૯૦
માધુકરી (મર્હૂમ રતનજી ફરામજી શેઠના) ૧૯૯
સી–ઍનીમૉન (સાગરકાંઠાના જીવ-૨) ૧૯૯
છેલ્લું પાનું ૨૦૨

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૧૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦



અંક ૪૯૯માં ટીલિયા સાવજની માહિતી આપેલી યથાર્થ નથી. તેનો જન્મ મારી નોંધ (મારી ગિર જંગલની ૧૯૫૮ સુધીની રેલવે અધિકારી તરીકેની કારકિર્દીની) મુજબ રેલવે લાઇનને અડતી સાંઢિયાગાળી નામની ઊંડી ભેખડોનાં કોતરોમાં કરમદીના દૂવામાં સને ૧૯૪૫ના ઑગસ્ટના પહેલા અઠવાડિયામાં થએલો. ઈ. ૧૯૫૨ અને ૧૯૫૮માં મેં તેને માંઈની ટીંબીના જંગલમાં જોએલો. ત્યાં સુધી તેના કપાળમાં કાળું ભાઠું નહોતું. તે એકલ જીવન ગાળતો. ન જાણે તેના કપાળ વચ્ચે કેમ કરીને અને ક્યા ઘા વડે ભાઠું પડેલું અને જીવાત પડેલી. તે અતિશય કરુણ દશામાં આ માર્ચ (૧૯૬૫)ની ચાલુ સાલમાં દિવંગત પામ્યો. જૂનાગઢના ઝૂમાં તેના મૃતદેહનો ફોટો લેતાં તેનું સમસ્ત મોઢું સડેલી હાલતમાં હતું. તેનું નામ, રેલવે મૅનેજર પંડયા સાહેબે પાડેલું. તે દેખાવે ભવ્ય, ગધિયા સિંહ જાતનો સિંહ હતો, ભારત સરકારના અંગ્રેજી માસિક 'માર્ચ ઑવ ઈન્ડિયા'ના ડિસેંબર ૧૯૬૨ના અંકમાં 'ધ ગિર લાયન' નામે મારો લેખ પ્રગટ થયો છે. તેની સાથેના ફોટા પર કાળી ગોળાકાર ચાંદલી જેવી જખમની નિશાની દેખાય છે. મારી ઉપર્યુક્ત નોંધ મુજબ તેનું અવસાન સમયનું વય વીસ વર્ષનું ગણાય. તેનું નામ ટીલિયો ઈ. ૧૯૫૮ના નવેમ્બરના વચગાળામાં પડયું હશે.

મારા મિત્ર ડૉ. નીલ બી ટૉડ (પી એચ. ડી.) ઍનિમલ રીસર્ચ સેન્ટર, હાર્વર્ડ, અમેરિકાથી ૧૯૬૩ ડિસેમ્બર'માં સાસણ (ગિર) આવેલા ત્યારે મારી અને તેમની વચ્ચે સિંહોની આયુર્મર્યાદા વિષે વિચારોની આપલે થએલી. તેમાં (૧) મેં કહેલું કે જંગલના રાતદિવસના ગિરના મકરાણી નિષ્ણાતો કહે છે કે સિંહો ૨૫ વર્ષ જીવે છે; (૨) જૂનાગઢ સ્ટેઈટના ૧૯૩૫ના ચીફ કૉન્ઝર્વેટર સાહેબે પણ કહેલું કે સિંહ વધુમાં વધુ ૨૫ વર્ષ જીવે છે; (૩) ડૉ. ટૉડ કહે છે કે સાધારણ રીતે ગિરનો વનરાજ તેની છૂટી વનશ્રીની ભૂમિમાં ૧૨થી ૧૫ વર્ષ જ જીવનદોરી લંબાવે છે, પણ ઝૂમાં વધુ જીવે છે, કારણ તેને તબીબી સારવાર અને સારી માવજત આપવામાં આવે છે. (૪) હાલના (જૂનાગઢના)ઝૂ સુપરિન્ટેન્ડેન્ટ મારા અંગત મિત્ર શ્રી શ્રીનિવાસ ભાઇ કહે છે કે ગિર વનરાજ ઝૂમાં મેં વધુમાં વધુ ૨૦ વર્ષ જીવ્યાનો દાખલો જોએલો છે.

(જૂનાગઢ) —દત્તાત્રેય મો. ફાટક

'કુમાર'માં ભાઈ 'ધૂમકેતુ'નો 'જીવનપંથ' વંચાવી પૂરો કર્યો. આમાં સને-૧૯૦૬ના મોટી કુંકાવાવના એમના નિવાસ દરમિયાન મારા બાપુ તથા મારો ઉલ્લેખ થયો છે. ત્યારે હું 'મૅટ્રિક'માં હતો એ ભાઈ જોશીની સરતચૂક કે સ્મૃતિભૂલ છે. ત્યારે હું અંગ્રેજી પહેલીમાં હતો. હું ૧૯૧૨માં મૅટ્રિક થયો. મારા બાપુ ઈ. ૧૯૦૦નો છપ્પનિયો કાળ ઊતરતાં સરદારગઢથી બદલીમાં લોધીકા ગયા. પાંચેક વરસ લોધીકા રહ્યા હશે. મને રાજકોટ અંગ્રેજી ભણવા વ્યવસ્થા કરી મૂકી ગયા. તે પછી તરતમાં જ એમની બદલી મોટી કુંકાવાવ થઈ અને વૅકેશન પડયું ત્યારે હું મોટી કુંકાવાવ ગયો હતો એમ યાદ છે. ૧૯૧૬માં હું બી. એ. થયો. ૧૯૧૭ મુંબાઈ એલએલ. બી.ના અભ્યાસમાં પહેલી એલએલ. બી.માં બે વાર નાપાસ થયો. ૧૯૧૮માં ગોંડલની નોકરીમાં...આમ ભાઈ જોશીના લખાણમાં છ વર્ષના ગાળાની ચૂક છે.

(ગોંડલ) —દેશળજી પરમાર

બીભત્સ અને કનિષ્ઠ સાહિત્ય પીરસતાં થોકબંધ સામયિકો જોતાં ઘડીભર ચિંતા ઉપજે કે જો 'કુમાર' (જે અનેક મુશ્કેલીઓમાં ચાલે છે) નિષ્ઠા ગુમાવી બંધ થશે તો ક્યાં જઇશું? બોધિવૃક્ષ જેવા 'કુમાર'ને ટકાવવા, વધુ પ્રોજ્જ્વલ કરવા વિચારો થવા જોઇએ. રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દરેક ભાષાનાં શ્રેષ્ઠ માસિકોને અનુદાન આપે કે સાહિત્યસેવા બદલ પુરસ્કૃત કરે. 'કુમાર' ગુજરાતનું, ગુજરાતી જનતાનું આગવું માસિક છે, વર્ષોથી એ જ સેવા કરતું આવે છે તે જોતાં તે જનતાના કલ્યાણ માટે જ ચાલે છે તેમાં અતિશયોક્તિ નથી. ગુર્જર જનતા ધાર્મિક દાનો માટે જાણીતી છે તેમ સાહિત્યિક દાનો માટે જાણીતી બનવાની જરૂર છે. આપણે જે 'કુમાર'નો લાભ ઉઠાવી રહ્યા છીએ તે ભાવિ પેઢીને પણ મળે તે માટે શું ઉક્ત યોજના જરૂરી નથી?

(જૂનાગઢ) —એક 'કુમાર'ચાહક

[*અમને અનુદાનની ઇચ્છા નથી. દાનદ્રવ્ય ખાવાથી કદાચ પુરુષાર્થ હણાય છે. અમારી અપેક્ષા હોય તો માત્ર એટલી, કે 'કુમાર' જો લાયક હોય તો શિક્ષણની, સંસ્કારની, ગ્રામ-

સ્વરાજની સર્વ સંસ્થાઓ 'કુમાર' મંગાવતી થાય. શ્રીમંતો અકિંચન વિદ્યાર્થીઓ તથા સંસ્થાઓની વતી તેમનાં લવાજમો ભરી મોકલે; સંપન્ન પેઢીઓ પોતાની જાહેરખબરો આપીનેઅમારા પ્રયત્નનો ખભો થાબડે—તંત્રી]

અંક ૪૯૬માં પ્રગટ થએલી શ્રી ઈવા ડેવ કૃત વાર્તા 'ગૃહપ્રવેશ' ખૂબ જ ગમી. આકર્ષક પાત્રનિરૂપણ ઉપરાંત લેખિકાની ભાષામાં ભાવમાધુર્ય હોઇને વાર્તા ઓજસપૂર્ણ છે. લેખિકાએ હિંદુસમાજની કૌટુંબિક તેમજ સામાજિક મીમાંસાનું કુશળતાપૂર્વક આલેખન કર્યું છે. સ્વ. શ્રી ધૂમકેતુના જીવન અને કાર્યની મહત્તા દર્શાવતો સ્મરણલેખ મૂલ્યવાન છે.
(જાફરાબાદ) —ઈશ્વરલાલ બી. પરમાર

આપનું કાવ્ય-સંપાદન ખરેખર ઉચ્ચ કોટિનું હોય છે. ગયા અંકમાં શ્રી ચિનુ મોદીએ 'પજવણી'માં અનેક મૂકહૃદયોનેવાચાઆપી, સૂક્ષ્માતિસૂક્ષ્મ અનુભૂતિને અક્ષરદેહ આપ્યો.
(પોરબંદર) —હરજીવન થાનકી
[*યશના અધિકારી સર્જકો છે અમે નહિ.]

બેંતાલીસ વર્ષ સુધી ગુજરાતનાં સાહિત્ય-કલા-જ્ઞાન અને સંસ્કાર રૂપે 'કુમારે' ઝઝાવાતો ને આર્થિક મુશ્કેલીમાં પણ અડગ ઊભા રહી સેવા આપી છે. હવે કંઈક નવું પ્રકરણ ઉમેરાય તેમ ઇચ્છું છું. ડહોળાએલા રાજકીય વાતાવરણમાં ફેલાઈ રહેલી ખરાબીઓની પ્રામાણિક ચર્ચા માટે એકાદ બે પાનાં જુદાં રાખો તો આજ સુધી કરેલી સેવામાં સુગંધ ભળશે.

ખાસ કરી વિદેશોમાં વસતા ગુજરાતીઓના પ્રશ્નો વધુ વિકટ બન્યા છે અને સરકાર તેઓ નિરાશ્રિત બની ગુજરાતમાં આવે ત્યારે સમજે એ કરતાં તેઓ સદ્ધર સ્થિતિમાં દેશ આવી કંઈક હુન્નરઉદ્યોગ-ધંધા ને બીજી રીતે ગુજરાતને ઉપયોગી થાય તે સ્થિતિમાં–વિદેશોમાંથી ગુજરાતીઓને આવવા માટે પ્રોત્સાહન અને ત્વરિત નિર્ણયો વહીવટી તંત્રમાંથી મળે એવી વ્યવસ્થા કરે, એવી કંઈક ચર્ચા આપ 'કુમાર' દ્વારા કરો તો વધુ સેવા થશે.
(નાઇરોબી) —હંસરાજ કાલિદાસ શાહ

મનુષ્યના ઉપલા હોઠની મધ્યમાં, નાકની નીચે આવેલા નાનાસરખા ખાડા રૂપે આવેલા ભાગને ગુજરાતીમાં શું કહે છે તે જાણવાની ઉત્સુકતા છે. કેટલીક વ્યક્તિઓને પૂછયા છતાં આનો જવાબ યોગ્ય શબ્દથી ન મળ્યો. તે માટેનો અંગ્રેજી શબ્દ મળી શકે તો તે પણ જણાવવા કૃપા કરશો.
(અમદાવાદ-૭) —દુષ્યંત વસાવડા

હું હિન્દી ભાષાભાષી છું અને 'કુમાર'નો જૂનો ગ્રાહક છું,–૧૩ વર્ષથી. મારે ૧૯૬૨ ઑગસ્ટનો સળંગ એક ૪૬૪ જોઇએ છે. કોઈ વાચક મિત્રને આ જૂનો અંક આપવા ઇચ્છા હોય તો મને જણાવે.–स्वामी दयानन्द नारायण; पो. सी. एस. डी.; हायर सेकन्डरी स्कूल; हाँसो (हिसार) पंजाब.

'કુમાર'ની વર્ષ ૧૫માની અંક ૧થી ૧૨ સુધીની ફાઈલ છે ને તે રૂા. ૧૦માં વેચવાની છે.
નારાયણ પુ. સુખડિયા(ગુંદીખાડ, વિસનગર)

નીચેના બે પ્રશ્નોના ઉત્તર છાપશોજી: ૧) ન્યુસપેપરમાં કેટલાક ફોટોગ્રાફની નીચે 'રેડિયો ફોટો' લખેલું આવે છે. તો આ ફોટોગ્રાફ કઈ રીતે ન્યુસપેપરમાં આવે છે? ૨) બહુરંગીચિત્રોનું હૂબહૂ છાપકામ કેવી રીતે થાય છે?
(ઉતરાજ) —જયંતી ભટ્ટ
[*કોઈ વાર અવશ્ય આપીશું.]

'કુમાર'ના વિષયવૈવિધ્યમાં નવો ઉમેરાએલો 'લઘુકથા' વિભાગ આવકારપાત્ર ખરો? પાશ્ચાત્ય સાહિત્યમાં આવી હાફપેઈજ સ્ટોરીનો વિકાસ ઘણો છે. છેલ્લાં પાંચસાત વર્ષોથી હિંદી સાહિત્યમાં પણ અવનવા પ્રયોગો સાથે લઘુકથાઓ રજૂ થયા કરે છે. પણ પાશ્ચાત્ય સાહિત્યમાંની લઘુકથામાં ચમત્કૃતિનું તત્ત્વ વિશેષ હોય છે. ગુજરાતી સાહિત્યમાં આવી ચમત્કૃતિવાળી લઘુકથાઓ માંડમાંડ બેત્રણ માહને એકાદ જોવા મળે છે. 'કુમાર'માંની શ્રી પટેલની લઘુકથાઓ પ્રસંગલક્ષી કહી શકું. ચમત્કૃતિનો અભાવ ઘણી વખત સાલે છે.


લઘુકથાને આકારલક્ષી ન માનીએ તો એમાં રજૂ થએલો એક એક શબ્દ કસીને મુકાએલો હોય છે, ને તે સાંકળના અંકોડાની માફક એકબીજા સાથે સંકળાએલો હોય છે. એક શબ્દ પણ ઉઠાવી લેતાં વાર્તાના હાર્દને ધોકો પહોંચે છે અને અંત અજબ જેવી ચમત્કૃતિથી આવતો હોય છે...નડિયાદથી અમે લઘુકથા માટે હરીફાઈ યોજી હતી, એમાં ગુજરાતમાંથીસંખ્યાની દૃષ્ટિએ સારા એવા વાર્તાકારોએ ભાગ લીધેલો; પણ અઢીસો જેટલી લઘુકથામાંથી માંડ માંડ લઘુકથાનાં લક્ષણોને ન્યાય આપતી પંદર-વીસ વાર્તાઓ મળી હતી. આ આપણી ખરેખર કમનસીબી છે.

એક મિત્રે આવી લઘુકથા માટે 'ગાગરકથા' નામ સૂચવ્યું હતું, કારણ કે એમાં 'ગાગરમાં સાગર' છલકાવવાની ભાવના હોય છે.
(નડિયાદ) —પ્રફુલ્લ ભારતીય

શતરંજનો કોયડો

સુરેશ મોદી

A. A. TROITZKY



White to play and win

સ્થિતિ: 1q6/2b2p1p/7k/8/1p1Q4/8/1K3B2/8.

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું.

આ કોયડામાં કાળા પાસે સફેદ કરતાં ત્રણ પ્યાદાં વધારે છે છતાં સફેદ બહુ જ આકર્ષકરીતે જીતી જાય છે.ઉકેલ માટે નીચે ઉલટાવીને જુઓ.

ઇનામી નિબંધ-હરીફાઇ

બળિયા, ઓરી, અછબડા, કૉલેરા, ક્ષય વગેરે જેવા ચેપી રોગોનાં કારણો તથા ઉપચારો વિષે ગુજરાતીમાં સંવાદરૂપે ૫૦૦ લીટીનો નિબંધ તા. ૩૦–૬–૬૫ સુધીમાં શ્રી પુ. હ. મહાજન લાયબ્રેરી કપડવણજને લખી મોકલી શકાશે. અન્ય વિગતો માટે પુછાવવું.

શતરંજના કોયડાનો ઉકેલ

1. Q–B6ch, K–R4; 2. Q–B5ch, K–R3; 3. B–K3ch, K–N2; 4. Q–N5ch, K–B1.

અહીં જો કાળો 4…K–R1 રમે તો રમત વધુ જલદી પૂરી થાય. 5 B–Q4ch, B–K4; 6B×Bch અને કાળો તેનો વજીર ગુમાવે છે.

5. B–B5ch, B–Q3 (ફરજિયાત, કારણ કે 5…K–K1 પછી 6 Q–K7 mate થાય છે); 6. Q–K5! હવે ઊંટ બન્ને તરફથી અણુઊઠ થયો. 6…K–N1; 7. B×B, Q–Q1. (8 Q–N5ch, K–R1, 9 B–K5chની ધમકીથી બચવા માટે ઉત્તમ ચાલ.) 8. Q–N3ch, K–R1; 9. B–K5ch, P–B3; 10. Q–N5!

ફરી બેવડો અણુઊઠ, પણ આ વખતે તેનો ભોગ પ્યાદું બને છે. હવે કાળો મ્હાત થશે કે વજીર ગુમાવશે. બેવડી અણુઊઠ 10 Q–R4? થી પણ થઈ શકત પણ તેમ કરતાં કાળાને Q–Q7chથી સફેદ ઉપર હુમલો કરવાની તક મળત અને હારમાંથી બચી શકત.

અનંત જે રૂપ મારું

ચન્દ્રકાન્ત શેઠ

• અછાંદસ કવિતા •

અનાઘ્રાત પુષ્પ સમું વિશ્વ.
એની શ્વાસે શ્વાસે પામતો સુવાસ;
તમિસ્રને જલ ખીલે પ્રકાશનાં દલ,
એનો હૈયા મહીં પલેપલ માણતો વિકાસ.

સૂર્યકરે ઉષ્મા મારા શોણિતની લહું,
વહું હૈયા મહીં વ્યોમનું ઊંડાણ;
સરોવરે જ્યોત્સ્ના-સ્પર્શે જલનો રોમાંચ,
એથી રોમરોમ પુલકિત પ્રાણ,

વિશ્વની ગતિનો અવિરામ લય કેવો
મારી પાંપણોમાં થતો સ્પંદમાન!
ડગે ડગે ઊઘડતાં નવાં પુષ્પે થતી મને
વસંતના વ્યાપ્યે જતા વિસ્તારની જાણ.

આજ મારા અસ્તિત્વને જલે ઊઠયા તરંગો
શા ક્ષિતિજોને ફેલાવતા વધે ચારે પાસ;
દશે દિશાઓનું એક કેન્દ્ર જાણે મારા મહીં,
મારી જાણે ભીતરમાં ઊડતાં આકાશ.

કેટલા હિમાદ્રિ માથે મૂકી ડગ ચાલું,
સાત સિન્ધુઓનું છલંગમાં આવી જતું માપ,
અનંતનો પારાવાર પદસ્પર્શે જાગી મારા
ઘૂઘવતાં મોજે મારા ભીંજે જાણે પાગ.
ખંડેરોની છાયા ઓઢી ભૂતકાળ પોઢયો,
એનું ખરેલાં ફૂલોમાં ઝમે ગીત
મુકુલે મુકુલે મારા સ્વપ્ને આંજી ભવિષ્યની
બીડેલી આંખોનું તરે સ્મિત.

ભૂત ને ભાવિના ગ્રહી હાથ, રહી સ્થિર
અનંતને દોરે દોરે ચાલું:
અંધકાર-તેજને વલોવી દેતા વેગે
કો દી હું જ મારી આજુબાજુ એવો ઘૂમું ગોળ,
ગોળ ગોળ લાગે મને ઘૂમતું બ્રહ્માંડ,
વહે નભગંગા નસે નસે પૂરમાં પ્રકાંડ.

અભ્ર વહે રંગ, તેમ વહું સૂનકાર,
મારી જિંદગીની તાજગીનો આંસુમાં ઝગાર;
કેટલાં યે રણ મારી છાયા મહીં આવીઆવી
લીલાં જાણે રણ બની ગાય.

પથ્થરોની વચ્ચે રહી પીગળતો જાઉં,
સૂનકારે ધીમે ધીમે ઓગળતો જાઉં,
દીપના પ્રકાશમાં કપૂર જેમ જલી,
એકાંતની મ્હેક બની પ્રસરતો જાઉં.

ક્યાંય ના દીવાલ, મને કોઈ નહીં આડ,
કિરણને કાચ, તેમ મને જડ પ્હાડ,
હું તો મુક્તગતિ, મારી યાત્રા અવિરામ.

ગામ ને નગરો મારી છાયા તળે ખીલ્યાં,
પંથ મારી પગલી મહીંથી સર્વ ફૂટયા.
આંહી કોલાહલે, લહું સ્વરની સુગંધ,
પાકા રસ્તે પગલીમાં ફરી ફરીપામું
હરિતાર્દ્ર ધરિત્રીનો મીઠો મૃદુ કંપ.

તારાઓમાં ભિન્ન મારાં અતીતનાં રૂપ ઝગે,
એમાં લહી સનાતન જીવનની ગતિ
મૃત્યુ જેમ હું ય બની રહું મૃત્યુંજય.

મકાનોમાં ગુફાઓ, ગુફાઓ મારા મહીં.
ક્ષણે ક્ષણ મારી લહું ત્રિકાળની છાંય.
સંસ્કૃતિનાં કેટલાં ય દર્પણોમાં જોયું.
કિન્તુ મારું સાચું રૂપ દર્પણોની બ્હાર.

પદે પદે મને હું તો પામવાને મથું.
અનંત જે રૂપ મારું, અનંત આંખોએ જોવા
નવે નવે રૂપ અહીં જન્મ ધરી રહું.

શમણાંના દીવા / ચંદ્રકાન્ત ટોપીવાળા

• ગાન •

નિંદરના વ્હેણમહીં શમણાંના દીવા!
પાંપણની પાર, તું ઓલે કિનાર,
તારાં રૂપ અહીં ભરીભરી પીવાં!—નિંદરના૦

ડોલંતા દીવડાના નાચે પડછાયા,
પડછાયે પડછાયે તારી એક છાયા,
વીંટાતી જાય મધુર છલનાની માયા!
પીતાંબર ફરકયું ને મોરપિચ્છ મલક્યું,
કુંડલત્યહીંઝળક્યું, ને સોહીરહી ગ્રીવા!—નિંદરના૦

ઊડે કદંબ, દોડે કાંઠા હિલ્લોળતા,
પંખીડાં મ્હેકે ને ફૂલો કિલ્લોલતાં,
ગોધણ ગોરંભે ને વાદળ વાગોળતાં,
જેને રે હેરું તે અમૂલખ હેરાય!
રહ્યાં કોઇ નહિ આજે નજીવાં!—નિંદરના૦

શૂન્ય / ચિનુ મોદી

પથ્થરને પોલાણ
શૂન્ય છલકતું બે કાંઠે પણ કોરાકટ પાષાણ.
—પથ્થરને૦

ગ્રીષ્મ બપોરે કાદવ-ખૂંપી મહિષીને બે નેણ,
કે મધરાતે પીપરડાળે કોઈ ઘુવડને વેણ,
સ્હેજ ડોકિયું કરી સરકતું શૂન્ય, અહીં રમમાણ
—પથ્થરને૦

પુષ્ટ કાયનો અજગર થઇ જે મુજને ભીંસે રોજ,
કોક દિન જે પ્હાડ સમાણો મન પર ખડકે બોજ;
ખરબચડું અંધારું ઓઢી એ જ રહે અણજાણ
—પથ્થરને૦

તો હું શું કરું

'પારસ'

• ગઝલ •

અંધકારે કૈં જ ના દેખાય તો હું શું કરું?
ને ઉજાસે આંખ જો અંજાય તો હું શું કરું?

ઝેર પાઇ શું જુઓ છો દુશ્મનો મારા તરફ?
ઝેર ભળતાં ઝેર અમૃત થાય તો હું શું કરું?

માત્ર એક જ માનવી મારા હૃદયમાં રે' છતાં,
સૌ મને દિલમાં વસાવી જાય તો હું શું કરું?

સૌ કહે ફરિયાદ કરવા દર્દ અનહદ દેખી, પણ
દર્દની દિલમાં કબર થૈ જાય તો હું શું કરું?

હોય છે એવા ય જે પૂજાય છે પામી પતન;
ફૂલ ખરેલાં હારમાં ગૂંથાય તો હું શું કરું?

કૈં તુફાનો સર કરીને પાર પ્હોંચે નાવડી,
પણ ડૂબેલા હોય જો આરા ય તો હું શું કરું?

દુશ્મનીનો ડર નથી એ સાવધાની શીખવે,
તો ય દુશ્મનમાં સ્વજન મારા ય તો હું શું કરું?

'નામ તેનો નાશ' 'પારસ' છે સનાતનસત્ય, પણ
પાનખર પ્હેલાં જ ફૂલ કરમાય તો હું શું કરું?

ભારતીય નૃત્યસૌંદર્યનું સંસારભરમાં ગૌરવ કરાવનાર

ઉદયશંકર [૨]

લેખક સુનીલ કોઠારી



ઉદયશંકરના અભિનવ પ્રયોગો અને નૃત્યે હવે એટલી હદે જાદુ કર્યું હતું કે ઠેરઠેરથી તેમને પ્રશંસા ને કીર્તિ પ્રાપ્ત થતાં હતાં. દેશભરમાં જાણે જુવાળ ઊઠયો હતો. ઉદયશંકરના પગલે પગલે રામગોપાલ, રાગિણી દેવી, ગોપીનાથ, નટરાજ વશી વગેરે અન્ય અગ્રણીઓએ પણ પોતાને ફાળે આવેલું કાર્ય બજાવવા માંડયું; અને દક્ષિણ ભારતમાં તો શાસ્ત્રીય પ્રકારોની પ્રાણપ્રતિષ્ઠા જુદી જ ચળવળને કારણે થવા માંડી.

ઉદયશંકરની આ સેવાઓના ઉપલક્ષમાં ઉત્તર પ્રદેશની સરકારે હિમાલયની છાયામાં આવેલા આલમોડાના સિમતોલા પહાડની ઉદયશંકરને ભેટ કરી. ત્યાં એમણે 'ઉદયશંકર ઇન્ડિયન કલ્ચર સેન્ટર'ની સ્થાપના કરીને નૃત્યશિક્ષણની ભવ્ય યોજના હાથ ધરી. નૃત્ય-જગતના ઇતિહાસમાં એ એક અપૂર્વ ઘટના હતી. એનો રોમાંચક ઇતિહાસ આજથી પચ્ચીસ વર્ષ પર 'કુમાર'ના '૨૦૦'મા અંકમાં સ્વ. ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈની રસપ્રદ કલમે આલેખાએલો છે.

પણ ગિરિપ્રદેશમાં આવેલું આ કેન્દ્ર લાંબો કાળ ટકી શકયું નહિ. અલબત્ત, એ ભવ્ય પુરુષાર્થરૂપ સ્વપ્ન હતું. એની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા સ્થિર થવા આવી હતી. ઇંગ્લૅન્ડ અને અમેરિકા–અને સવિશેષ તો ડાર્ટિંગ્ટન હૉલ તરફથી મળતી આર્થિક સહાયતાથી એ નૃત્યક્ષેત્રે મહાન કેન્દ્ર બની શકયું હોત. પરંતુ તેના અણધાર્યા અને સત્વર બંધ થવામાં અનેક કારણોએ ભૂમિકા ભજવી. સ્થળ ઘણું રમણીય પસંદ કર્યું હોવા છતાં ભારતીય લોકો માટે તે અતિશય દૂર હતું. એના સફળ સંચાલન માટે સુપરવાઈઝરો, મૅનેજરો વગેરે રાખેલા છતાં પ્રારંભથી જ તેની વ્યવસ્થામાં કંઈક ને કંઈક ડખલ રહ્યા કરેલી. વધારામાં બીજા વિશ્વયુદ્ધને કારણે ઉદયશંકર વિશ્વપ્રવાસો યોજી શકયા નહિ અને નાણાભીડ ભાંગી શકયા નહિ; એટલું જ નહિ, બહારથી પણ કશી મદદ મળી નહિ. જે કડક શિસ્તનું વાતાવરણ પ્રારંભમાં કેન્દ્રમાં પ્રવર્તતું હતું તે ક્રમેક્રમે લુપ્ત થઈ ગયું. થોડા જ વખતમાં ત્યાં વસતા કલાકારોમાં અંદરોઅંદર પ્રણયકથાઓ શરૂ થઈને લગ્નોનો જાણે રાફડો ફાટયો. તેમાં આ પ્રવૃત્તિના ધારક-બળ સમા ઉદયશંકરે કુ. અમલા નન્દી સાથે લગ્ન કર્યાં ને સામાન્ય શિસ્ત તૂટી. આશા રાખેલી તેવો આશ્રય શ્રીમંતો કે રાજરાજવીઓ તરફથી સાંપડયો નહિ; વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી; ભારતીય પ્રજા પણ આવા કેન્દ્રનું મહત્ત્વ સમજી નહિ અને આમ, તે અંતે બંધ કરવું પડયું.

ઉદયશંકર તેમજ તેમની પ્રતિષ્ઠા માટે આ ફટકો ભારે હતો. એ પચાવી જઇને કેન્દ્રને ફરી શરૂ કરવા તેમણે ભારતમાં તેમજ આંતરરાષ્ટ્રીય દેશોમાં રજૂ કરવા માટે 'કલ્પના' નામે સર્વપ્રથમ નૃત્યની ફિલ્મ ઉતારવા કમ્મર કસી, તેમાં પટાંતરે પોતાની મહત્ત્વાકાંક્ષા, અભિલાષા ને સ્વપ્નો નૃત્ય–સ્વરૂપે રજૂ કરવાની તેમની ધગશ હતી. અલ્ટ્રા–મૉડર્ન સેટ્સ, પોશાકો, કરામતો વગેરે દ્વારા એને ભવ્ય સફળતા સાંપડે તેવા મનોરથ હતા. પણ દુર્ભાગ્યે એ ફિલ્મને ભારે નિષ્ફળતા મળી. એની કલાત્મક છબિકલા, સુંદર રજૂઆત વગેરે છતાં ભારતીય પ્રજાએ તેને આવકારી નહિ અને ઉદયશંકર ખુવાર થઈ ગયા. પોતાની તમામ સંપત્તિ તેમણે તેમાં નાખી હતી એટલે આ નિષ્ફળતાએ તેમની સમગ્ર પ્રવૃત્તિ પર બીજો કારી ઘા કર્યો, જેમાંથી બેઠા થતાં તેમને ભારે પરિશ્રમ કરવો પડયો; તો પણ પૂર્વવત્ ઝલક તો ફરી દાખવી શકયા નહિ.

એ નૃત્યચિત્રમાં ઉદયશંકરની નૃત્યશૈલી તેના તમામ ઉત્તમ તેમજ પૂરા સ્વરૂપમાં પ્રગટ થએલી છે. ચલચિત્રનું માધ્યમ હોવાથી કેટલાક લાભ પણ તેને અનાયાસ મળે છે. છતાં એક 'બૉક્સ ઑફિસ હિટ' તરીકે એ સદંતર નિષ્ફળ પુરવાર થઈ. જોકે આજે હવે એ ભવ્ય સાહસની યથાર્થ કિંમત સમજાઈ છે. જાળવા મળ્યું છે કે તેના કૉપીરાઈટ માટે કંઈ તકરાર ચાલે છે અને હાલ ઉદયશંકર તેના કેટલાક અંશોને રંગીન રૂપે તૈયાર કરી પરદેશમાં ટેલિવિઝનની માંગ પૂરી કરવા ઉદ્યુક્ત થયા છે. જો એમને કાયદાની દષ્ટિએ કશી ગૂંચ ન નડે તો એ કલાકૃતિની આવી રજૂઆત ઉપકારક થઈ પડશે. વાસ્તવમાં તો સંગીત નાટક અકાદમીએ આવી કૃતિને 'નૅશનલ આર્કાઈવ્ઝ' માટે સંગ્રહી ઘટે.


'કલ્પના'ને મળેલી સરિયામ નિષ્ફળતા પછી ફરી એક વાર ઉદયશંકરે મંડળી એકઠી કરી ભારતભરમાં નૃત્ય–પ્રવાસો યોજી કાર્યક્રમો રજૂ કરવા માંડયા. પણ હવે સમય બદલાયો હતો. શાસ્ત્રીય નૃત્યપ્રકારો જાહેર સમારંભોમાં અનિવાર્ય અંગ તરીકે સ્વીકૃત થવા માંડયા હતા અને ઉદયશંકરની નૂતન નૃત્ય–શૈલીને સ્થાને એક જ કલાકારના શાસ્ત્રીય પ્રકારો (સોલો ડાન્સિઝ) રજૂ થવા માંડયા હતા; એને સારો એવો આવકાર પણ મળવા લાગ્યો હતો. અને હવે ઉદયશંકરનાં નૃત્યોમાં પણ કંઈક ઓટ આવેલી જણાતી હતી. તેમનું વય પણ હવે પચ્ચાસની ઉપર પહોંચ્યું હતું. પહેલાં જેવાં શક્તિ ને જોમ રહ્યાં ન હતાં. આર્થિક મુશ્કેલીઓનો પાર નહિ, અને બીજી બાજુ નાટકો, ચલચિત્રો અને શાસ્ત્રીય નૃત્યોનો જુવાળ વગેરે તત્ત્વો પણ કામ કરતાં હતાં. એટલે '૫૦ થી '૬૦ના દાયકામાં ધીરેધીરે એમનાં નૃત્યોની શૈલીને ફટકો પડયો. તેમનાથી છૂટા પડેલા ને કેન્દ્રમાં જ તાલીમ પામેલા કલાકારોએ સ્વતંત્ર મંડળીઓ સ્થાપી અને જૂની શાખ પર નભતી પેઢી જેવો વેપાર આરંભ્યો. ન તો તેમનામાં ઉદયશંકરની પ્રતિભા હતી કે ન હતું દર્શન. આજીવિકા અર્થે, કે નૃત્યોનો નાદ લાગવાથી, અધકચરી સમજ સાથે એ શલીનાં નૃત્ય ને નૃત્યનાટિકાઓ તે લોકો રજૂ કરતા. આ બધાંને કારણે આ શૈલીનાં નૃત્યો જ લોકાદર ગુમાવી બેઠાં. જેને 'બૅલે મૂવમેન્ટ'નું બહુ મોટું નામ આપી શકાય


જમણી બાજુ:
આલ્મોડાનું કલાકેન્દ્ર
છેડે: ઝોહરા
નીચે: ડાબી બાજુ
બાલાસરસ્વતીના
ભરતનાટ્યમ્ નૃત્યશૈલીના
વિખ્યાત ગુરુ
સ્વ. કંડપ્પા પિલ્લૈ
નીચે: જમણી બાજુ
ઉદયશંકરના કથકલીગુરુ
સ્વ. શંકરન્ નામ્બુદ્રી













ઉપર: ઉસ્તાદ
અલ્લાઉદ્દીનખાં
જ્યારે આલ્મોડા
કલાકેન્દ્રમાં હતા.
જમણી બાજુ:
સિમ્કી

તેવા પ્રયત્નોને તે અલ્પ પ્રતિભા ધરાવતા તેમના સહયોગીઓ જોખ આપી શક્યા નહિ અને એક સમર્થ કલાકારની ઉત્તમ સર્જન પ્રવૃત્તિનું સુભગ પરિણામ—નવાં સ્વરૂપો, સમસામયિક પરિબળોને નૃત્ય રૂપે રજૂ કરવાના ઉન્મેષો વગેરે—સાકાર થઈ શક્યું નહિ.

ઉદયશંકરની પ્રવૃત્તિની વિવેચના તો શરૂઆતથી જ થતી આવી છે. 'ઉદયશંકર 'ટ્રૅડિશનાલિસ્ટ' (પરંપરાગત) નૃત્ય કરનાર કલાકાર ખરા કે નહિ?' 'એમનાં નૃત્ય કયા પ્રકારમાં વર્ગીકૃત કરી શકાય?' 'તેમાંનું કેટલું કથક છે, કેટલું કથકલી છે?' વગેરે પ્રશ્નો ચર્ચાતા જ રહેતા. 'અમૃતબઝાર પત્રિકા'માં 'જી. એન.'ની સહીથી લખતાં એક કલાવિવેચકે શાસ્ત્રીય પરિભાષામાં લખેલું: "ઉદયશંકરનાં 'કરણ', 'અંગહાર' વગેરે નૃત્યની મૂળભૂત સ્થિતિઓનો ઉપયોગ, કેવળ 'કરણ-અંગહાર'ની દૃષ્ટિએ લેતાં મહત્ત્વનો જણાતો નથી. સમગ્રપણે જોતાં તો જે હેતુ માટે તેનો વિનિયોગ કરવામાં આવે છે તે હેતુ જ માર્યો જતો જણાય છે. 'રેચક'ના વિનિયોગમાં તો તેનો ઉપયોગ જરા યે કરતા નથી. 'પિંડીબંધ'ના વિનિયોગમાં શાસ્ત્રીયતાના ભોગે તે આપખુદ ઉપયોગ કરી રહ્યા છે. વળી જે મુક્ત રીતે 'કરણ'નો ઉપયોગ તેઓ કરે છે તેનો શાસ્ત્રમાં તો સર્વથા નિષેધ જ કરવામાં આવ્યો છે. મૂળ શાસ્ત્રીય ઘટકો પર તેમના આ નવતર પ્રયોગો કેટલા સ્વતંત્રરીતે સર્જનાત્મક છે તેનો નિર્ણય તજ્જ્ઞ વિવેચકોની પરિણત વિવેકશક્તિ પર જ હું તો છોડું છું.

અને એ વાત એક રીતે ખોટી પણ નથી. શાસ્ત્રીયતાનો અંધ ભક્તિથી ઉદયશંકર વિનિયોગ ક્યારે ય કરતા નહિ. તેમણે કથકલીના શ્રેષ્ઠ ગુરુઓમાંના એક શ્રી શંકરન્ નામ્બુદ્રી પાસે કથકલીનો અભ્યાસ કરેલો. આલ્મોડાના કેન્દ્રમાં તેમની સેવાઓ પણ નૃત્યો માટે લીધેલી. પણ 'બૅલે'ના સંયોજન કંમ્પોઝીશન, કોરીઓગ્રાફી, વગેરે માટે શાસ્ત્રીયતાની અતિશયતા ગાળી નાખી ભાવકોમાં કથનાત્મક અંશો કલાત્મક રીતે સંવેદ્ય–સંક્રાંત થઈ શકે તેવી રીતે તે પ્રયોજતા. શાસ્ત્રીય ધોરણે બધી ગતિવિધિ જડ શાસ્ત્રીયતાના ચોકઠામાં ન રાખતાં તેના જરૂરી અંશો ગ્રહી તેને ઉચિત પ્રમાણમાં ઉપયોગમાં લેતા. 'કરણ' (નૃત્યનાં વિવિધ સ્થાનકો)વગેરે તો, શિલ્પમાં જોવા મળતાં અંગમરોડ તથા દેહસ્થાનકોની રીતે તે ઉપયોગમાં લેતા. ધાર્મિક કથાનક વસ્તુઓવાળાં નૃત્ય-નાટ્યોમાં તે જોવા મળે છે.

ઉદયશંકર બહુ દેખાવડા, આકર્ષક વ્યક્તિત્વવાળા, બલિષ્ઠ અને નૃત્યક્ષમ દેહ ધરાવતા કલાકાર છે. તેમની હાજરીમાત્રથી 'સ્ટેઈજ' ભરાઈ જતું. એકલ નર્તન (સોલો ડાન્સ)–જેવાં કે કાર્તિકેય, ઈન્દ્ર, કૃષ્ણસુત પ્રદ્યુમ્ન, શિવતાણ્ડવ વગેરેમાં તેમની દેહછટા, વ્યક્તિત્વ, ગતિવિધિ, પ્રભાવ આદિ એવાં તો વર્તાતાં કે જાણે એ પાત્રો સદેહે પૃથિવી પર વિહરતાં ન હોય તેવો ભાસ થતો. પરંતુ કથકલીની પરંપરાગત મુખ-ભૂષા, પોશાકો, પ્રણાલિગત પ્રવેશ આદિમાં નૃત્યને તે ગૂંચવી ન મારતાં એ પાત્રોની ભવ્યતાને ન્યાય મળે તે રીતે નિરૂપતા. આવશ્યક હસ્તમુદ્રાઓનો બહોળો ઉપયોગ કરતા, પણ તેની જટાજાળ દુર્બોધ બનવા ન દેતા. અલબત્ત તેમણે પ્રયોજેલી ચાલવાની ઢબ વગેરે પૂરાં ભારતીય જણાતાં નહિ, પણ તેની પાછળ રહેલો આત્મા તો તંતોતંત ભારતીય હતો. તેમનાં નૃત્યોને એ અર્થમાં 'ભારતીય' જ કહી શકાય. પાછળથી જે કંઈક તિરસ્કારસૂચક 'ઓરીએન્ટલ ડાન્સિંગ' શબ્દ પ્રચારમાં આવ્યો તે તેમના નબળા અનુયાયીઓની અલ્પ પ્રતિભાને કારણે. અલબત્ત તેમની પોતાની શૈલી અનોખી હતી, સ્વતંત્ર હતી અને તેમની નિજી મુદ્રા ધરાવતી; અને તેથી આજે ય તેના ફોટોગ્રાફો અવલોકતાં કેટલાક અંગભંગ વગેરે સહજરીતે સ્વીકારી શકાતા નથી.

મેં કેવળ તેમની 'સામાન્ય ક્ષતિ' નૃત્ય-નાટિકા જોઈ છે. કથાવસ્તુ રવીન્દ્રનાથની એક નાની વાર્તા પરથી લીધું છે. રાણી નદીએ નાહવા જાય છે ને ત્યાં ટાઢ વાતાં તાપણું સળગાવવા કહે છે. ગર્વિષ્ઠ રાણી ઝૂંપડી બાળી નંખાવે છે. આગ નદીતટના બીજાં ઝૂંપડાં પર ફેલાય છે અને રાજા પાસે ફરિયાદ થતાં રાણીને રાજા પહેરેલે વસ્ત્રે વિદાય દઈ દે છે. ઘરોઘર ભિક્ષા માગતાં તે પ્રાયશ્ચિત્ત કરે છે તે પછી જ રાજા તેનો સ્વીકાર કરે છે. આ કથાવસ્તુને તેમણે નૃત્ય-નાટિકા રૂપે પ્રયોજ્યું છે. સંગીત રવિશંકરે આપેલું છે. સાથમાં ઉસ્તાદ અલીઅકબરખાં, અલ્લારખાખાં ને શ્રીમતી લક્ષ્મી શંકર હતાં. વસ્ત્રાભૂષણો, પાર્શ્વ જવનિકાઓ, દશ્યો વગેરે અમલા શંકરે પ્રયોજ્યાં હતાં. નૃત્ય-દિગ્દર્શનને કોરીઓગ્રાફી ઉદયશંકરનાં. તેમાં લોકનૃત્યો, કથકલીની મુદ્રાઓ, મુક્ત નૃત્ય વગેરે શૈલીઓનો ઉપયોગ કર્યો છે. ક્યારેક ગીતોથી, પણ બહુધા કેવળ વાદ્યસંગીત દ્વારા જ કથાવસ્તુનો મર્મ પ્રેક્ષકો લગી પહોંચે છે.

મને બેત્રણ પ્રસંગો ને કલ્પનાવ્યાપાર ઘણા નિજી ને સ્વતંત્ર જણાયા હતા. સામાન્ય જનો રાજા પાસે ફરિયાદ કરવા આવે છે ત્યારે પાર્શ્વસંગીતમાં કઠપૂતળીના ખેલમાં જે સીસોટી-પિપૂડીનો ઉપયોગ કરવામાં આવે છે તેવા સંગીતનો જાણે સંવાદ ચાલતો હોય તે રીતે ઉપયોગ કરવામાં આવે છે. પ્રાકૃત જનો ત્યારે બહુ જ સરળગમ્ય હસ્તમુદ્રાઓ ને હાવભાવ કરે છે. રાજા તરીકે ઉદયશંકર ત્યારે ઉત્તર આપતાં, ક્રોધ ભભૂકતાં, શિક્ષા કરતાં કથકલીની પરંપરાગત હસ્તમુદ્રાઓ ને રસાભિનય પ્રયોજે છે. બન્ને પદ્ધતિએ સંસ્કૃત પ્રણાલિગત નાટ્યરીતિનું ગૌરવ પણ જણાય છે ને સર્જક કલાકારતરીકેની પ્રતિભા વિશેષ ઉદયશંકર ત્યાં દાખવે છે. બીજું દશ્ય છે રાણી જલક્રીડા પૂર્વે વસ્ત્રો બદલે છે તેનું. ત્યારે રંગમંચ પર જ ફરતી સખીઓ વીંટળાઈ વળે છે ને અવગુંઠન દ્વારા, નૃત્ય કરતાંકરતાં, થોડી પળોમાં જ, ભિન્ન વસ્ત્રભૂષામાં રાણી જળક્રીડા કરતાં જણાય છે. આગ લાગે છે ત્યારે નર્તકવૃંદ હાથમાં કેસરી રંગના નાના ટુકડાઓ લઈ સંગીતના તાલેતાલે અગ્નિશિખાનું જે સમૂહનૃત્ય કરે છે તે આગના પ્રકાંડ તાંડવની લીલાને નૃત્યક્ષમ બનાવે છે. આવા કલ્પનાપૂર્ણ પ્રયોગો ઉદયશંકરે અસંખ્ય વાર એમની અનેક નૃત્ય-નાટિકાઓમાં કર્યા છે. રાણી પ્રાયશ્ચિત્ત કરી પાછી ફરે છે ત્યારે રંગમંચમાં 'વિંગ'માં જતી જણાય છે ને પળવારમાં તો પ્રેક્ષાગારને બીજે છેડેથી ખુદ પ્રેક્ષકોની જ મધ્યમાંથી પસાર થતાં રંગમંચ પર પ્રવેશી રાજાનો સત્કાર પામે છે! ઉદયશંકરની જાદુઈ ખેલોની તરકીબનો આ પ્રયોગ મને નૃત્ય-નાટિકામાં બાધારૂપ નથી લાગ્યો. તેમાં એક પ્રકારનું 'ઑડિયન્સ પાર્ટિસિપેશન' અનુભવી શકાય છે.

જીવી જાણનારા



સોળ વર્ષનો અમૃતલાલ

જીવન અને રાષ્ટ્રસેવામાં વીરતા દર્શાવવા માટે અપાતો ત્રીજા વર્ગનો અશોકચક્ર હમણાં આ સોળ વર્ષના એન. સી. સી. કડેટ અમૃતલાલને મળ્યો છે. ઈ. ૧૯૬૪ના માર્ચની પહેલી તારીખે પંચમઢીના એક બંગલાના ચોકીદારને શક પડ્યો કે એક ભાગેડુ નામચીન ગુનેગાર એ બંગલાના અનુસંધાન–આવાસમાં રહે છે. તેણે પોતાના ૧૬ વર્ષના પુત્ર અમૃતલાલને મુખ્ય મકાનની ચોકી સોંપીને બીજા ત્રણ સાથીદારો સાથે બંગલાના રસોડામાં મોરચો બાંધ્યો. રાતના આઠેકના શુમારે અમૃતલાલે એક વ્યક્તિને બંગલાની સીડી ચડતી જોઈ અને તેને પડકારી. પેલો તેના પર ખંજર લઇને ધસ્યો, એથી લેશમાત્ર નહિ ગભરાતાં એ સોળ જ વર્ષના કુમારે પોતાના ભાલા વડે હુમલો કરીને તેને ગંભીર રીતે ઘાયલ કર્યો. છંછેડાએલા ડાકુએ અમૃતલાલનો ભાલો છીનવી લઇને તેના વડે સામો હુમલો કર્યો. એટલે અમૃતલાલે બૂમાબૂમ કરી મૂકી અને ચોકીદારો આવી પહોંચે તે પહેલાં ડાકુ નાસી ગયો. પાછળથી તે ડાકુ એક નાળા આગળ ગંભીર રીતે ઘવાએલી હાલતમાં મળી આવ્યો અને ઇસ્પિતાલમાં મરણ પામ્યો.

મહાકવિ શેક્સપીઅરની ચોથી જન્મશતાબ્દી પ્રસંગે અપાતી તેનાં નાટકોની વાર્તાંતરમાળા-૧૩

સંક્ષેપકાર · ડૉ. મધુસૂદન પારેખ

સિમ્બેલીન

બ્રિટનના રાજા સિમ્બેલીનના રોષનો પાર ન હતો. એની એકની એક લાડકી દીકરી ઇમોજન એની જરા સરખી ય સંમતિ લીધા વિના બારોબાર એક જુવાનને પરણી ગઈ હતી. એ જુવાન પોતાનો જ આશ્રિત પૉસ્થ્યુમસ હતો એ સાંભળીને તો સિમ્બેલીનનો મિજાજ બરખિલાફ થઈ ગયો. એના દિમાગમાં ઝાટકો જ વાગ્યો. પૉસ્થ્યુમસ આવો નમકહરામ નીકળશે એવું તો તેણે કદી ધાર્યું ન હતું. પૉસ્થ્યુમસના પિતા સિસિલસ એના રાજ્યમાં ઉચ્ચ કક્ષાના લશ્કરી અધિકારી હતા. રોમનો સામેના યુદ્ધમાં ભારે શૌર્યથી જંગ ખેલીને અણીની વેળાએ એણે સિમ્બેલીનને કીમતી સહાય કરી હતી. એ જંગમાં જ હોમાએલા પોતાના બે પુત્રોનો કારમો આઘાત ન જીરવી શકવાથી સેનાપતિ સિસિલસ મૃત્યુ પામેલા. એમની પાછળ એમની પત્ની પણ સિધાવી ગઈ. એ દરમિયાન પૉસ્થ્યુમસે દુનિયાની રોશની જોઈ.

અનાથ પૉસ્થ્યુમસને સિમ્બેલીને પોતાની છત્રછાયા હેઠળ રૂડી પેરે ઉછેર્યો. એમાં ઇમોજન તેની સંગાથી બની. રમતમાં બચપણ વીતી ગયું. કિશોરકાળ પણ વિદાય લઈ ગયો અને યુવાનીની મોસમ બેઠી. પ્રેમનો મધુર ટહુકો બંને હૈયામાં ગુંજી રહ્યો. ઇમોજન પ્રેમના આ નવીન અનુભવથી ચંચલ બની ગઈ. પૉસ્થ્યુમસ વિના એ કરમાતી, એને જોતાં શરમાતી. પરંતુ એવી સંતાકૂકડી વધુ દિવસ ચાલી નહિ. ઇમોજનની અમીભરી આંખોએ ઇજન દીધું અને પૉસ્થ્યુમસે તે વધાવી લીધું. પિતાની પરવાનગી આ લગ્નમાં નહિ મળે એમ માનીને ઇમોજને સાહસ કર્યું. તે ખાનગીમાં પૉસ્થ્યુમસને પરણી ગઈ.

સિમ્બેલીનના સંતાપની સીમા ન હતી. વીસ વર્ષ પૂર્વે એના બે લાડકવાયા રાજકુમાર એકાએક રાજમહેલમાંથી ગેબ થઇ ગયા પછી માત્ર ઇમોજન તેના જીવનનો વિસામો હતી. ઇમોજનને જન્મ દઇને તેની માતા પણ મૃત્યુ પામી હતી. ઇમોજન તો તે સમયે સાવ ટચુકડી હતી. સથવારા વિના સૂનો બની રહેલો સિમ્બેલીન બીજી રાણી પરણ્યો. એ રાણી એક પુત્રને આંગળીએ લઈને આવી હતી. પરંતુ ઇમોજન તો મૃત રાણીની એકમાત્ર સ્મૃતિ હતી. ખૂબ સ્નેહથી એણે ઇમોજનનું જતન કર્યું હતું. એ ભલીભોળી દેખાતી છોકરી પોતાને છેતરીને પોતાના જ એક આશ્રિત સાથે પરણી ગઈ એ એને માથાવાઢ લાગ્યું. ઇમોજનને કેદ કરવાનો અને પૉસ્થ્યુમસને હદપાર થવાનો હુકમ તત્કાલ તેણે આપી દીધો.

નવી રાણી ભારે ઉસ્તાદ હતી. તેની ઇચ્છા ઇમોજનનું લગ્ન પોતાના પુત્ર સાથે કરવાની હતી. પૉસ્થ્યુમસ એના માર્ગમાં કાંટો હતો. પરંતુ ઇમોજન પ્રત્યે અપાર મમતા અને પૉસ્થ્યુમસ તરફ પણ અત્યંત સહાનુભૂતિનો ડોળ કરી તેણે એ બંનેની છેલ્લી ખાનગી મુલાકાત ગોઠવી આપી. પૉસ્થ્યુમસને ફરમાન મળી ચૂક્યું હતું. ઇમોજનનો જીવ શીકે ટિંગાયો હતો. પૉસ્થ્યુમસને જોતાં જ ઇમોજનનું હૈયું એની આંખોમાં ઉભરાઈ આવ્યું: 'વહાલા હૃદયનાથ, તું મારી વિદાય લઈશ... પછી મારો વિસામો ક્યાં?...' અને એનો કંઠ રૂંધાઇ ગયો: 'નાથ, તારા વિના જિંદગી કેમ જશે? તારા વિયોગ કરતાં તો મોત ભલું! કરી નાખું મારા જીવનનો ફેંસલો?...' પૉસ્થ્યુમસે એના કોમળ હાથ ગ્રહી લીધા. ઇમોજન ગળગળી થઈ ગઇ: 'પ્રિય પૉસ્થ્યુમસ! મોત મને વહાલ કરી રહ્યું છે... પણ ના. મારા હૃદયનું જવાહર આ જગમાં ક્યાંક વસે છે. એને પુનઃ પ્રાપ્ત કરવાની આશાએ હું જીવીશ!'

પૉસ્થ્યુમસે વહાલથી તેનાં આંસુ લૂછ્યાં: 'પ્રિય ઇમોજન, આંસુ નહિ, વિદાય આપ. હું જઇશ, પણ તને કેમ ભૂલીશ? દિનરાત–હમેશ તારા નામનું રટણ કરીશ. તારા હૃદયને સદાસર્વદા અધીન રહેવાનો મારો આ કોલ છે.' અને તેણે ઇમોજનના હાથમાં પોતાનો હાથ મૂક્યો: 'પ્રિય... ઇમોજન... હું મારા એક વડીલ ફિલારિયોને ત્યાં રોમમાં વસીશ. તારા પ્રેમપત્રોનો સદા ય તરસ્યો રહીશ. ઇમોજન! તારા અક્ષરે અક્ષરનું અમીપાન હું કરીશ, તારી હૃદયવાણી એ જ મારો જીવનવિસામો બની રહેશે. વહાલી ઇમોજન, હવે વિ...દા...ય!'

ઇમોજનની આંખ ફરી છલકાઈ ઊઠી. એણે હાથ પકડીને પૉસ્થ્યુ-



પૉસ્થ્યુમસને જોતાં જ રાજાની આંખોમાંથી ધિક્કાર વરસી રહ્યો: 'હરામજાદા! હજુ અહીં જ બેઠો છે?'

મસને રોક્યો: 'પ્રિય પૉસ્થ્યુમસ મારી આ વીંટી—મૃત માતાની છેલ્લી ભેટ આજે તને સોંપું છું. જીવની જેમ તેને જાળવજે ને—ને તારી ઇમોજનને સદા સ્મૃતિમાં રાખજે...' એટલું બોલી એ ફરી રડી પડી.

પૉસ્થ્યુમસે તેને નજાકતથી ગ્રહી ખૂબ સધિયારો દીધો અને પોતાના શાશ્વત પ્રેમના પ્રતીકરૂપે સોનાની પોંચી તેના હાથમાં પરોવી-પહેરાવી દીધી. ઇમોજનની આંખ જરાક હસી ત્યાં જ રાણીએ પ્રેરેલો સિમ્બેલીન ત્યાં આવી રહ્યો. પૉસ્થ્યુમસને જોતાં જ તેની આંખોમાંથી ફિટકાર વરસી રહ્યો: 'હરામજાદા! હજુ અહીં જ ભમે છે? હવે જો નજરે ચડયો તો તારું મોત છે!'

'હાય પ્રભુ!' ઇમોજન સમસમી ઊઠી: 'મોતથી પણ કાતિલ આ શબ્દો મારા નાથ માટે?' ભગ્ન હૃદયે એ પૉસ્થ્યુમસને જતો નિહાળી રહી. રાજા દીકરીની આ ઘેલછા જોઈ ખૂબ ખફા થયો. ભાન ભૂલીને એણે ઇમોજનને ધુત્કારી નાખી: 'બેવકૂફ છોકરી! તારી નવી માતાનો રાજકુમાર તને ખોટો પડયો, તે આવા નીચ સાથે સંબંધ બાંધ્યો? આવો ભિખારી તારો ભરથાર? શરમ છે તને!' ઇમોજન પતિ માટે આવાં વેણ સાંખી ન શકી. તેણે નમ્રતાથી કહ્યુ: 'પિતાજી, ધૃષ્ટતા લાગે તો ક્ષમા ચાહું છું, પરંતુ સમડી મૂકીને મેં ગરૂડ પસંદ કર્યો છે.'

'બેવકૂફ! નાદાન! રાજસિંહાસનને કલંક લગાડયું...'

'નહિ, પિતાજી...રાજગાદીનું ગૌરવ વધાર્યું છે.'

રાજાની આંખોમાં ફિટકાર જોઈ તેણે ફરી કહ્યુ: 'પિતાજી મારા પતિ તરીકે મેં પૉસ્થ્યુમસને પસંદ કર્યો તે શું મારો દોષ છે? તમે બચપણથી એને મારી સોબતમાં મૂકયો; અમે સાથે જ રમ્યાં, ભણ્યાં. અને હવે પરણ્યાં એ દોષ થઈ ગયો? અને એનામાં ત્રુટિ શી છે? ગરીબી એ જ તેનો ગુનો?'

ઇમોજનનો આવો ઉપચાર રાજાને વધુ દઝાડી ગયો. ઇમોજનને કોટડીમાં પૂરી દેવાનો તેણે હુકમ કર્યો. રાણીએ આવીને વાત વાળી લીધી. રાજાને શાંત કરીને વિદાય કરી દીધો અને મીઠાશથી ઇમોજનને ભોળવવા માંડી. ત્યાં પિસાનિયો ચોંકાવનારા સમાચાર લાવ્યો.

પિસાનિયો એ પૉસ્થ્યુમસનો વિશ્વાસુ સેવક હતો. રાણીનો પુત્ર ક્લોટન પૉસ્થ્યુમસ પર ખૂબ ખારે બળતો હતો. એ ન હોત તો ઇમોજન એને માટે આસાન હતી. પણ કબાબમાં હાડકાની જેમ એ નડયો અને પોતે રખડી પડયો. દેશપાર થતા પૉસ્થ્યુમસને તેણે અવળચંડાઇથી ચીડવ્યો. પૉસ્થ્યુમસે રમતમાત્રમાં તેને તલવારના બે લસરકા કરી તગેડી મેલ્યો! પિસાનિયોની આ વાત સાંભળી પતિના પરાક્રમ પર ઇમોજન મુગ્ધ થઈ ઊઠી, પરંતુ રાણીના કાળજે તો ઝેર રેડાયું. ઈર્ષ્યા ને દ્વેષના તણખા એના દિલમાં તડાતડ ઊડવા માંડયા. ઇમોજન, પૉસ્થ્યુમસ ને આ પિસાનિયો સુદ્ધાંનું કાસળ કાઢવા તે તલપી રહી.

ઇમોજન એના પતિની વહાણમાં વિદાય વેળાના વર્ણનનો એકે એક અક્ષર સાંભળવા ટાંપી રહી હતી. રાણી ગઈ કે તરત જ એની ઉત્કંઠા પ્રગટ થવા માંડી: 'તું તો ભાગ્યશાળી નીવડયો. હું જ હૈયાફૂટી છેલ્લે સફળ જળયાત્રાની શુભેચ્છા પાઠવવા પણ ન આવી શકી. પણ હેં પિસાનિયો! છેલ્લે જતાં જતાં એ શું બોલ્યા? મને સંભારી હતી?'

'છેક છેલ્લે સુધી જીભ પર આપનું રટણ હતું.' પિસાનિયોએ બધી હકીકત કહી. પરંતુ ઇમોજનને ધરવ થતો ન હતો: 'અને પછી?'

'પછી એમણે રૂમાલ ફરકાવ્યો...'

'એમ?...એમ? હાં, પછી?'

'એ રૂમાલને એમણે ચૂમ્યો...'

ઇમોજને નિશ્વાસ નાખી હૈયે હાથ મૂકયો: 'રેશમનો એ નિર્જીવ કટકો પણ કેવો સદ્ભાગી! હું જ હતભાગી...હાં, પછી?...પછી?'

'એમણે કિનારો દેખાય ત્યાં સુધી હાથ અને રૂમાલ અને હૅટ ફરકાવ્યા જ કર્યાં...જીવ કિનારા પર હતો, "જીવન" દૂર ખેંચતું હતું.'

'અરેરે...છેલ્લા વિદાયચુંબનની પણ લહાણ મળી હોત!...પરંતુ પિતાના રોષના ઝંઝાવાતમાં પ્રેમની પાંદડી તરફડી ઊઠી!'

ઇમોજનને હજી તો સૌભાગ્યનાથની ઘણીઘણી વાતો પૂછવી હતી, પણ રાણીનું તેડું આવ્યું એટલે તેને જવું પડયું.

પૉસ્થ્યુમસ રોમ પહોંચી ગયો અને એના વડીલ ફિલારિયોની સાથે તે રહ્યો. દિવસો વીત્યા. ઇઆકીમો નામના એક રોમન સાથે તેને મૈત્રી થઈ. અવારનવાર આ મિત્રોની મુલાકાત થતી અને ગપગોષ્ઠિમાં અલકમલકની ચર્ચાઓ ચાલતી. એક પ્રસંગે સ્ત્રી-જાત વિષે વાત નીકળી. એમાંથી ચર્ચા ચગી. ઇઆકીમોનો સ્ત્રીઓ વિષે સાવ કનિષ્ઠ ખયાલ હતો: 'સ્ત્રીમાત્ર ચંચળ...એને ચપટીમાં ચલિત કરી શકાય.'

એક ફ્રેંચ મિત્રે પણ તેને ટેકો આપ્યો. ઇમોજન પૉસ્થ્યુમસને હૈયે જ હતી. તે હોઠ પર આવી: 'મહેરબાન, તમે ભૂલો છો. બ્રિટનની રમણીને તમે હજુ જાણી નથી.'

'બ્રિટન કે રોમ, ગમે ત્યાં જાઓ; સ્ત્રીજાત બધે સરખી!'

પૉસ્થ્યુમસે પોતાની ઇમોજનની વાત કરી: 'એવી પણ સ્ત્રી જગતમાં જીવે છે. એ કદી લાલચ કે ધમકીને વશ નહિ થાય. એ સુશીલ છે. એનામાં મને પૂર્ણ વિશ્વાસ છે.'

ઈઆકીમો: 'સુ-શીલ નારી હજુ જગતમાં જન્મી નથી.'

'જન્મી છે, જીવતી છે. તમારા ઈટલીમાં કદાચ એ નહિ હોય!' પૉસ્થ્યુમસે જરા આવેશમાં આવી જઈ કહ્યુ. ઇઆકીમોને આ પડકાર સાંભળી ચૂંક આવી. બ્રિટનની રમણી રોમની નારીથી ચારિત્ર્યમાં ચડિયાતી હોય જ કેમ? વાત ચડસે ચડી. તેણે હઠીલાઈથી કહી દીધું: 'ખ્વાબમાં મહાલ્યા કરો તો ભલે, બાકી હું તમારી વાત માનવા જરા ય તૈયાર નથી. તમે કહેતા હો તો શરત લગાવવા તૈયાર છું.'

પૉસ્થ્યુમસે તરત શરતનો પડકાર સ્વીકારી લીધો: 'અહીં પોતાની પત્નીના ચારિત્ર્યનો-સ્વમાનનો પ્રશ્ન હતો. રોમની રમણી ગમે તેવી ભલે હોય, પણ ઇમોજન તો સુ-શીલ છે.' એને પત્નીમાં પૂર્ણ શ્રદ્ધા હતી.

ફિલારિયોએ આ ટંટા પર ટોપલો ઢાંકવા પ્રયાસ કરી જોયો, પણ ઈઆકીમોને કાળજે બળતરા થતી હતી. તેણે શરત નક્કી કરી: 'તમારી એ સુ-શીલ પત્નીના શીલ પર ચોકડી ન લગાવી આવું, એને ચારિત્ર્યભ્રષ્ટ ન કરી આવું તો દસ હજાર ડુકેટ હોડમાં ગુમાવવા તૈયાર છું.'

પૉસ્થ્યુમસે પોતાની અમૂલ્ય ચીજ હોડમાં મૂકી: 'મારી પત્નીની આ પ્રેમભેટ-વીંટી હું હોડમાં મકું છું. એ ભ્રષ્ટ પુરવાર થાય તો મહામૂલ્યવાન વીંટી તમારી...'

'હજુ વિચાર કરી જુઓ...' ઈઆકીમોએ કહ્યુ: 'તમે હજુ એ અળવીતરી જાતને ઓળખતા નથી. વફાદારી એના લોહીમાં જ નથી. એક લાખ રૂપિયે ડ્રામના ભાવનું સ્ત્રીનું માંસ લાવીને ગમે તેટલા જતનથી તેને સાચવો તો ય તે ગંધાયા વિના રહે નહિ.'

'તમારો પડકાર હું ઝીલી લઉં છું. મારી ઇમોજન ચારિત્ર્યસંપન્ન છે. એના શીલનો મને વિશ્વાસ છે.'

'ભલે ત્યારે. તમારી એ સુ-શીલ પત્ની જો ભ્રષ્ટ ના થાય તો દસ હજાર ડુકેટ તમારા. મને તો ખાતરી જ છે કે તમે વીંટી ખોઈ!'

'પણ પુરાવો આપવો પડશે.'

'જરૂર...પુરાવા વિના વાત જ નહિ. હું મહોબત ને રંગરાગ માણીશ તેનો નક્કર પુરાવો આણીશ.' ઈઆકીમોએ તૉરમાં જવાબ દીધો.



શયનખંડમાં પડેલી પેટીનું બારણું હળવેથી ઊઘડયું અને...
(બંને ચિત્રોના આલેખક: ગૉર્ડન બ્રાઉન)

બંને જણે કરાર લખી પણ નાખ્યો. ક્લિારિયોએ બંનેને બહુ સમજાવ્યા, પણ રમતમાંથી વાત મમત પર ચડી ગઈ હતી.

પૉસ્થુમસ દેશનિકાલ થયો તે પછી રાણીએ પિસાનિયોને સાધી જોયો: 'જો પિસાનિયો, તારે માટે સોનાની તક આવી છે. તારો માલિક હવે દેશપાર છે. એ કદી પાછો આવી શકવાનો નથી. એને સેવવાથી તને શો લાભ?' પિસાનિયોનું માપ કાઢતી હોય તેમ તે થોડી પળ તેને જોઈ રહી. પછી ધીમે રહીને પોતાની વાત મૂકી: 'તું જો ઇમોજનને મારા ક્લોટન સાથે લગ્ન કરવાનું સમજાવે તો તારા ભાગ્યનું પાંદડું ફરી જશે. ઇમોજન નાદાન છે. માબાપની સંમતિ વિનાનાં એનાં લગ્ન ફોક જ કહેવાય. ક્લોટન તેને ફૂલની જેમ જાળવશે. તું ઇમોજનને મારા પુત્રની મોહિની લગાડ...'

પિસાનિયો આ ઓરતના ઓરતા સાંભળી જ રહ્યો.

'અને જો...' રાણીએ તેને તંદ્રામાંથી જગાડયો: 'આ તારું ઈનામ. એ એક અજોડ ઔષધની શીશી છે. મહારાજા પોતે એ ઔષધની સહાયથી પાંચપાંચ વાર મૃત્યુમુખમાંથી ઊગર્યા હતા. એ શીશી તું રાખ. તને પણ એ ક્યારેક જીવતદાન આપી જશે. પણ તારું કાર્ય ભૂલીશ મા. તારા નસીબે સોનાનો દિવસ ઊગશે.'

પિસાનિયો કશું જ બોલ્યા વિના ચૂપચાપ ત્યાંથી ચાલવા માંડયો. રાણી ધિક્કારથી તેને જતો જોઈ રહી: 'પાકો શઠ લાગે છે! એના માલિકનો નેડો હજુ છૂટતો નથી! પાજી કૂતરો!' પણ પછી એ મલકાઈ ઊઠી: 'મારી તહેનાતમાં નહિ આવે તો મોતની તહેનાતમાં જશે. શીશીમાંથી એ ઔષધ પીશે કે ખેલ ખલાસ! અને ઇમોજન એ પીશે તો ય શું? એક પાપ ઓછું!'

થોડા દિવસ પછી પૉસ્થુમસ પાસેથી ઓળખપત્ર લઈને ઈઆક્રીમો ઇમોજનની મુલાકાતે આવ્યો. પતિના મિત્રનું તેણે ઉમળકાભેર સ્વાગત કર્યું. પતિના શુભ સમાચાર સાંભળી તે પુલકિત થઈ ઊઠી. ઇમોજનના મુખ પર ચારિત્ર્યની આવી સુરખી જોઈ ઈઆક્રીમો જરી ચિંતામાં પડયો: 'આ પંખી પંજામાં આવશે? દસ હજાર ડુકેટ ખોયા કે શું?' પણ તેણે હિંમત બાંધી. પૉસ્થુમસની વાત કરતાંકરતાં તેણે હળવે હળવે ઇમોજનના સૌંદર્યની પ્રશંસા કરવા માંડી. ઇમોજનના મધુર સાલસ સ્વભાવનો ગેરલાભ લઈ તેણે એ દિવ્ય રૂપની પૂજા કરવાનો પોતાનો મનોરથ પ્રગટ કર્યો. એ રૂપસુંદરીની જીવનભર સેવા કરવાના શપથ તેણે લેવા માંડયા, ઇમોજન ચમકી ઊઠી. તેણે ઈઆક્રીમોની વાત અધવચથી જ તોડી પાડી તેના ઊધડા જ લેવા માંડયા. ઇઆક્રીમો ઝંખવાણો પડી ગયો. અહીં દાળ ગળે તેમ નથી એમ જોઈ તેણે આખી બાજી ફેરવી તોળી અને ઇમોજનની ખૂબ ખૂબ ક્ષમા માગી.

પતિના પરમ મિત્રની ગેરવર્તણૂક ઇમોજન સરળતાથી ભૂલી ગઈ અને તેને વધુ શરમિંદો કર્યો નહિ. ઇમોજનનો અત્યંત સરળ સ્વભાવ સમજી લઈને વાત વાતમાં ઇઆક્રીમોએ કહ્યુ: 'આપને હરકત ન હોય તો... એક યાચના કરું?...અમે અમારા મહારાજાને નજરાણું આપવા ઝવેરાત ખરીદ્યું છે. આપના પતિએ એમાં ઉત્કટ રસ લીધો છે. એ ઝવેરાતનું જોખમ હું સાથે લઈને ક્યાં ફરું? આપને જો તકલીફ ન હોય તો એ આભૂષણોની પેટી આપની છત્રછાયા હેઠળ રાખો. મને એથી ધરપત રહેશે. મારાં માણસો કાલે તો એ પેટી આપને ત્યાંથી પાછી લઈ જશે. માત્ર થોડા કલાકોની મુસીબત છે...' પતિને નામે આ વાત થઈ એટલે ઇમોજને તે સહર્ષ સ્વીકારી લીધી. ઈઆક્રીમોના માણસો ઝવેરાતની મોટી પેટી ઇમોજનના રક્ષણ હેઠળ મૂકી ગયા.

ઇમોજનનો એ દિવસ સુધરી ગયો. પતિનું સ્મરણ કરતાં કરતાં તે સૂતી...અને ઘસઘસાટ ઊંઘી ગઈ. મધરાત ધીમેધીમે વીતવા લાગી. બધે નીરવ શાંતિ હતી. એકાએક સહેજ સળવળાટ થયો. એના શયનખંડના ખૂણામાં રહેલી પેટીનું ઢાંકણું હળવેકથી ઊઘડયું. એમાંથી એક ડોકું બહાર આવ્યું. ધીરેધીરે પેટીનું ઢાંકણું આખું ખૂલી ગયું. એમાંથી ચૂપચાપ ઇઆક્રીમો બહાર નીકળ્યો. અત્યંત ચૂપકીદી જાળવીને સાવ હળવે કદમે તે ઇમોજનની શય્યા પાસે આવ્યો. નિદ્રાને ખોળે વિલ-

સતી લાવણ્યવતી ઇમોજનનું રૂપ એ ધરાઈને પી રહ્યા...એના શ્વાસમાંથી પ્રસરતી સુગંધે એનું દિમાગ તરબતર થઈ રહ્યું. બે બીડાએલા હોઠની સુધા ચૂસી લેવાની તીવ્ર લાલસા મહાપરાણે તેણે રોકી. તે સૌંદર્યના કેફમાં ચૂર બની ઇમોજનના ઉત્તમાંગ આગળ ધકેલાયો. એના દેહ પર ઝળૂંબ્યો...અને અત્યંત સાવધાનીથી ઇમોજનના હાથની પોંચી તેણે સેરવી લીધી. ઇમોજનની છાતી પરના તલ પર તેની લાલસાભરી નજર ઠરી રહી. એના હૈયાની ધડકન તે લુબ્ધ બનીને સાંભળી રહ્યો. છૂટી ગએલું મનોબળ માંડમાંડ ભેગું કરીને તે ત્યાંથી ખસ્યો. આખા શયનખંડનો ચિતાર તેના ચિત્તમાં અંકાઈ ગયો... ઘડિયાળમાં ત્રણના ટકોરા પડ્યા. એ સચેત થયો. ધીરે રહીને પાછો એ પોતાની પેટીમાં સમાઈ ગયો.

ઇમોજન ઊઠી ત્યારનો જ એનો જીવ ખાટો થઈ ગયો હતો. એની સોનાની પોંચી ક્યાંક જતી રહી હતી. શાશ્વત પ્રેમના પ્રતીક જેવી એ પોંચી વિના એનો જીવ ચૂંથાતો હતો. રાત સુધી તો એ હાથ પર હતી. તો એકાએક તે ગઈ ક્યાં? કોઈ તેને શોધી શક્યું નહિ. અત્યંત પરિતાપ વેઠતી ઇમોજન હૈયાસૂની બનીને બેઠી હતી, ત્યાં ક્લોટન તેને પજવવા આવ્યો. તેણે પ્રેમનું પિંજણ શરૂ કર્યું. ઈમોજન ત્રાસી ગઈ. તેની બધી ચીડ ક્લોટન પર નીકળી: 'તમે પ્રેમના પાટલા ફાડશો જ નહિ; તમને જોતાં જ મને ધિક્કાર છૂટે છે.' આ લપડાકથી ક્લોટન રીંછની જેમ છંછેડાયો: 'પેલો ડામીસ...તારો ધણી થઈને બેઠો છે એ તને વહાલો લાગે છે, કેમ? તારા બાપને છેતરીને તું એ ભિખારડાને પરણી બેઠી...પણ એ તો કમોતે મરવાનો છે...'

'એ ભલે ગમે તેવા હશે. પણ તમે તો એના પોશાકના ચીંથરાની તોલે ય આવો તેમ નથી, સમજ્યા?' ઇમોજને ટોણો લગાવ્યો.

'એમ...? હું ચીંથરા જેવો...કેમ? આટલો બધો મિજાજ ફાટ્યો છે...તે હમણાં તારા બાપને આ વાત હું કહું છું.'

'સાથે સાથે તમારાં માતુશ્રીને પણ કહેજોને! શોભા વધશે!' આ અપમાનનું વેર લેવાની બૂમો પાડતો ક્લોટન પગ પછાડતો ચાલ્યો ગયો. પતિએ આપેલી પોંચી માટે જીવ બાળતી ઇમોજન બેસી રહી.

ઈઆકીમો ઉત્સાહભેર રોમ પાછો ફર્યો: 'પૉસ્થ્યુમસે તેને આટલો બધો વહેલો પાછો ફરેલો જોઈ તરત વધાવ્યો: 'કેમ મહાશય, ખૂબ વહેલા આવી ગયા? લીલા તોરણે કે?'

ઈઆકીમોએ આ મજાક ધ્યાન પર ન લેતાં પૂરી ગંભીરતાથી પોતાની પ્રેમલીલા વર્ણવવા માંડી: 'મહેરબાન, તમે ખાટ્યા છો. તમારી પત્ની જેવી સુંદર સ્ત્રી જગતમાં જડે નહિ. મેં એના રૂપની તારીફ કરી...એ પીગળી...મેં પ્રેમની યાચના કરી...એ મને વશ થઈ...'

'બિલકુલ ખોટું! તદ્દન અશક્ય! જૂઠી વાત!'

'સાચેસાચ, બિરાદર! એની સાથે મારી રાત અમનચમનમાં વીતી...આહ! એ પ્રેમનાં સ્મરણોનો કેફ હજુ ઊતર્યો નથી...'

'નરાતાળ જૂઠ! સાબિતી ક્યાં છે?' પૉસ્થ્યુમસ ઝુસ્સાથી બોલ્યો.

ઈઆકીમોએ પૉસ્થ્યુમસની ઠઠ્ઠા ઉડાવતો હોય તેમ લહેરથી ઇમોજનના શયનખંડની એકે એક વિગત વર્ણવવા માંડી. પૉસ્થ્યુમસ જરા છોભીલો પડ્યો, પણ છંછેડાઈને તે બોલી ઊઠ્યો: 'આ કંઈ સંગીન પુરાવો નથી. આ વર્ણન તો તમે કોઈની પાસેથી પણ સાંભળી લીધું હોય...કદાચ મેં પણ કહ્યું હોય!'

'ભલે, મહેરબાન...' મુસ્કરાટ કરતો ઈઆકીમો કહેવા લાગ્યો: 'લ્યો, આ બીજી સંગીન સાબિતી!' અને તેણે ઇમોજનના હાથમાંથી સેરવી લીધેલી પોંચી સંભાળપૂર્વક પોતાના પાકીટમાંથી કાઢીને આપી: 'તમે જ આ પ્રેમભેટ ઇમોજનને આપી હતીને? એ પ્રેમભેટ તેણે મને દીધી! હવે તો સંગીન પુરાવો સાચોને?'

પૉસ્થ્યુમસે પોંચી જોઈ...એના મુખ પરથી નૂર ઊડી ગયું. 'એ જ પોંચી...મારી પ્રેમભેટ...ઇમોજન...બે...બેવફા ઇમોજન...!'

ફિલારિયો વચમાં બોલી ઊઠ્યો: 'આ પોંચી પણ કદાચ તેના હાથમાંથી પડી ગઈ હોય. કદાચ એની દાસીએ ચોરીને તમને સોંપી હોય...'

પૉસ્થ્યુમસનો ચહેરો ફરી ઝળકી ઊઠ્યો: 'બરાબર...આ પુરાવો પણ ચાલી શકે નહિ...તમે બીજી કોઈ નિશાની આપો...'

ચીડાઈ ગએલો ઈઆકીમો હવે માઝા મૂકીને બોલવા માંડ્યો: 'હજુ, તમને ખાતરી નથી થતી? આવું બીજો સંગીન પુરાવો? સાંભળો...' પૉસ્થ્યુમસનો શ્વાસ અદ્ધર થઈ ગયો.

'ચમકશો નહિ. તમારી પત્નીનાં સ્તન વચ્ચે નાનકડો તલ હતો. મેં એ વારંવાર ચૂમ્યો! ઓહ...હજુ તૃપ્તિ થઈ નથી! તૃષા રહી ગઈ!' અને એણે એવો બીભત્સ ચાળો કર્યો કે પૉસ્થ્યુમસ ઘૃણાથી કંપી ઊઠ્યો. એનાં રૂંવાં ખડાં થઈ ગયાં! 'કલંકિની...ઇમોજન...કુલટા... મારે માથે શીંગડાં ઉગાડ્યાં?!' ઇમોજન અહીં હાજર હોય તો એના અંગેઅંગને ચીરી નાખવા એના હાથ ચળવળી રહ્યા. ધિક્કારથી એણે હોઠ પર એવા દાંત ભીંસ્યા કે લોહીની ટશર ફૂટી આવી. એકદમ બ્રિટન પહોંચીને ભર દરબારમાં તેના બાપની હાજરીમાં તેને ઢૂંપો દેવાની તમન્ના તેના અંતરમાં જોરજોરથી ઊછળી રહી.

ઈઆકીમો વિજેતા બની વીંટી પહેરીને મલકાઈ રહ્યો; પણ પૉસ્થ્યુમસના દિલમાં અંગારા જલતા હતા. ઇમોજનને પોતે કેવી કલ્પી હતી? છેક શૈશવથી તેની સંગાથી કેવી શુભ્રશ્વેત! કેટલું બધું હેત! એ બધો જ શું પ્રપંચ હશે? આ માતેલા રીંછ જેવો...પીળિયો ઈઆકીમો...! માત્ર આટલા ટૂંકા સમયમાં ઇમોજનને...એનું ચિત્ત ચકરાવે ચડ્યું. 'એ દુષ્ટ ઈઆકીમો ભલે બોલતો ન હોય, પણ... એણે ચાળો કર્યો! ઓહ! ખરેખર? ખરેખાત...? ઇમોજનને એણે... ઓહ! ઓહ!' પૉસ્થ્યુમસને કમકમાં આવી ગયાં. 'એ મક્કાર ઓરતે મારી મર્દાઈને લાંછન લગાડ્યું!' તેણે જોરથી મુઠ્ઠી વાળી, ફરી હોઠ પીસ્યા અને...એકદમ કંઈક નિર્ણય કરી તે પોતાના આવાસમાં દોડ્યો.

ઈમોજને પૉસ્થ્યુમસનો પ્રેમપત્ર વાંચ્યો અને આનંદથી નાચી ઊઠી. પત્રનો એકેએક અક્ષર તેને વહાલ કરતો દેખાયો. વારંવાર તેણે પત્રને હૈયે હોઠે ચાંપ્યો...ફરીફરી વાંચ્યો...

પ્રાણાધિક ઇમોજન,

તારા પિતાનો ખોફ ખતરનાક છે પણ તારો વિરહ તેથી પણ વધુ ખતરનાક છે. જિંદગીનું જોખમ ખેડીને તારો દીવાનો થઈ દોડી આવું છું. મિલ્ફર્ડ હેવનમાં મને મળજે. તારી નજરનું નજરાણું ધરજે...

સદાનો તારો, પૉસ્થ્યુમસ

ઇમોજન હર્ષઘેલી બની ગઈ. મોતનું જોખમ ખેડીને પણ મોતી પામવા મરજીવો આવ્યો ખરો! પંખાળા અશ્વ પર આરોહણ કરીને તત્કાળ મિલ્ફર્ડ હેવન પહોંચી જવાની તેને તમન્ના થઈ આવી. તેણે પિસાનિયોને બોલાવ્યો. આનંદના કલશોરથી એણે પિસાનિયોને વધામણી આપી: 'મિલ્ફર્ડ હેવન કેટલું દૂર? પિસાનિયો, આપણે ક્યારે નીકળીશું? મારું ઉર તો ક્યારનું ય ત્યાં દોડી ગયું છે. ઉરને વળી દૂર શું?' પરંતુ ઇમોજનના ઊર્મિઉછાળા તરફ પિસાનિયો સાવ બેધ્યાન હતો. એને મૂઢોમંતર જોઈને ઇમોજનને આશ્ચર્ય થયું. પણ એ પાછી આનંદના ઘેનમાં ડૂબી ગઈ. પિસાનિયો ભારે દુ:ખમાં ડૂબી ગયો હતો. ઇમોજનને પ્રેમમસ્ત જોઇને તે વિમાસણ અનુભવતો હતો: 'કેવી ભોળી-નિષ્પાપ છોકરી! સ્વામીને મળવા કેવી તલખે છે! આ ભોળી બાળાનું મોત મારે હાથે? આ પાપ મારે માથે?'

એના ચિત્તમાં તુમુલ તોફાન મચી રહ્યુ. એણે એકાંતમાં જઈ માલિકનો પોતાના પર આવેલો પત્ર ફરી વાંચ્યો. એક એક અક્ષર એને ધમકાવી રહ્યો હતો, ઇમોજનના ખૂનનો આદેશ આપી રહ્યો હતો! એણે ફરી એ લીટી વાંચી: 'ઇમોજન આપમેળે ત્યાં આવશે...એનું ખૂન કરી નાખજે.' ખોયણાની જેમ એ લીટી એના દિલમાં ચંપાઈ રહી. પત્રની વિગતો એના અંતરમાં ઉછાળા મારી રહી. પેલા નરાધમ ઈઆકીમોને એ શાપ આપી રહ્યો: 'એનું જ આ બધું તરકટ! એણે જ માલિકના કાનમાં શંકાનું વખ રેડયું. એ ઈઆકીમોનું મૂળ જજો!'

ઇમોજન અને પિસાનિયો રાજ્યમાંથી છૂપી રીતે નાસીને મિલ્ફર્ડ હેવન આવી પહોંચ્યાં. પૉસ્થ્યુમસને મળવા ઇમોજન અધીર બની ગઈ હતી. પણ એ ક્યાં હતો? અને પિસાનિયો એની તરફ વિચિત્ર નજરે તાકી રહ્યો હતો, શા માટે? ઇમોજન વ્યાકુળ બની ગઈ: 'પિસાનિયો, મને ડર લાગે છે! તું આમ કેમ કાતર નજરે જુએ છે? તારા માલિક ક્યાં છે? બોલ, પિસાનિયો, સાચું કહે. મારો જીવ મૂંઝાય છે.'

મહાપરાણે પિસાનિયોએ માલિકનો પત્ર કાઢીતેના હાથમાં મૂક્યો. ઇમોજનની આતુર નજર અક્ષરો પર દોડાદોડ કરી રહી: 'ઇમોજને મારી શય્યા ભ્રષ્ટ કરી છે' એ લીટી વાંચતા જ તેની આંખે અંધારાં આવી ગયાં. આખો પત્ર તે ધ્રૂજતે હાથે-કંપતે હૈયે ફરી વાંચી ગઈ. ઈઆકીમોનાં બધાં કારસ્થાન હવે તેને સમજાઈ ગયાં. એના પગ તળેથી ધરતી સરી જતી લાગી. પિસાનિયો એની આવી કરુણ હાલત જોઈને ગળગળો થઈ ગયો: 'આનું હવે ગળું કાપું? કાગળ જ એના ગળા પર કરવતની જેમ ફરી વળ્યો છે...પછી શું?'

ઇમોજને કંઈક નિર્ણય કર્યો. ધીમે પણ મક્કમ સાદે તેણે કહ્યુ: 'પિસાનિયો, તારા માલિકનો હુકમ બજાવ! ઘેટાની ગરદન પર છરી ચલાવી દે, ખાટકી! હવે વિલંબ શા માટે?!'

પિસાનિયોની આંખમાં આંસુ આવી ગયાં: 'મારાં માલિક, જ્યારથી આ કાગળ આવ્યે છે ત્યારથી આંખોએ મટકું યે માર્યું નથી!'

આખરે બંનેએ સ્વસ્થ થઈને તોડ કાઢયો. થોડી વારમાં તો ઇમોજન પુરુષના પોશાકમાં અશ્વ પર સવાર થઈ ગઈ. એને આંસુભીની આંખે ભાવભરી વિદાય આપતો પિસાનિયો પાસે આવ્યો. ઇમોજનના હાથમાં નાનકડી શીશી મૂકી: 'બહેન, વાટમાં જીવને અસુખ લાગે તો આ ઔષધ પી લેજો... નવી જિંદગી મળશે! બસ હવે તો ખુદાની દુઆ...' અને એ આંસુ સંતાડવા મોં ફેરવી ગયો. ઇમોજને રોમ નગરીનો રસ્તો લીધો.

ઇમોજને મર્દાની વેશમાં સાહસ તો કર્યું, પરંતુ એનો સુકુમાર દેહ રઝળપાટ કરીને થાકી ગયો. માનસિક સંતાપ તો પ્રબળ હતો જ–તેમાં ભૂખનું દુઃખ ઉમેરાયું. જંગલમાં એ ભૂલી પડીને ભમતી હતી. ક્યાં ય કોઈ માણસની વસતિ દેખાતી ન હતી. ઇમોજન ખૂબ થાકી ગઈ. તરસથી તરફડવા માંડી. ત્યાં ભાગ્યવશાત્ એક ગુફા તેણે જોઈ. કોઈ મનુષ્ય કદાચ મળી જાય એ આશાએ તે ત્યાં ઊતરી. ગુફાની બહારથી તેણે બૂમ પાડી જોઈ, પણ અંદરથી કંઈ જવાબ મળ્યો નહિ. આખરે તે ગુફામાં પેઠી. ગુફા વ્યવસ્થિત હતી. ખાદ્યસામગ્રી જોઇને ઈમોજનના અંગમાં ચેતન આવ્યું. તે ઉત્સાહપૂર્વક ખાવા લાગી.

પેટપૂજામાં તે એવી તો તલ્લીન બની હતી કે બહારથી કોઈક તેને નિહાળી રહ્યુ છે તેનો તેને અણસારો પણ ના આવ્યો. આ ગુફાનો માલિક બેલારિયસ હતો. તે અને તેના બે પુત્રો પોલીડોર ને કેડવલ શિકાર ખેલીને પાછા ફર્યા, ત્યાં ગુફાના પ્રવેશદ્વાર આગળ જ બેલારિયસ દિગ્મૂઢ થઇને ઊભો રહી ગયો. એની દૃષ્ટિ ગુફાના અંદરના ભાગમાં ઈમોજન પર સ્થિર થઈ ગઈ. 'આ તે કોણ? માનવી કે ફિરસ્તો?' એના બંને પુત્રો પણ આ અદ્‌ભુત સુંદર જુવાનને ટીકીટીકીને જોઈ જ રહ્યા.

ઈમોજનના ગભરાટનો પાર ન હતો. એ આ લોકોની ક્ષમા માગવા માંડી. પરંતુ બેલારિયસે તેને ખૂબ આશ્વાસન આપી તેનો ગભરાટ દૂર કર્યો. તેનો પરિચય પૂછ્યો. ઇમોજને પોતાનું નામ 'ફીડલ' આપ્યું. પોલીડોર અને કેડવલ બંને આવા એકાંત જંગલમાં આવી મઝાની સોબત પામીને ખુશખુશાલ બની ગયા. ફીડલની ખૂબસૂરતી પર બંને મુગ્ધ હતા. પોલીડોરે મજાકમાં ફીડલને કહી પણ દીધું: 'તું સ્ત્રી હોત તો ક્યારનો ય તને પરણી જાત; કોઇને પૂછવા ય રહેત નહિ!' પોલીડોરની મજાક સાંભળી ફીડલની આંખ હસી ઊઠી. બંને ભાઈઓ માજણ્યા ભાઈની જેમ ફીડલ પર હેત વરસાવવા લાગ્યા. બીજે દિવસે બેલારિયસ અને તેના બંને પુત્રો શિકારે ઊપડયા. ફીડલને ખૂબ થાક હતો અને તેની તબિયત પણ કથળી હતી. એટલે તેનો મુકામ ગુફામાં જ રહ્યો.

બ્રિટનમાંથી ઇમોજન એકાએક અદૃશ્ય થઈ તેથી રાજા, રાણી, ક્લોટન સહુ ચિંતામાં પડયાં. ક્લોટનને ઇમોજન વિના ચેન પડયું નહિ. તેણે પિસાનિયોને પકડીને તેની બરાબર જડતી લીધી. પિસાનિયોએ તેને ઈમોજન ગઈ હતી તે માર્ગ ચીંધ્યો. ઇમોજનનું હરણ કરી લાવી પરાક્રમથી તેને પરણવાની ક્લોટનને હોંશ થઈ આવી. પિસાનિયોએ ચીંધેલા માર્ગે તે ખૂબ રખડયો, પણ ઇમોજનનો તેને ક્યાંય ભેટો થયો નહિ. જંગલની વાટે બેલારિયસ અને તેના પુત્રોએ તેને જોયો. બેલારિયસ તેને નવી રાણીના પુત્ર તરીકે ઓળખતો હતો. 'એ અહીં કોની શોધમાં આવ્યો હશે? એકલો હશે કે લશ્કર સાથે હશે?' બેલારિયસ ચિંતામાં પડયો. એ અને કેડવલ તેની છૂપી તપાસ માટે ગયા. પોલીડોર ક્લોટન સામે ભટકાઈ પડયો. ક્લોટને આ જવાનને જંગલી માનીને તુંદમિજાજથી તેની સાથે વાત કરવા માંડી. પોલીડોરે પણ ઈંટનો જવાબ પથ્થરથી વાળવા માંડયો. તેની આવી ઉદ્ધતાઈ જોઈ ક્લોટન જલી ઊઠયો: 'પાજી! હરામડા! મને ઓળખે છે? સિમ્બેલીનની રાણીનો હું રાજકુમાર... માથું ધડથી જુદું થઈ જશે.'

પણ પોલીડોરે તો એ રાજકુમારની હાંસી ઉડાડવા માંડી. ક્લોટને એકદમ તલવાર ખેંચી: 'હજી તને ડર નથી? તું મજાક સમજ છે? તારા મોતે મર ત્યારે...' ને એ પોલીડોર સામે ધસી ગયો. બને વચ્ચે જંગ જામ્યો. થોડી વારમાં બેલારિયસ અને કેડવલ ક્લોટનની પાકી તપાસ કરી પાછા ફર્યા ત્યારે રસ્તામાં જ પોલીડોર તેમને સામો મળ્યો. તેના હાથમાં ક્લોટનનું લોહી નીગળતું માથુ હતું.

પોલીડોરે ક્લોટનની ઉદ્ધતાઈ અને તુમાખીની બધી વાત કરી. કેડવલે ભાઈના પરાક્રમને વધાવી લીધું, પણ રાજપુત્રની હત્યાનો શો અંજામ આવશે તેની ચિંતામાં બેલારિયસ પડયો. શિકારમાં તેનું ચિત્ત ચોટયું નહિ. તદુપરાંત પેલા નાજુક નવજવાન ફીડલની તબિયત વિષે પણ તે બેચેન હતો. તેણે કેડવલને ફીડલની સંભાળ અને સહાય માટે ગુફામાં પાછો મોકલી આપ્યો અને પોતે પોલીડોર જે ક્લોટનનું માથું દરિયાદેવને પધરાવવા ગયો હતો તેની વાટ જોતો ત્યાં બેઠો.

ગુફામાં ઇમોજન એકલી પડયા પછી ખૂબ મૂંઝાઈ. થાક, શોક અને સંતાપથી તેનું દિલ પોચું પડી ગયું હતું. તેને પેલું ઔષધ સાંભર્યું. શીશીમાંથી એ કાઢીને તેણે પી લીધું! થોડીક વારમાં તો એ ધરણી પર ઢળી પડી! કેડવલ ગુફામાં આવ્યો ત્યારે ફીડલનું શબ જોઈ ચોંકી ગયો. એકાએક ફીડલનું મૃત્યુ કેમ થયું તે તેને સમજાયું નહિ. એ શોકાતુર બની ગયો. ફીડલનું શબ તેણે બંને હાથમાં ઊંચક્યું અને પોતાના પિતાની પાસે જવા નીકળ્યો. રસ્તામાં જ પિતા અને ભાઇએ તેને જોયો. બંને દોડયા. ફીડલનો મૃતદેહ જોઈ તેમનાં હૃદય શોકવ્યાકુળ બની ગયાં. ભારે હૈયે ફીડલના મૃતદેહ પર ફૂલોની ચાદર ઓઢાડી તેને

ભાવભરી અંજલિ આપી તેઓ પાછા ફર્યા. દૂરદેશનું પંખી વિસામો લેવા આવ્યું અને ચિરશાંતિમાં પોઢી ગયું!

બીજે દિવસે સૂર્યોદય થયો. ઇમોજન આળસ મરડીને જાગી. ગુફા ક્યાં ગઈ?... પોતે અહીં ક્યાંથી?... ફૂલોની બિછાત કોણે ઓઢાડી?... આ સ્વપ્નું કે સત્ય?... તેને કંઈ સમજાયું નહિ. રાણીએ પિસાનિયોનું કાસળ કાઢવા વૈદ્ય પાસેથી આ ઝેરી ઔષધ મેળવ્યું હતું અને તે પિસાનિયોને ઇનામ (!) તરીકે આપ્યું હતું. રાણીના સ્વભાવથી પરિચિત વૈદ્યરાજે ઝેરી ઔષધને બદલે નિદ્રા માટેનું ઔષધ જ રાણીને પધરાવ્યું હતું અને વૈદ્યની કરામતને કારણે જ ઇમોજન બચી ગઈ! પિસાનિયોને હાથે અજાણતાં સ્ત્રીહત્યા થતી રહી ગઈ!

ઇમોજન ધીરેધીરે ઊભી થઈ અને જે માર્ગ દેખાયો તે માર્ગે ચાલવા માંડી. એ સમયે બ્રિટન અને રોમ વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું હતું. એ રસ્તેથી રોમનો એક સેનાપતિ લ્યુસિયસ એના લશ્કરી અમલદારો સાથે બ્રિટન ભણી કૂચ કરતો હતો. રસ્તામાં આ ખૂબસૂરત નવજવાનને જોઈ તે થોભી ગયો, ને તેને બ્રિટનનો નાગરિક જાણી કેદ કરીને પોતાની અંગત સેવામાં રોકી લીધો. રોમની સેના કૂચ કરતી આગળ વધી.

બ્રિટનના લશ્કરે તેને અધવચ આંતરવાનો પ્રયાસ કર્યો. આક્રમણની ચિંતામાં સિમ્બેલીન ખૂબ બેચેન બની ગયો હતો. આ ચિંતામાં વધારો કરનારી બીજી એક ઘટના બની હતી. ક્લોટનની ગેરહાજરીથી રાણી બાવરી બની ગઈ હતી અને એની ઝંખનામાં તે ઘેલી બની ગઈ હતી. સિમ્બેલીનનો દાવ અવળો પડ્યો. રોમની સેનાએ તેના સૈન્યને ભારે શિકસ્ત આપી. સિમ્બેલીન કેદ પકડાયો.

બીજી તરફ પૉસ્થ્યુમસ પણ બ્રિટનનો હતો. બ્રિટન સામે યુદ્ધમાં તેને પરાણે નોતરવામાં આવ્યો હતો. રોમની સેના સાથે તેને પણ બ્રિટન લાવવામાં આવ્યો હતો. પૉસ્થ્યુમસને બ્રિટનની ભૂમિ પર પગ મૂકતાં જ ઇમોજનની યાદ તીવ્રપણે સતાવી રહી. ઇમોજન હજુ તેની દૃષ્ટિએ બેવફા જ હતી, પણ તેની ક્રૂર હત્યા પોતે કરાવી નાખી તેનો હવે તેને અફસોસ થવા માંડ્યો હતો. એ સંજોગોમાં તેણે બ્રિટનની સેનાને પરાજય પામતી જોઈ. રાજભક્તિ અને દેશભક્તિનું પૂર તેના હૃદયમાં ઉભરાયું. તેણે અચાનક પાછા ફરીને પોતાનો મોરચો રોમનો સામે માંડ્યો. પૉસ્થ્યુમસના અણધાર્યા આક્રમણથી રોમન સૈન્ય છિન્નભિન્ન થઈ ગયું. ત્યાં તો બેલારિયસ અને તેના બે પુત્રોએ પણ દેશદાઝથી પ્રેરાઈને રોમન સેના પર છાપો માર્યો.

સિમ્બેલીન વિજેતા બન્યો. લ્યુસિયસ, તેનો અંગત સેવક ફીડલ, લશ્કરી અમલદાર ઈઆકીમો કેદી તરીકે રાજદરબારમાં ખડા થયા. પૉસ્થ્યુમસને પણ બ્રિટનના સેનાપતિએ અજાણ્યો દુશ્મન સમજી કેદ કર્યો હતો. તેને પણ દરબારમાં હાજર કરવામાં આવ્યો.

સિમ્બેલીન બેલારિયસને કે તેના પુત્રોને ઓળખતો ન હતો. પણ તેણે એ સહુને ખૂબ ધન્યવાદ આપ્યો. તેણે દુશ્મન સેનાપતિ પ્રત્યે પણ ખેલદિલી દર્શાવી તેની ઈજ્જત કરી. લ્યુસિયસે માત્ર એક વિનંતી કરી: 'મહારાજ, હું રોમન બચ્યો છું. મને ફાવે તો મોત દેજો, પણ મારી સાથે આ જુવાન છે તે બ્રિટનવાસી છે. મેં રસ્તામાંથી તેને કેદ પકડ્યો હતો. તેણે તમારી સામે યુદ્ધ કર્યું નથી. તેને જીવતદાન આપો એવી મારી અંતિમ માગણી છે.' ને ફીડલ સામે તેણે આંગળી ચીંધી. સિમ્બેલીનના અંતરમાં પણ આ જુવાન પ્રત્યે ઉમળકો જાગ્યો. તેણે તેને મુક્ત કર્યો એટલું જ નહિ પણ કોઈ અગમ્ય પ્રેરણાને વશ થઈને બીજું પણ જે કંઈ માગવું હોય તે માગી લેવાનો અધિકાર આપ્યો. આ ખૂબસૂરત છોકરડાને જોઈ બેલારિયસ અને તેના પુત્રો મૂંઝાઈ રહ્યા હતા. 'આ જ ફીડલ—એ જ રૂપ... એ જ અણસાર' પણ એ અહીં ક્યાંથી હોય?...એ તો...'

ઇમોજન તેમની મૂંઝવણ પામી જઇને મનમાં ને મનમાં હસી રહી હતી. પરંતુ એનું ધ્યાન ક્યારનું ઈઆકીમો પર કેન્દ્રિત થયું હતું. એની દુર્દશા કરનારો એ જ શયતાન હતો. તેના હાથ પર તેણે પૉસ્થ્યુમસને દીધેલી પોતાની વીંટી પણ જોઈ. એટલે રાજાને તેણે વિનંતી કરી: 'મહારાજ, પેલા મહાશયને મારે એક જ સવાલ કરવો છે.'

ઈઆકીમો ચોંકી ઊઠ્યો. રાજાએ સંમતિ આપી, એટલે ઇમોજને પૂછ્યુ: 'સાચેસાચું કહેજો. આ વીંટી તમને ક્યાંથી મળી?' આ સવાલ સાંભળી પૉસ્થ્યુમસના કાન સરવા થઈ ગયા...આંખો તીક્ષ્ણ બની ગઈ...એ જ પેલી વીંટી...બેવફા...ઇમોજન?'

ઈઆકીમોએ પોતે ઇમોજનને કેવી રીતે છેતરી અને પૉસ્થ્યુમસ પાસેથી વીંટી શી રીતે શરતમાં પડાવી તેની સઘળી હકીકત જાહેર કરી. તેના દિલમાં પણ એ બાબતનો પશ્ચાત્તાપ થતો હતો.

આ હકીકત સાંભળતાં જ પૉસ્થ્યુમસને સૃષ્ટિ ચક્કર ચક્કર ફરતી લાગી. એનાં ગાત્ર ગળી ગયાં: 'અરેરે...ત્યારે આ રાક્ષસે મારું સત્યાનાશ વાળ્યું. ભોળી ઇમોજન તને વિનાકસૂર વધેરી નાખી!'

બીજી તરફ ઈઆકીમોને મુખે ઇમોજનનું નામ સાંભળી સિમ્બેલીન પણ ચમકી ઊઠ્યો: 'ઇમોજન? ક્યાં છે ક્યાંછે મારી દીકરી, ઈમોજન!'

પૉસ્થ્યુમસ ચીસ પાડી ઊઠ્યો: 'મહારાજ... હું ખૂની છું... મેં ઇમોજનને મારી નાખી...મેં...મેં એનું ખૂન કર્યું. મને મોત આપો... ઓ ઈમોજન...ઇમોજન...' અને એ જ વખતે ફીડલે પૉસ્થ્યુમસની પાસે જઈ તેનો હાથ ગ્રહી લીધો: 'નાથ, હું જ તમારી ઈમોજન!'

પૉસ્થ્યુમસ અને સિમ્બેલીન બંને આશ્ચર્યચકિત થઈ એકસાથે બોલી ઊઠ્યા: 'ઇમોજન?!'

સિમ્બેલીનને ખૂબ લાગી આવ્યું: 'દીકરી, મેં તને ખૂબ અન્યાય કર્યો...પણ હવે તો તું જ મારા જીવનનો આધાર છે. બેટા, તારી મા પણ મૃત્યુ પામી ગઈ. ક્લોટન ક્યાંક ચાલ્યો ગયો તેની યાદમાં ઝૂરી ઝૂરીને તે પણ ગઈ!' એકાએક પોલીડોરે આગળ ધસીને એકરાર કર્યો: 'નામદાર, ક્લોટનની હત્યા મેં કરી છે. તેણે મારું સખત અપમાન કર્યું હતું અને મારા પર હલ્લો કર્યો હતો....'

'નીચ!' સિમ્બેલીન વચમાં જ તડૂકી ઊઠ્યો: 'તે રાજકુમાર હતો. તેં ભલે બ્રિટનની ખૂબ સેવા કરી, પણ રાજકુમારની હત્યા માટે તને મોત મળશે. બ્રિટનનો આ કાયદો છે.' સિમ્બેલીનનો રોષ ભભૂકી ઊઠ્યો. એ કટોકટીની પળે બેલારિયસે સિમ્બેલીનની સમક્ષ ઝૂકીને યાચના કરી: 'નામદાર, મારી એક યાચના સાંભળો...'

'નહિ... કદાપિ નહિ. એ તમારો પુત્ર હોય તેથી શું?'


'પણ નામદાર, એ આપનો જ પુત્ર છે!' 'હેં?! મારો પુત્ર?'

'જી હા. એ એક નહિ પણ આ બંને આપના પુત્રો છે. આપની ખૂબ ક્ષમા માગી લઉં છું. આપ નામદારે મને અન્યાય કર્યો તેનું વેર લેવા માટે મેં જ આપના આ બે શિશુઓનું રાજમહેલમાંથી અપહરણ કર્યું હતું...એ રાજકુમારોએ મને જ તેમનો પિતા માન્યો. આજે એ બંને કુમારો આપને પાછા સોંપું છું...'

આખો દરબાર પૂતળાની જેમ સ્તબ્ધ બની ગયો! સિમ્બેલીનને ગળે આનંદનો ડૂમો બાઝ્યો. ગદગદ કંઠે તે માંડ બોલી શક્યો: 'મારાં ત્રણત્રણ...સંતાન...પાછાં મળ્યાં?...'

ત્રણ ભાઇબહેનો એકબીજાને ભેટી રહ્યાં. દરબારમાં આનંદોત્સવ મચી રહ્યો અને આનંદના એ વધામણામાં ઈઆકીમોને ક્ષમા મળી ગઈ.

રોમન સેનાપતિ લ્યુસિયસને પણ માનભેર મુક્તિ મળી અને બ્રિટન તથા રોમની મૈત્રીનો નવો યુગ શરૂ થયો.



મુંબાઈ જતાં મસ્તરામ તથા ગિરીશભાઈ સાથે છબી પડાવી.

પરથી જાણી શકાયું કે જમાઈ માતપિતાહીન હોઈ, ઓરમાન હોઈ, કોઇ તેના પ્રતિ વાત્સલ્ય કે ભાવપૂર્ણ વર્તાવ કરનારું નહોતું. આથી, તેમજ સગાંઓની ભંભેરણીથી ભાઈ-ભાભી તરફ તેમને ઘૃણા જન્મી હતી. ભાઇ-ભાગ જુદા પડયા નહોતા એવા ઘરમાં બેનની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી બની હતી. એથી અમારી ચિંતા વધતી ચાલી.

મગનલાલ શુકલને મારા સર્વે મિત્રો ગમી ગયા અને એ સમાગમની યાદીમાં અમે એક ગ્રૂપ ફોટો લેવડાવ્યો (જુઓ પાછળ).

૧૮૨ મુંબાઇ માટે મક્કમતા

મારા મિત્ર અને સહાધ્યાયી ભાઇ પરમાનંદ કાપડિયા બીજી ટર્મથી મુંબાઈની સેંટ ઝેવીઅર્સ કૉલેજમાં જવાનું નક્કી કરી ચૂકયા હતા. તેમના મોટાભાઈ સૉલિસિટર મોતીચંદભાઈનો આગ્રહ હતો કે ચમકતી બુદ્ધિવાળા પોતાના ભાઇને પોતાના ધંધામાં પ્રવીણ કરવા માટે મુંબાઈની કૉલેજ અને જીવનની તાલીમ જરૂરી છે. તેમની ઑફિસ દેવીદાસ ઍન્ડ મોતીચંદ સૉલિસિટર્સના નામથી ચાલતી હતી. તે પ્રિન્સેસ સ્ટ્રીટ ઉપર મનહર બિલ્ડિંગમાં એક સુવાંગ ફલૅટમાં રહેતા, એટલે પરમાનંદને માટે પ્રગતિનાં પગથિયાં તૈયાર હતાં. હું મુંઝાયો. મુંબાઇ, મુંબાઈનું રટણ જ મનમાં રમી રહ્યું. મુંબાઇ સિવાય માણસ મુક્ત જીવન જોઈ શકશે નહિ. અહીં નાતવ્યવહારો, કુટુંબના પ્રસંગો, શહેરની બાંધી વિચારસરણી, મોટા માણસો દીવાનો ને અધિકારીઓના સાચાખોટા અભિપ્રાયોનું માન, વગેરે ઊગતા યુવાનોને અકળાવે એ સહજ હતું. મારે પણ તેમના ડહાપણની મર્યાદાઓ તજી સ્વતંત્ર માર્ગ લેવો હોય તો ભાવનગરમાંથી બહાર નીકળવું જ પડશે એમ સ્પષ્ટ ભાસ્યું. એકએ વડીલોને પૂછયું તો કંઈ સ્પષ્ટ માર્ગદર્શન આપી શકયા નહિ. એ વખતે નાનાભાઈ ભટ્ટ મને પીલ ગાર્ડનમાં મળી ગયા. તેમની આગળ મેં મારાં મનોમંથનો ઠાલવ્યાં: 'કુટુંબ મારા વિચારોથી નારાજ થશે; પિતાશ્રીને હું સમજાવી શકતો નથી; તેમનો તો દૃઢ આગ્રહ હતો કે હું કોઈ લાભદાયક ક્ષેત્ર પસંદ કરું; તેમનો મારા પર પક્ષપાત અને પ્રેમ અથાગ છે એટલે તેમની સામે થઇ મારો માર્ગ લેતાં લાગણીવશ બની જાઉં છું; વગેરે.' નાનાભાઈએ ખરેખર સ્પષ્ટ કહ્યું: 'લાભાલાભનો વિચાર નકામો છે. હું પણ આ કળાના વિષયમાં કંઈ જાણતો તો નથી, પણ તમારા અંતરમાં જો પ્રતીતિ હોય કે આ ક્ષેત્રમાં તમારો જીવનવિકાસ થશે તો બધાના અભિપ્રાયો ન લેતાં તમારા મનધાર્યા માર્ગે યાહોમ કરી આગળ વધવું'. પિતાશ્રી શિક્ષણ કે જીવનની દૃષ્ટિથી મારો વિચાર કરતા નહોતા. તેમણે તો માત્ર મારા યોગક્ષેમની ચિંતા કરી હતી. મારા માનસિક ક્ષેત્રની ભાવનાઓની તેમને કદર જ નહોતી.

મારા બીજા વડીલ મોટા ભાઇ—હરગોવિંદભાઇ સ્ટેશનમાસ્તર હતા. તેમણે સ્નેહપૂર્વક મારા વિચારોને આશીર્વાદ આપ્યા, અને મેં તુરત નિર્ણય કરી નાખી ઘેર આવી પિતાશ્રીને પત્ર લખી નાખ્યો. તેમાં આવું લખેલું: 'આપની મારા પરની સ્નેહપૂર્ણ લાગણીઓને આઘાત પહોંચાડવાનો દોષ વહોરી લઇને આ પત્ર લખું છું. મારાથી શકય તેટલા વિચારો કરી, મારાથી વધુ અનુભવ ધરાવતા બે વડીલોની સલાહ લઈ, મેં કૉલેજની ટર્મ ભરવાનું છોડી જૂનમાં મુંબાઈ જઈ સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટમાં ચિત્રકળાનો અભ્યાસ કરવાનો નિર્ધાર કર્યો છે. મને ગમે તે સુખદુ:ખ પડશે તે સહન કરી લઈશ. કુટુંબની સ્થિતિ હું સમજું છું. મને માત્ર રૂ. દસથી પંદર માસિક ખર્ચ મળશે તેમાં નિભાવી લઈશ. રહેવાની સગવડ એક મિત્રની પેઢી ઉપર થઈ છે. સાતેક રૂપિયા વીશીખર્ચ આવશે. સ્કૂલની ફી બહુ નથી. હવે આપ આશીર્વાદ સાથે સંમતિ આપો તેની રાહ જોતો હું ઉપવાસ કરી રહ્યો છું.આપનો સંમતિપત્ર આવશે ત્યારે જ જમીશ. વગેરે...'આ પત્ર લખી, ઘરના સૌને મારો નિશ્ચય કહી, ઉપવાસ કરતાં મેં બિછાના પર પડાવ નાખ્યો. બા, કાકા સૌએ સમજાવ્યો, પણ મારું આસન ડગ્યું નહિ. ચાર દિવસે પિતાશ્રીનો અત્યંત દ્રાવક પત્ર મળ્યો: 'તમારો નિર્ણય જાણી ઘણો ખેદ પામ્યો છું. મારી દૃષ્ટિએ તમે અંધારામાં ફૂદકો મારો છો. તે ક્ષેત્રમાં કોઇને પ્રતિષ્ઠા કે પૈસો મેળવતાં જોયા નથી. તમારું ભાવિ કેવું થશે તેની જ ચિંતા મને હમેશાં રહેશે. પૈસા જોઈએ તેટલા ઘેરથી લઈ જજો. કોઈ વાતે ખોટી કરકસર કરશો નહિ.'

એમના અંત:કરણ વિરુદ્ધ એમણે સંમતિ આપી હતી. હવે ઘરમાં બીજું કોઈ મને રોકી શકે તેમ નહોતું. ગજુભાઈ પાઠકને મેં લખી નાખ્યું કે હું ભણતર છોડી ચિત્રકળાના અભ્યાસ માટે આવું છું.

મારો મુંબાઈજોગો બિસ્તરો બાએ તૈયાર કરી આપ્યો. કેટલાંક ચિત્રો, નોટબુકો, પૂરતાં કપડાં વગેરેની એક ટ્રંક લીધી. મુંબાઈ પહોંચતાં વેંત અમારા જૂના સંબંધી હરિભાઈ વ્યાસ મને સ્ટેશને લેવા આવે એવો પત્ર લખ્યો. અને ૧૯૧૦ના જૂનના પ્રારંભમાં હું મુંબાઈ જવા નીકળ્યો. તે વખતે મારે અને કુટુંબને જાણે વિચ્છેદ થતો હોય એવો ભાસ મન પર લાગ્યો હતો. ત્યારે મોટા ભાઈની નોકરી રાણપુર હતી અને બા, નાનો ભાઈ અને મારાં પત્ની ઘરમાં રહેવાનાં હતાં.

વીરમગામના સ્ટેશને વેવાઈમંડળ મને મળવા આવ્યું. પત્ર લખ્યો હોવાથી બેનને સ્ટેશને લાવ્યા હતા, પણ તે કશું કહી ન શકી. એટલું જ બોલી શકી કે હું કેમ છું તે બાને લખી શકાશે નહિ. તમે એટલું જ લખજો કે મરી જઈશ પણ તેની કૂખ નહિ લજાવું. એ વેળા એનાં આંસુ લૂછવાની મારી તાકાત નહોતી. હું જ જીવનને અધ્ધર પકડી ગતિ કરી રહ્યો હતો, ખારો સંસાર ડોળવા નીકળ્યો હતો.(ચાલુ)



બહેન - ૧૯૦૯ની સ્કેચબુકમાંથી

મરાઠી પત્ર-સૃષ્ટિના સપ્તર્ષિ

લેખક
પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર



ઈ. ૧૮૭૪માં 'નિબંધમાળા'ની તલવાર લઈને મરાઠી ભાષાના શિવાજી શ્રી વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરે પ્રવેશ કર્યો એમણે જાણે વાઘણનું દૂધ પીને પચાવ્યું હતું!

વર્તમાનપત્રો લોકજાગૃતિ અને લોકક્રાન્તિનાં પ્રબળ સાધન સમાં હોય છે. પરતંત્રતાના અંધકારમાં લોકોને પથપ્રદર્શન કરાવવા માટે વર્તમાનપત્રોની પ્રભાવશાળી મશાલ ઉઠાવવી જોઇએ, એ ભાવનાથી મહારાષ્ટ્રના બુદ્ધિશાળી તેમજ કર્તવ્યનિષ્ઠ લોકોએ છેક શરૂઆતથી જ પત્રકારત્વના ક્ષેત્રમાં ઝંપલાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં અંગ્રેજી રાજ્ય શરૂ થયાનાં માત્ર પંદર વર્ષની અંદર જ—અર્થાત્ ઇ. ૧૮૩૨ના વર્ષમાં જ—શ્રી બાલશાસ્ત્રી ઝાંભેકરનું 'દર્પણ'નામનું પ્રથમ મરાઠી વર્તમાનપત્ર મુંબાઈમાંથી પ્રગટ થવા લાગ્યું. એના પ્રથમ અંકના પ્રસ્તાવલેખમાં કહેવાયું હતું કે 'સ્વદેશી જનતામાં વિદેશીય વિદ્યાઓ અને વિચારોના અધિકાધિક પ્રચાર માટે અને દેશની સમૃદ્ધિ ને લોકકલ્યાણના વિષે સ્પષ્ટરીતે સ્વાધીનતાપૂર્વકવિચારો રજૂ કરવા માટે કોઇ સાધન અવશ્ય હોવું જ જોઇએ. મુંબાઈના કેટલાક વિચારકોની આ ઇચ્છાનુસાર 'દર્પણ' પ્રસિદ્ધ કરવામાં આવે છે.'

ત્યાર બાદ ઈ. ૧૮૪૯માં પૂનામાં 'જ્ઞાનપ્રકાશ'નો ઉદય થયો. 'સરકારનાં કાર્યોની સમીક્ષા કરવી એ અમારો અધિકાર છે' એવી ઘોષણા તેના છઠ્ઠા અંકમાં જ જોરશોરથી કરવામાં આવી: 'જે લોકો સરકારી નોકરી કરે છે તેના વ્યવહારોના વિષયમાં સંપાદકને પોતાના વિચારો પ્રદર્શિત કરવાનો અધિકાર છે, કેમ કે જે લોકો સરકારના નોકર છે તેઓ જનતાના ચાકર છે અને પત્રકાર જનતાના લોચન સમાન છે.'

પરાયા શાસનની સાથેસાથે જ સમાજજીવન પર વિવિધ પ્રકારનાં જે અનિષ્ટકારી આક્રમણો થવા માંડયાં હતાં તેનો ધીરજપૂર્વકનો ઉપાય સૂચિત કરવાનું તથા સમાજમાં આધુનિક જ્ઞાન-વિજ્ઞાનનો પ્રસાર કરી નવીન વિચાર-પ્રવાહને જોશપૂર્વક વહેવડાવવાનું કાર્ય મહારાષ્ટ્રના શરૂઆતના પત્રકારોએ પહેલા ચાર દસકા સુધી સારી રીતે કર્યું. આધુનિક મરાઠી વાઙ્મયની સુદૃઢ બુનિયાદ સ્થાપવાનું શ્રેય પણ તે સમયના પત્રકારોને જ અપાવું જોઇએ.

તે સમયે મહારાષ્ટ્રમાં પુસ્તકાકારે પ્રચાર પામેલાં વિવિધ વાઙ્મયનાં મૂળ ઝરણાંનો ઉગમ પણ સો વર્ષ પહેલાં વર્તમાનપત્ર રૂપી પર્વતમાંથી જ થયો હતો. તેથી એક અર્થમાં આધુનિક મરાઠી સાહિત્યના નિર્માતા પણ પત્રકારો જ હતા એ વાત આજના બહુ થોડા પત્રકારો તેમજ સાહિત્યકારો જાણતા હશે. રાજ્યકર્તાઓનો વધારેપડતો વિરોધ ન કરતાં લોકજાગૃતિ પેદા કરવાનો પ્રયત્ન કરવો, એ શરૂઆતનાં ત્રીસ વર્ષના પત્રકારોની પદ્ધતિ હતી.

ઈ. ૧૮૭૪માં 'નિબંધમાળા'ની તલવાર લઇને 'મરાઠી ભાષાના શિવાજી' શ્રી વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરે જેવો પ્રવેશ કર્યો તેની સાથે જ પત્રકારસૃષ્ટિમાં પ્રથમ ક્રાન્તિકારી પત્રકારનો જન્મ થયો. શ્રી વિષ્ણુશાસ્ત્રીએ તો જાણે વાઘણનું દૂધ પીને તેને પચાવ્યું હતું! દેશની પરાધીનતા તેમજ દરિદ્રતા જોઇને તેમનું લોહી ઊકળી ઊઠયું. પારકા રાજ્યમાં 'આપણા લોકો સત્ત્વહીન થઈ કાયર અને બાયલા બની ગયા છે, હાજી–હાજી કરવાવાળા બનીને બુદ્ધિહીન, બેશરમ અને સ્વાભિમાનહીન થઈ ગયા છે' એવું જોઇને તેમના અંતઃકરણની આગ પ્રજ્વલી ઊઠી, અને તેમની કલમ દ્વારા તેના ભડકા નિબંધરૂપે ભભૂકવા લાગ્યા. તેમનો એકેએક લેખ વાઘની ગર્જના જેવો જ હતો. તેની ગર્જનાથી આખું જંગલ ધ્રૂજી ઊઠતું હતું, અને વિરોધીઓને ભાગવું પણ ભારે થઈ પડતું. 'તમે આટલું બધું ઉગ્ર શા માટે લખો છો?' એમ કોઈ પૂછતું તો લાગલા જ શ્રી ચિપળૂણકર સામે થપાટ ચોડતા હોય તેમ ઉત્તર આપતા: 'એક પગ જેલમાં મૂકીને જ મેં મારી કલમ દેશોન્નતિના કાર્ય માટે પકડી છે.' આજના કોઈ પણ માણસને ૮૪ વર્ષ પહેલાં લખાએલા તેના મૃત્યુલેખના ફક્ત એક જ વાક્યથી સ્પષ્ટ જણાઇ આવે છે કે વિષ્ણુશાસ્ત્રીની રાજનૈતિક પ્રતિભા કેટલી તેજસ્વિની હતી: 'એક વાર વિષ્ણુશાસ્ત્રીનું કલ્પનાપંખી પોતાની પાંખ ફેલાવી ઊડવા માંડે ત્યારે સમજવું કે ભારત સ્વતંત્ર બનીને પ્રજાસત્તાક રાજ્ય નીચે આનંદથી વિહરતું થયું છે.' ઈ. ૧૯૫૦માં ભારતમાં ઉદય પામેલા સ્વતંત્ર પ્રજાસત્તાક રાજ્યનું સ્વપ્ન ઇ. ૧૮૫૦માં જન્મેલા એક મરાઠી પત્રકારે પોણોસો વર્ષ પહેલાં જોયું હતું.

ઈ. ૧૮૮૧માં એ વિષ્ણુશાસ્ત્રીની પ્રતિભાથી જ 'કેસરી'નો જન્મ થયો. લોકમાન્ય તિલક અને પ્રિન્સિપલ ગોપાળ ગણેશ આગરકર જોકે વિષ્ણુશાસ્ત્રીના સંપાદકીય સહકારીઓ હતા, પરંતુ પત્રકારવિદ્યાનો ગુરુમંત્ર તો નિઃસંદેહ બંનેને વિષ્ણુશાસ્ત્રી પાસેથી જ મળ્યો હતો. 'કેસરી'ના જન્મ સાથે જ મરાઠી વર્તમાનપત્રોની દુનિયામાં ક્રાન્તિ-

★

પ્રિન્સિપલ ગોપાળ ગણેશ આગરકર અને (નીચે) લોકમાન્ય તિલકે વિષ્ણુશાસ્ત્રીની લડાયક પરંપરા 'કેસરી'માં ચાલુ રાખી.







નરસિંહ ચિંતામણિ કેળકરે પોતાની પ્રસાદ-પૂર્ણ અને તર્કસંગીન શૈલીથી અને સવ્યસાચી પ્રતિભાના બળથી પત્રવાઙ્મયનાં વિવિધ અંગેનો વિકાસ સાધી તેને સમૃદ્ધ કરતા ગયા.

કારી યુગની શરૂઆત થઈ. તેના શરૂઆતના અંકોમાં જ આના કેટલાક ઉલ્લેખો મળી આવે છે: 'રાત-દિવસ ગલીમાં પહેરો ભરતી પોલીસનું જેવું પ્રયોજન હોય છે તેવી જ રીતે પત્રકારોએ પણ પોતાની કલમ સદા જાગ્રત અને ગતિમાન રાખવી જોઇએ.'...'જેમ વેદોમાં અગ્નિને દેવોનું મોં કહ્યો છે, જેમ અગ્નિમાં અર્પણ કરાએલો હવિ દેવતાઓને પહોંચી જાય છે, તેમ લોકોના વિચારો અને અભિપ્રાયો સરકારી અધિકારીઓના કાન સુધી પહોંચાડવા માટે વર્તમાનપત્રો એ એક શક્તિશાળી સાધન છે.' 'ઘેટાંના સમૂહની ચારે બાજુ પહેરા ભરવા માટે કૂતરા રાખવામાં આવે છે. જેમ વરૂ જેવાં હિંસક પશુઓની રાડ સાંભળી કૂતરાં ભસીને તે બધાને સાવધ કરી મૂકે છે અને જંગલી પ્રાણીઓ પર તૂટી પડે છે, તેમ વર્તમાનપત્રો રાષ્ટ્રનાં રક્ષક હોય છે.'

પહેલાં એક પગ જેલમાં મૂકીને પછી દેશોન્નતિને માટે હાથમાં કલમ પકડવાવાળા વિષ્ણુશાસ્ત્રીની લડાયક પરંપરાને કાયમ રાખતી સાહસિક વૃત્તિને તિલક અને આગરકરે ચાલુ રાખી હતી. લોકમાન્યે અને આગરકરે નિર્ભય બનીને સૌપ્રથમ આ મંત્ર આપ્યો: 'સત્યનો પક્ષ લઈને, શુદ્ધ અંતઃકરણથી, લોકકલ્યાણ માટે લડવાવાળાને કોઈ પણ પ્રકારનો ભય નથી. અન્યાય દેખાતાંવેંત પારકાં-પોતાનાંનો ભેદભાવ ભૂલીને જે યોગ્ય લાગે તે જ બોલવું ને લખવું જોઇએ.' આ રીતે આ સ્વનામધન્ય વીરોએ રાજ્યકોપથી ન ડરતાં, અને શિક્ષાથી ન ડગતાં વીર અને યુયુત્સુ પત્રકારોની પરંપરાને મહારાષ્ટ્રમાં જન્મ આપ્યો.

સ્વતંત્રતાની ચળવળમાં દેશનું નેતૃત્વ લોકમાન્યને મળ્યું. 'કેસરી' લોકોની આકાંક્ષાઓનું મુખ્ય પ્રતીક બની ગયું. પોતાની કેશવાળી ધુણાવીને તથા આંખોને લાલ કરીને લોકમાન્યનું 'કેસરી' જ્યારે મહારાષ્ટ્રની જનતા સમક્ષ દર મંગળવારે પોતાની ગર્જના કરતું રજૂ થતું ત્યારે બ્રિટિશ સામ્રાજ્ય પર પ્રકાશ પાડતા સૂર્યની આંખોમાંથી ક્ષણેક માટે તો તણખા ઝરવા માંડતા. લોકમાન્યના 'કેસરી'એ ફક્ત મહારાષ્ટ્રને જ નહિ પણ સમગ્ર ભારતના પત્રકારોને અધિકાર, પ્રતિષ્ઠા તથા સામર્થ્ય બક્ષ્યાં. પત્રકારત્વના માર્ગ દ્વારા જ પત્રકારો લોકનેતા બન્યા. અને એ વર્તમાનપત્રો લાંબા સમય સુધી લોકોની રાજનૈતિક આકાંક્ષાઓ અને પ્રવૃત્તિઓનાં એકમાત્ર સાધન બની રહ્યાં.

લોકમાન્યને રાજદ્રોહનો પહેલો દંડ થયો ત્યારથી તે તેમના અવસાન સુધીનાં પચ્ચીસ વર્ષનો સમય મરાઠી પત્રોના ઇતિહાસમાં એક તેજસ્વી યુગ બની રહ્યો. બ્રિટિશ રાજ્યકર્તાઓના અત્યાચારી શાસને પોતાનું ઉગ્ર અને ભયંકર સ્વરૂપ એ જ યુગમાં પ્રગટ કર્યું. એ જ સમયે અનેક પત્રકારો ત્યાગ અને બલિદાનની અગ્નિપરીક્ષા માટે સજ્જ થયા, તેમની બુદ્ધિમાં અદ્ભુત તેજ અને સામર્થ્ય પ્રકટ્યાં અને તેઓની પ્રતિભાથી જનતામાં નવા પ્રાણનો સંચાર થયો.

એ જ યુગમાં સ્વાતંત્ર્યના લડવૈયા શિવરામપંત પરાંજપે એક સમર્થ મરાઠી પત્રકારરૂપે કર્મક્ષેત્રમાં અવતર્યા. એ પરાંજપેના પ્રતિભારૂપી જ્વાળામુખીમાંથી નીકળતા ક્રાન્તિના અંગારાઓ દસ વર્ષ સુધી મહારાષ્ટ્રના તરુણોના મનને પ્રદીપ્ત કરતા રહ્યા. શિવરામપંતના નિબંધો તો પત્રવાઙ્મય તથા સાહિત્ય બંનેનાં અમર આભૂષણો જેવા છે.

શ્રી કૃષ્ણાજી પ્રભાકર ખાડિલકર અને શ્રી નરસિંહ ચિંતામણિ કેળકરના રૂપે બે તેજોદ્દીપ્ત સિતારા પણ આ જ યુગમાં મહારાષ્ટ્રના નભોમંડળમાં ઊગ્યા. લોકમાન્યે રાષ્ટ્રભક્તિના કુંડમાં પ્રકટાવેલા અગ્નિને તેમની ગેરહાજરીમાં પ્રજ્જ્વલિત રાખવાનું શ્રેય ખાડિલકરની પ્રખર કલમને જાય છે; તો બીજી બાજુ કેળકરે પોતાની પ્રસાદપૂર્ણ અને તર્કસંગીન શૈલીથી અને સવ્યસાચી પ્રતિભાના બળથી પત્રવાઙ્મયનાં વિવિધ અંગોનો વિકાસ સાધ્યો અને તેને સમૃદ્ધ કરતા ગયા.

આ જ યુગમાં શ્રી અચ્યુતરાવ કોલ્હટકર એક ધૂમકેતુની જેમ મરાઠી પત્રજગતના ક્ષિતિજ પર એકાએક પ્રગટ થયા. એમણે પોતાની કાવ્યમય અને કલાત્મક ભાષાના જાદુથી લેખનના અનેક અદ્ભુત અને રમ્ય ચમત્કારો દેખાડી મહારાષ્ટ્રના આબાલવૃદ્ધોને કેટલાંક વર્ષો સુધી પોતાની પ્રત્યે ખેંચી રાખ્યા.

શ્રી શિવરામપંતે પોતાના કારખાનામાં જે તલવાર ઘડી હતી તેને ખૂબ કુશળતાપૂર્વક ચમકાવીને શ્રી કોલ્હટકરે પત્રકારીય લોકપ્રિયતાનું ઊંચું માન મેળવ્યું. પોતાના 'સંદેશ' પત્રમાં પોતાની એ કલમ દ્વારા કોલ્હટકરે મરાઠી પત્રજગતમાં વિશિષ્ટ પરાક્રમ દાખવ્યું.

આમ, ચિપળૂણકર અને તિલક, આગરકર અને પરાંજપે, ખાડિલકર, કેળકર અને કોલ્હટકર, આ સાત શિલ્પકારોએ એક અર્ધશતાબ્દીની અંદર મરાઠીભાષાના પત્રકારીય ભવ્ય મંદિરનું ઈંટથી માંડી છેક કળશ સુધી નિર્માણ કર્યું. મહારાષ્ટ્રના રાજનૈતિક, સામાજિક અને વૈચારિક જીવનમાં આ સાત મહાન પત્રકારોએ ક્રાંતિનું પ્રવર્તન કર્યું. મરાઠી ભાષા અને મરાઠી સાહિત્યનાં અંગોને અનેક સુવર્ણાલંકારો અને મણિ-માણિક્યો વડે આ ભાષા-કોવિદોએ સુશોભિત કર્યાં. એમનાં લખાણ અને વિચારોના અનેક પ્રભાવો અને સંસ્કારો આજની મરાઠી ભાષા અને જીવન પ્રણાલી પર પડ્યા છે, પત્રવ્યવસાય શીખવાવાળા તરુણે મરાઠી પત્ર જગત્‌ના આ સપ્તર્ષિઓના લેખો અને મંતવ્યોનું શ્રદ્ધાપૂર્વક મનન કરવું જોઇએ.

(આચાર્ય પ્રહ્લાદ કેશવ અત્રેના લેખને આધારે)

અથાણું

લશ્કરમાં ફરજિયાત ભરતી થવું પડે એમ હતું. એટલે રમેશને જ્યારે આંખની ડૉક્ટરી તપાસ માટે બોલાવવામાં આવ્યો ત્યારે એ ટાળવા માટે પોતાને બરાબર દેખાતું નથી એવો એણે ઢોંગ કર્યો.

ડૉક્ટરે કહ્યુ: 'સામેના દર્પણમાં છે એ અક્ષરો વાંચો.'

'કયું દર્પણ?' રમેશે પૂછ્યું.

'સામેની ભીંત પર છે એ.'

'કયી ભીંત?'

ડૉક્ટરે આંખો ફરીથી તપાસી એની આંખથી થોડા અંતરે સફેદ રંગની એક નાની રકાબી ધરી પૂછ્યું: 'આ શું છે?'

'એ દસ પૈસાનો સિક્કો છે કે પચીસ પૈસાનો?' ડૉક્ટરે એને લશ્કર માટે ગેરલાયક ઠરાવી જવા દીધો.

પોતાનો આ વિજય ઊજવવા રમેશ ફિલ્મ જોવા ઊપડ્યો, પણ ઇન્ટરવલ વખતે રોશની થતાં એણે જોયું કે પોતાની આંખો તપાસનાર ડૉક્ટર જ પોતાની બાજુની બેઠક પર બેઠા હતા! પણ રમેશે જરાયે ગભરાયા વિના તેણે આંખો જરા પટપટાવી ડૉક્ટરને પૂછ્યું: 'માફ કરજો બાનુ, પણ આ બસ ફ્લોરા ફાઉન્ટન જશે ખરીને?'

મિત્રભાવ

લેખક - ધૈર્યચંદ બુદ્ધ

દસદસ વર્ષની મૈત્રીને અંતે ફક્ત દસ જ આનાનો સવાલ અમારા સ્નેહ ઉપર પાણી ફેરવી દેશે એવી તો સ્વપ્ને ય કલ્પના ન હતી. હરિભાઈ વ્યવસાયે શિક્ષક અને હું વકીલ. બન્નેની એકતા સાહિત્ય તરફની અભિરુચિથી જન્મેલી; અને પછી તો રોજ સવારે ટપાલ લેવા પોસ્ટ ઑફિસે ભેગા થઈએ ત્યારે બે-એક કલાક અવનવી વાતોમાં નીકળી જાય. સાંજે પાછા પાંચ પછી ફરવા જઈએ ને સાહિત્ય-પ્રકાશનના ધંધાની વાતોથી માંડી ધર્મ, સમાજ, રાજકારણ અને વિનોદની વાતો કરીએ તે છેક આઠ-નવ વાગ્યે ઘેર આવીએ. રોજિંદા આ પાંચ-છ કલાક ઉપરાંત રજાના દિવસે તો લગભગ આખો દિવસ સાથે ગાળીએ. આ રીતનાં દસદસ વર્ષો વીત્યા પછી ફક્ત દસ જ આનાના સવાલે અમારી ઘનિષ્ઠતા રોળી નાખી અંટસ ઊભો કર્યો. એ અંટસ ઊભો કરનાર મારા બુદ્ધિશાળી મિત્ર, જે ગુજરાતના એક જાણીતા અભ્યાસી લેખક હતા, તે આવી મામૂલી રકમ ખાતર કેમ જિદ્દે ચડ્યા હશે તેનો કોઈ ખ્યાલ જ હું કરી શક્યો નહિ.

વાત એમ બની કે એક સાંજે મને હરિભાઈએ કહ્યું: 'મુંબાઈના એક બુકસેલરને પુસ્તકોનું મારું એક પારસલ જાય છે. તેમાં ત્રણ શેર વજનની મર્યાદામાં તમારે કાંઈ મોકલવું હોય તો સમાઈ શકે તેમ છે.' અમારી વચ્ચે આ જાતનો તો વહેવાર હતો, એટલે મેં કહ્યું: 'મારે 'રાગમંજુષા'નાં બે આલ્બમ મોકલવાં છે. કાલે આપીશ.' બીજે દિવસે બે 'રાગમંજુષા'નું પૅકેટ તથા બુકસેલર ઉપરની ચિઠ્ઠી એમને આપી તે રસીદના કવર સાથે મોકલવા કહ્યું. અને આ વાત તે દિવસે પતી ગઈ.

બે દિવસ બાદ સાંજે અમે ફરવા નીકળ્યા, ત્યારે એમણે કહ્યું: 'તમારે એક દસ આના મને આપવાના છે.'

'શાના?' એમ કહી મેં પાકીટ બહાર કાઢ્યું.

'તમારી 'રાગમંજૂષા'નાં બે આલ્બમના. પારસલનો મને વધુ ચાર્જ આવ્યો એટલે વધારાના દસ આના તમારે આપવાના છે.'

મેં કહ્યું, 'તમે કહ્યું હતું તેમ પારસલમાં સમાસ હતો તેથી જ મેં બંડલ આપેલું. મારે કાંઈ ચાહીને મોકલવાની જરૂર ન હતી. અને તમે કહેલા વજન કરતાં તો અરધું જ વજન મેં તમને આપ્યું હતું, એટલે મારે દસ આના દેવાના શાના થાય?'

'પણ તમે આલ્બમ મોકલ્યાં અને મારે ચાર્જ વધારે ભરવો પડ્યો એટલે કાયદેસર એ ચાર્જ તમારે જ ભોગવવો પડે ને?'

'પણ ભાઈ, આમાં કાયદેસરની વાત ક્યાં આવી? આપણી એકબીજાની વચ્ચે આવો કાયદેસરનો વ્યવહાર છે અને મિત્રતાની ઢાલ છે તે મુજબ, અને તે ય તમારા કહેવાથી, જ મેં બંડલ આપ્યું હતું.'

'હું વાજબી વાત કરું છું.' ખૂબ જ ઠંડા રહી હરિભાઈએ કહ્યું.

મેં ઉશ્કેરાઈને કહ્યું: 'તમે આ માગણી 'કાયદેસર' અને 'વાજબી' કરો છો, અને હું શું ખાંડ ખાઉં છું?' હરિભાઈએ મુખ મલકાવતાં કહ્યું: 'હું ખાંડ ખાવાનું નથી કહેતો, હું વહેવારની વાત કરું છું. તમારે ના આપવા હોય તો કંઈ નહિ, હું ભોગવી લઈશ.'

"'કાયદેસર', 'વાજબી' ને 'વહેવાર'ને ઠોકરે મારીને હું તમને દસ આના નથી આપતો અને એ તમારે ભોગવવા પડે છે, એવી કોઈ વાત નથી. આ પ્રશ્ન તો સિદ્ધાંતનો છે. સિદ્ધાંતમાં કોઈ જાતની બાંધછોડ ન હોય તેવું જ્ઞાન તમે જ મને આપ્યું છે. અને તમારા જેવા ઊઠીને આજે આ કેવી વાત કરો છો?" એમ કહી મેં પાકીટમાંથી દસ રૂપિયાની નોટ કાઢીને તેમની સામે ધરી; 'દસ આના નહિ, પણ આ દસની નોટના ટુકડા કરી ફેંકી દો, તેનો મને હરખધોખો નહિ થાય.'

'તમારી એ દસની નોટ અને પાકીટ ખિસ્સામાં મૂકી દો. મને એવી નોટ સામે જોવાની ફુરસદ પણ નથી. તમ તમારે દસ આના ન આપતા. એ તો હું ભોગવી લઈશ.'

મારા જીવનઘડતરમાં ઉપયોગી થનાર અને પ્રેરણાનાં પાન પાનાર મારા મિત્ર-ગુરુને આવું વિચિત્ર વર્તન અને ચીડ દાખવતા જોઈ હું દિઙ્મૂઢ બની ગયો. જેમણે પોતાની બુદ્ધિ અને કલમ ચલાવી ગુજરાતને સમૃદ્ધ કરવા 'કુમાર', 'બુદ્ધિપ્રકાશ', 'કૌમુદી', 'પ્રસ્થાન', 'નવચેતન', 'નવયુગ' અને 'સાહિત્ય', જેવાં સામયિકોમાં લખાણો લખ્યાં હતાં અને હજુ જેમની કલમ એકધારું સંગીન સર્જન કર્યે જતી હતી એવા શક્તિવંત લેખક, 'બેઝિક ઈંગ્લિશ' અને 'एक मास में हिन्दी'ના કર્તા, સ્વયંવાદક યંત્ર (ઑટોલીન)ના શોધક અને આદર્શ લઘુલિપિકાર શ્રી હરિકૃષ્ણ વ્યાસ સમા બુદ્ધિશાળી મિત્ર આજે મારી સામે આવા અતડા બન્યા?

વાત એટલેથી જ અટકી અને અમે સાથે ફરવા ગયા; પણ ફરવામાં રોજનો ઉત્સાહ અને આનંદ ન હતાં. દસ આના જેવી નજીવી રકમે અમ બન્ને મિત્રોનાં હૃદય વચ્ચે અંટસનો ગઢ ઊભો કર્યો હતો!

રાત્રે છૂટા પડ્યા પછી બીજે દિવસે સવારે હું ટપાલ લેવા જ ન



ગુજરાતનાં અગ્રણી સામયિકોના શક્તિવંત લેખક, 'બેઝિક ઇંગ્લિશ' અને 'એક માસ મેં હિંદી'ના કર્તા, સ્વયંવાદક યંત્ર 'ઑટોલીન'ના શોધક આદર્શ શિક્ષક અને લઘુલિપિકાર

હરિકૃષ્ણ વ્યાસ

જેમની ૧૮મી સંવત્સરી આ માસમાં આવે છે.
(જન્મ: ૧૯-૫-૧૯૦૪; અવસાન: ૨-૫-૧૯૪૭)

ગયો. સાંજે ફરવા યે ન ગયો. દસ આનાની એમની માગણીએ મારા હૃદયમાં ઉલ્કાપાત મચાવી મૂક્યો હતો. ખોટી રીતે કોઈ પણ વાતમાં નમતું ન જોખવાનો મારો સ્વભાવ હરિભાઇ જાણતા હતા. છતાં, આવી ખોટી રીત એમણે અખત્યાર કરી તેનો મને ઊંડો રંજ અને રોષ હતો. એમાં ને એમાં પંદર દિવસ વીતી ગયા. રોજના છ કલાક સાથે બેસનારા અમે પંદરપંદર દિવસથી અલગ ને અબોલ બની રહ્યા.

પંદર દિવસ પછીની એક રાતે મારા ઘરને ઓટલે આવી એમણે સાદ પાડ્યો: 'ધીરુભાઇ છે કે?' હું તુર્ત જ બહાર આવ્યો. એમણે કહ્યું: 'ચાલો, ફરવા જવું છે.' અબોલ યંત્રવત્ હું એમની પાછળ ઘસડાયો અને ચાલતા ચાલતા અમે ગામ બહાર સ્ટેશનરોડની સડકે ઢબૂકલાએ આવીને બેઠા. પછી એક તરફ પાનની પિચકારી મારી મોં લૂછતા એ બોલ્યા: 'દસદસ વરસની મૈત્રીને અંતે નહિ જેવી વાતમાં તમે રિસાઓ એ ઠીક નહિ એમ માની હું તમને બોલાવી લાવ્યો છું.'

મેં કહ્યું: 'પંદર દિવસમાં પંદરસો વાર આ વાત મારે હૈયે ઘોળાયા જ કરી છે. સાદાસીધા સવાલને તમારા જેવા બુદ્ધિશાળી માનવે કેવો ગૂંચવી માર્યો એનો ઉકેલ હું હજુ શોધી શક્યો નથી.'

'એનો ઉકેલ જ્યારે તમને સમજાશે ત્યારે...' અને વાક્ય પૂરું કર્યા વિના જ ફરી એક પિચકારી ફેંકી અને એ અધૂરા વાક્યને ગળી ગયા. ત્યાર બાદ લાગલી જ બીજી વાત ઉપાડી કહ્યું: 'મારાં લખાણો 'કુમાર'માં છપાય છે તેના પ્રકાશન વિષે રવિભાઈનો પત્ર છે. એમાં એમણે ઘણી ઉદારતા દાખવી છે.' મૂળ વાતને બાજુ રાખી એમણે બીજી વાત શરૂ કરી દીધી અને અમે બીજી ચર્ચાએ ચડી ગયા.

એ પછી અમે હળતામળતા, પરન્તુ દસદસ વરસ સુધી મીઠી શેરડીના રસને પણ ભુલાવી દે તેવી મીઠાશ ઓસરી જઇને મૈત્રીમાં આંબલી અને મીણના જેવો જે સ્વાદ જન્મ્યો હતો તેનું મને જે દુ:ખ થતું હતું તેવું હરિભાઈને થતું નહોતું એનો મને વસવસો હતો.

આ ને એકાદ માસ પછી ફરી પાછો હરિભાઇએ દસ આનાનો સવાલ ઊભો કર્યો. તેમણે મને કહ્યું: 'જુઓ ધીરુભાઈ, તમે એ બે આલ્બમ મારા કહેવાથી બુકસેલરને મોકલ્યાં અને એથી મારે દસ આના વધુ આપવા પડ્યા તેનો સાદો ઉકેલ આ પ્રમાણે છે: તમને હું બે આલ્બમ આપી દઉં, અને મોકલાએલાં બે આલ્બમ મારાં છે એમ તમે બુકસેલર પર ચિઠ્ઠી લખી આપો, એટલે આ વાતનો અંત આવી જાય.' મેં એ જ સમયે બુકસેલર પર ચિઠ્ઠી લખી આપી. ત્યાર પછી, એક માસ વીતી ગયો છતાં. હરિભાઈ એ આલ્બમો મને આપ્યાં નહિ. એથી મને મારા સ્વભાવ અનુસાર એમ થયું કે દસ આનાને બદલે મારાં દસ રૂપિયાનાં આલ્બમ ગયાં! ખેર; ત્યાર પછી મેં એક વખત મને આલ્બમ મળ્યાં ન હોવાની યાદ આપી ત્યારે તેમણે હસીને કહ્યું: 'એવાં આલ્બમની આપણને ક્યાં કમી છે? જવા દો ને એ વાત, યાર!'

આ સાંભળી હું કાંઈ બોલ્યો નહિ, પરન્તુ ધીમેધીમે હું હરિભાઈનો સાથ ગુમાવતો ગયો અને પછી કોઈ વખત રસ્તામાં ભેટી જાય તો માત્ર પરસ્પરની ડોકી હલીને સાહેબજી–સલામનો જ વહેવાર રહ્યો. ત્યાર પછી એક વખત મેં વાત સાંભળી કે હરિભાઈને ક્ષય થયો છે, કાર્યાલય કાઢી નાખી ઘેર રહે છે અને નોકરીની ત્રણ માસની રજા લીધી છે!

સ મયને જતાં વાર નથી લાગતી. બે વરસ વીતી ગયાં. મેં હરિભાઈને 'તબિયતના સમાચાર જાણવા આવવું છે' તેમ પુછાવ્યું. જવાબમાં તેમણે કહેવડાવ્યું: 'મને સમય નથી. હાલમાં 'ગીતાપદ્ધતિ' ઉપર એક ગ્રંથ લખી રહ્યો છું તેથી કોઇને મળતો નથી. અનુકૂળતાએ હું બોલાવીશ.'

આ ઉત્તર મળ્યા પછી એમને મળવાની ખૂબ તાલાવેલી જાગી. જૂનાં સ્મરણો તાજાં થતાં ને એ યાદ કરી ઘણી વખત વિચારમાં સૂનમૂન બેસી રહેતો. કવચિત્ આંખો ભીની પણ થતી. થોડા દિવસ બાદ એમનો સંદેશો આવ્યો: 'સાંજના પાંચ વાગ્યે ફક્ત દસ મિનિટ પૂરતા આવી મળી જજો.'

સાંજે એમને ઘેર ગયો ત્યારે ગુજરાત જેના માટે ગર્વ લઈ શકે તેવી પ્રતિભાવાળા એ સાહિત્યકાર જર્જરિત દીવાલો વચ્ચેના બિસ્માર ઓરડામાં ગંદા બિછાનામાં આડે પડખે પડ્યાપડ્યા કંઈક લખી રહ્યા હતા. ખાટલા પાસે એક જૂના ટેબલ પર પાંચ-સાત પુસ્તકો પડ્યાં હતાં. ટેબલ નીચે પેશાબ કરવાનું ડબલું ને થૂંકવાનું પાળું પડ્યું હતું. સામે એક હાથો ભાંગેલી ખુરશી હતી. આજુબાજુમાં બેત્રણ ભીંતગરોળી માખીઓ પકડવા તલસી રહી હતી. હરિભાઇને નમન કરી સામે ખુરશી પર હું બેઠો. આ વાતાવરણ વચ્ચે પણ હરિભાઈ સ્વસ્થપણે 'ગીતાપદ્ધતિ'નું લેખનકાર્ય કરી રહ્યા હતા.

ગરીબાઈ ચારે તરફ ભરડો લઈ રહી હતી. પાંચ શેર મગ લેવાના પણ ખિસ્સામાં પૈસા ન હતા એવા આ સમયે બે દિવસ પહેલાં અમરેલીથી એક મિત્રે સેંકડો રૂપિયા એમના પગમાં ધરી એ ભેટ સ્વીકારવા કાકલૂદીભરી વિનતિ કરી હતી, પરન્તુ એ પૈસા સામે માત્ર દૃષ્ટિ કરી હરિભાઈએ તે પાછા લઈ લેવા મિત્રને જણાવેલું. મિત્રે ઘણું ઘણું કહ્યા છતાં એ પૈસાને હાથ સરખો ય નહિ અડાડનાર અને સ્વેચ્છાએ ગરીબીમાં મોજ માણનાર આડે પડખે પડેલા એ મહાનુભાવ ને મસ્ત મિત્રને જોઈ ને મારી આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી.

મારાં આંસુ જોઈ હરિભાઇએ કહ્યું: 'મારા શરીરમાં ક્ષયના જંતુ દાખલ થયા છે એની મને જાણ થતાં જ, રોજના છ કલાક સાથે વસનાર કદી જુદા ન પડીએ એવા આપણા બન્ને મિત્રો વચ્ચે, તમારા સ્વભાવને જાણતો હોવાથી, મેં માનસશાસ્ત્રની દૃષ્ટિથી વિચારીને દસ આનાનો સવાલ ઊભો કરીને ઈરાદાપૂર્વક જ તમારા અંતરમાં મારા પ્રત્યે નફરત પેદા કરી હતી! તમે એ વખતે કારણ પૂછતા હતા એનો આ ખુલાસો. હવે તો હું દસેક દિવસનો મહેમાન છું. કોઈ પણ અરમ્ય ભાથું સાથે બાંધી જવા ચાહતો નથી. હું તમને મારી પરલોકયાત્રા પહેલાં બોલાવવાનો જ હતો, પરન્તુ ચોમેર રોગથી ઘેરાએલા મારા દેહ પાસે રખે તમે વધુ બેસો એ ભયથી મેં તમને જાણીજોઈને મોડા બોલાવ્યા. તમે મને મારા બાળક જેટલા પ્યારા છો. તમારા જેવા મિત્રને રોગની આણથી દૂર રાખવા હું ચાહતો હતો...'

આટલું કહેતાં હરિભાઈ ગદ્‌ગદ્ થયા. હું તો આંસુ વહાવતો જ રહ્યો. પંદર-વીસ મિનિટ બન્ને વચ્ચે મૌન પથરાયું. અને પછી એ લખતા હતા તે 'ગીતાપદ્ધતિ' પરના પુસ્તક વિષે વાતો શરૂ થઈ. દસ મિનિટની મર્યાદાની પાળ ક્યારની તૂટી ગઈ હતી. વાતમાં ને વાતમાં ત્રણ કલાકનો સમય પસાર થઈ ગયો. અને અમે છૂટા પડ્યા...

વળતે જ દિવસે મારે અગત્યના કામે જામનગર જવાનું થયું. અઠવાડિયા પછી લાઠી આવ્યો ત્યારે જાણ્યું કે હરિભાઈ દેવ થયા છે!

મારા જીવનઘડતરમાં અતિશય ઉપયોગી થએલા મિત્રોમાં હરિભાઈનું સ્થાન અગ્રપદે હતું. પોતાનો પ્રેમ એમણે છેવટ સુધી જાળવી કેવળ મારું શ્રેય ચિંતવીને દસ વરસના સંબંધ આડે દસ આનાનો પ્રશ્ન જે ઊભો કર્યો તેની પાછળની માનવતાને હું જિંદગી પર્યંત ભૂલી શકું તેમ નથી. એમના પુરુષાર્થી ને પુનિત આત્માને આજે એમની ૧૮મી સંવત્સરીએ શ્રદ્ધાંજલિ અર્પી કૃતાર્થ થાઉં છું.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : ભૂયસી, ભૂરશી

વસુદેવ-દેવકીના વિવાહનું વર્ણન કરતાં 'દશમસ્કંધ'માં પ્રેમાનંદ કહે છે કે કંસે ખૂબ ધામધૂમથી વિવાહ ઊજવ્યો, અને તે પ્રસંગે 'મનવાંછિત દક્ષણા વિપ્ર પામ્યા, ભૂરસી આપી ઘણી.'

અત્યારે પણ કેટલીક જ્ઞાતિઓમાં વિવાહ જેવા પ્રસંગે યજમાન તરફથી બ્રાહ્મણોને બાંધી રકમની દક્ષિણા જનોઈ દીઠ વહેંચી લેવા માટે અપાય છે તેને 'ભૂરસી' (કે 'ભૂરશી') કહે છે. ક્વચિત્ નિકટનાં સગાંને પણ આ અપાય છે.

મરાઠીમાં પણ 'ભુરસી' અને હિંદીમાં 'ભૂરસી' છે. મૂળ પ્રયોગ તો 'ભૂરસી દક્ષિણા.' પછીથી એકલું વિશેષણ વિશેષ્યનો ભાવ ધરાવતું થયું. એ 'ભૂરસી દક્ષિણા'ના મૂળમાં છે 'ભૂયસી દક્ષિણા'. 'ભૂયસી' એટલે 'પુષ્કળ', 'વધારાની'; 'ભૂયંસ'નું સ્ત્રીલિંગ 'ભૂયસી'.

'ભુજંગ'નું 'ભુયંગ', 'ભોયંગ' અને પછી 'ભોરંગ', 'ભોરિંગ' થયું, તેમ 'ભૂયસી'નું 'ભૂરસી' 'ભૂરશી.' અને જેમ 'ભૂયસી દક્ષિણા'માંથી એકલો 'ભૂયસી', 'ભૂરસી' શબ્દ 'દક્ષિણા'ના અર્થમાં વપરાતો થયો, તેમ 'દક્ષિણા'ની પોતાની બાબતમાં પણ એવો જ અર્થવિકાસ થયો છે. તેની વાત આવતે માસ.

હરિવલ્લભ ભાયાણી

વિજયરાય કલ્યાણરાય વૈદ્ય
ની
ગ્રન્થાલયે લટાર

ભોર ભયો!

ઈસવી વીસમા શતકમાં સ્વતંત્ર ને શુદ્ધ સામાજિક ગણાય તેવા કલાત્મક નવલકથા-પ્રકારનું પરોઢ ઊઘડ્યું ભોગીન્દ્રરાવ રતનલાલ અવટંકે દિવેટિયા, એમની ૧૯૦૭માં પ્રગટેલી 'મૃદુલા'થી. સ્મરણપાત્ર તે વિસ્મૃતવત્ સાહિત્યકારનો જન્મ ૧૮૭૫ના માર્ચની એકત્રીસમી તારીખે થયો હોઇને તેમની ૯૦મી જયન્તી આ વર્ષે એ દિનાંકે ગણાય.

આજના વાચકોમાંથી જેમણે ગયાં ૨૨ દરમ્યાન 'ગુજરાતી સાહિત્યની રૂપરેખા' પરીક્ષા માટે કે અન્યથા વાંચી હશે તેઓને તો ત્યાં એક પાનામાં પણ કરાવાએલો ઇષત્પરિચય યાદ હશે. વધુ જાણવા ચાહતા સાહિત્ય-રસિકો માટે તો તોલાટ કૃત ચરિત્ર ગ્રન્થમાં ઘણું મળે છે, એટલે અહીં તો ઉપલા પ્રસંગ નિમિત્તે પ્રસ્તુત કર્તાની ઉત્તમ નવલ 'ઉષાકાન્ત' (૧૯૦૮) સંબંધી જે બે વિવેચનો જડયાં છે તેમાંના સમકાલીનનો ગુણદર્શી ભાગ ઉતારી સંતોષ માનીશું. (જોડણી યથાવત્ છે.)

"આ પુસ્તકમાં દેશની સમગ્ર ઉન્નતિની તથા સંસાર-સુધારાની ભાવનાઓ છે; તે ઉપરાંત, શેઠીઆઓના ગર્વિષ્ટ વર્તનના દૂષણો, ગરીબાઇના આધુનિક દુઃખો, મજુર વર્ગના દુઃખો, રેલવેના ત્રીજા વર્ગના ઉતારૂઓની હાડમારી તેમજ હિંદની અલ્પવિદ્યા અને અધિકદંભ વગેરે સુક્ષ્મ લાગતા પણ પ્રસંગોપાત્ત તીવ્ર લાગણી ઉત્પન્ન કરનારા વિષયનો સારૂં ચિત્ર આપ્યું છે; હુન્નરનો વિકાસ વિજ્ઞાનના જ્ઞાનના આધારે છે એ પ્રતીતિ અને એને લીધે થવા માંડેલી પ્રવૃત્તિનું ચિત્ર પણ ઠીક આપ્યું છે;..." (મ. ના. તંત્રી: 'ગુજરાતી નવલકથાનું સાહિત્ય' (૧૯૧૧) પૃ. ૧૫૧-૫૨).

આગળ ચાલતાં વિવેચકે ભોગીન્દ્રરાવને જનસ્વભાવચિત્રના 'સારા અનુભવી' કહ્યા છે અને ઉમેર્યું છે કે કૃતિમાંના "કરૂણરસના પ્રાધાન્યથી વાર્તાનો રસ અધિક જામે છે અને બોધ વધારે અસરકારક થાય છે..."

આ વિષય પૂરો કરતાં એ વિચારબિંદુ ટપકાવવાં યોગ્ય લાગે છે: "અન્નમિસ યાને ગરીબનું નસીબ ગરીબ'–એ હ્યુગોની સુપ્રસિદ્ધ નવલકથાના સમર્થ રૂપાન્તરમાં દેશનાં દુઃખ-દારિદ્રયનો હૂબહૂ ચિતાર અપાયો છે તે ગોવર્ધનયુગના વિપુલ સાહિત્યમાં એ અજોડ છે, એ સર્જક જ આપી શકે તેવો. અંગ્રેજી ઉપરથી રૂપાન્તરિત, મહારાષ્ટ્રી સમાજના પાત્રોવાળી 'મોહિની' મદ્યપાનનિષેધની પ્રવૃત્તિમાં આજે પણ ઉપયોગી નીવડે તેવી નવલકથા છે.

સંશોધનકણિકા

૧૯મી સદીમાં કલાત્મક બંગાળી પાત્રનામોવાળી પણ મૌલિક અને શુદ્ધ સામાજિક નવલકથા કૃષ્ણરાવની 'મુકુલમર્દન' (૧૮૯૫) જ હતી. સર રમણભાઈ સરખાના હાથે વિસ્તૃત રસવિવેચન પામેલી એ નવલ હજી પુનર્મુદ્રણને પાત્ર છે. એ સદીની આ વર્ગની બાકીની ત્રણ ('સાસુવહુની લડાઇ', 'અંધેરી નગરીનો ગર્ધવસેન', 'બે બહેનો) તરફ તો ધૂળધોયો તવારીખનવેશ અદબ જ જુએ છે, જોવાનો.

એવી જ છે ઈસવી વીસમા સૈકાનાં પહેલાં છએક વર્ષોની 'વિક્રમની વીસમી સદી' તથા 'નીલમ અને માણેક'. પણ—

"એમ.એ. બનાકે ક્યૌં મેરી મિટ્ટી ખરાબ કી?
તાલીમ યુનિવર્સિટી ખાનાખરાબ કી."

—એ મુદ્રાલેખવાળી, અભિનેતા તરીકે વધુ જાણીતા અમૃત કેશવ નાયકની ૧૯૦૬ની તો છે રસપ્રદ નવલકથા, 'મુકુલમર્દન'ની જેમ ફરી છાપવા જેવી. ઉપર શરૂઆતમાં જે કહ્યુ તેને હવે આમ કહીને સુધારી લેવાય કે અમૃતની 'એમ.એ....'થી પહો ફાટ્યો, મોંસૂઝણું થયું; અને 'મૃદુલા' આદિથી ઉષાની લાલિમા પૂર્વાકાશે વર્તાવા લાગી.

અમૃતની કૃતિના નાયક 'ખોખરી કાયાવાળા' 'મુડદેહાલ માણેકચંદ એમ. એ.' જેવાં અતિશય મગજમારી કરીને, એ સમયે તો ભારે મોટી મનાતી એ ઉપાધિ પામનારા એ જમાનામાં કેટલા હશે, કર્તા અ. કે. નાયકે એકાદ-બેના (પોતે તો, જાણમાં, અંગ્રેજી નાટક પણ પરોક્ષપણે ઓળખેલાં ને ઉર્દૂમાં ઉતારેલાં) અનુભવ પરથી જ એ કૃતિ નીપજાવી હશે કે કેમ, એ તો કોણ જાણે; પણ એ જમાનામાં સાંભળેલી એ તરેહની બીજી બે લીટી પણ, જેવી છે તેવી, અહીં વિના ટીકા ટપકાવી દઉં છું:

'મૅટ્રિક તો માંદા પડ્યા, બી.એ. થયા બેહાલ;
એમ.એ મરણ પથારીએ, એ વિદ્યાના હાલ!'

આ વિષય છોડ્યા પહેલાં, પ્રસ્તુત હોવાથી, અનાયાસે હાથમાં આવેલા અમુક આકાશવાણી સંભાષણની વિગત ટપકાવી લઉં. અ. કે. નાયક (૧૮૭૭-૧૯૦૭) વિષેનું એ છે. રંગભૂમિની એ વિલક્ષણ પ્રતિભા વિષે સાંગોપાંગ બધી મુખ્ય માહિતી ડૉ. ડી. જી. વ્યાસનાં એ નિબંધમાં છે. કોઈ સામયિકમાં એ છપાયો ન હોય તો સ્ફુર્તિમન્ત ચહેરો, સ્વશક્તિ પરત્વે સજગતા, તીક્ષ્ણ ઝીણી આંખો ને સાફાદાર, એવી તસવીરે-નાયક સાથે એ, બને તો તેણે લખે-ભજવેલાં 'ખૂને નાહક' (હૅમ્લેટ) વગેરેના પરિચય સાથે, કોઇકે છાપવો જોઈએ, થોડા માસમાં જ; નહિ તો એની જેમ આ નોંધ પણ ભૂલાઈ જવાની.*

ધ્યાનમાં તો હતું પણ ઉપલા નિબન્ધની જેમ દસકાઓથી મારાં કેટલાંક પુસ્તકપાનાં ને કાગળિયાંના જે ગંજ ઘરમાં ઊધઈ–ઉંદરનાં ભાવતાં ભોજન થયા કરે છે તેની સાફસૂફી કરતાં હાથ ચડ્યું–ના, ચડી–એ પુસ્તિકા પર થોડી લીટી લખું છું. હમણાં ફરી એક વાર ભાષા અંગેના જે વાદ-વિવાદ અને

---

* ડૉ. ડી. જી. વ્યાસનો એ લેખ, શ્રી નાયકની છબિ સાથે આવતા અંકમાં પ્રગટ થશે. હૅમ્લેટ'-ના વાર્તાંતરથી તો વાચકો સુપરિચિત છે જ.

આ સદીના પ્રારંભમાં સમાજ-સ્પર્શી શિષ્ટ સાહિત્યનું સર્જન કરનાર 'બંધુસમાજ' અને

ભોગીન્દ્રરાવ રતનલાલ દિવેટિયા



યુવાન વયે

જન્મ ૩૧-૩-૧૮૭૫ અવસાન ૨૭-૧૧-૧૯૧૭

★

લેખક·હરસિદ્ધભાઈ વ. દિવેટિયા

"હૂંફાળું હેત એ જેમ ભોગીન્દ્રરાવના હૃદયનો મુખ્ય ગુણ હતો તેમ ઉદ્યોગ—સતત, અસ્ખલિત, અશાન્તિજનક ઉદ્યોગ એ એમના વ્યાવહારિક જીવનનું પ્રધાન લક્ષણ હતું. એમણે લેખન-પ્રવૃત્તિ સ્વીકારેલી તે પણ સમાજ અને દેશસેવાની વૃત્તિની પ્રેરણાથી. વત્સલ કુટુંબના મીઠા ગૃહભાવવાળી એમની નવલ-કથાઓ તથા પુસ્તકોએ ગુજરાતમાં પથ્ય વિચારો ને ભીની ભાવનાઓનું સિંચન કર્યું છે." —ચન્દ્રશંકર નર્મદાશંકર પંડયા



અવસાન પહેલાં

બન્ધુસમાજના બીજા આગળપડતા સભ્ય ભોગીન્દ્રરાવ ઉર્ફે સાર્જંટ-રાવ. એમનો જન્મ ઈ. ૧૮૭૫ની ૩૧મી માર્ચે (સંવત ૧૯૩૧ના ફાગણ વદ ૯ના રોજ) અમદાવાદમાં થએલો. એમનાં માતુશ્રી ડાહી-લક્ષ્મી ગુજરાતના પ્રખ્યાત સુધારક ભોળાનાથ સારાભાઇનાં ભાણેજ થતાં હતાં. એમના પિતા રતનલાલ ત્રંબકલાલ દિવેટિયા કેળવણી ખા-તામાં ઈન્સ્પેક્ટર હતા. ભોળાનાથભાઈનાં કુટુંબીજનોના સંસ્કારોની છાપ સાર્જન્ટરાવ ઉપર નાનપણથી પડી હતી. એમનું લગ્ન બિન્દુભાઈના મોટાભાઈ નીલકંઠરાયની પુત્રી (અને મારાં માશીનાં પુત્રી બહેન અને શંકરરાય અમૃતરાયનાં ભાણેજ) ઈન્દ્રબા સાથે ઈ. ૧૯૦૦માં થયું ત્યારથી અમારા કુટુંબ સાથેનો પરિચય વધતો ગયો.

હાઈસ્કૂલમાં બિન્દુભાઈ, શિવભાઈ તથા ડાહ્યાભાઇ સાથે એ ભણતા ત્યારથી જ એમનામાં સાહિત્યનો શૉખ કેળવાએલો. રણ-જિતરામે ગુજરાત સાહિત્ય સભા સ્થાપી ત્યારથી એના સક્રિય સભ્ય બની રહી પાછળથી બે વરસ એના મંત્રીપદે પણ તે રહેલા. એમની વૃત્તિ કવિતા કરતાં નવલકથા અને નવલિકા લખવા તરફ વધારે હતી. 'વાર્તાવારિધિ'માં લખવાનું શરૂ કર્યા પછી બે વરસ મુંબાઇમાં વિલ્સન કૉલેજમાં ગાળ્યાં, પણ હવાપાણી માફક ન આવવાથી પાછા આવ્યા.

એમના કુટુંબની આર્થિક સ્થિતિ નબળી હોવાથી એમણે ઈ.૧૯૦૩-માં રાજકોટની સૌરાષ્ટ્ર હાઈસ્કૂલમાં આઠેક માસ, અને પછી ધોલેરામાં કસ્ટમ ખાતામાં નોકરી લીધી હતી; પણ બી.એ. થવાની એમની ઇ-ચ્છા એટલી પ્રબળ હતી કે ઘેર વાંચીને પણ લાહોર યુનિવર્સિટીના એક-સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે ૧૯૦૫માં એ ગ્રૅડ્યુએટ થયા. 'બન્ધુસમા-જ'ના સાતે સભ્યોમાંથી એ એકલા જ બી. એ. થઈ શક્યા હતા.

એમની પરિશ્રમ કરવાની શક્તિ, નિશ્ચયબળ અને બુદ્ધિમત્તા એ-ટલાં સબળ હતાં કે અભ્યાસની સાથેસાથે લેખનકાર્ય પણ કરી શકતા. ટૉલ્સ્ટૉયની વિચારસરણી એમને પસંદ હોઈ એમની ઘણી નવલકથા-ઓમાં એની અસર જણાય છે. 'મૃદુલા', 'ઉષાકાન્ત', 'આસિસ્ટન્ટ કલેકટર', 'મોહિની', 'તરલા', 'ચમેલી', 'લગ્ન: ધર્મ કે કરાર?' 'સૉલિસિટર', 'સિતારનો શૉખ', 'રસિકચંદ્ર (ચાર ભાગ)', 'દીવાળી કે હોળી?', 'સ્નેહ કે મોહ?', 'લલિતકુમાર', 'જ્યોત્સ્ના', 'અજામિલ', 'કૉલેજિયન' વગેરે એમની સંખ્યાબંધ—અને એ સમયે ખૂબ લોકપ્રિય થએલી નવલકથાઓ છેક ૧૯૧૭ સુધી એમણે લખી, જે-માંની છેલ્લી બે અધૂરી રહેલી. આમાંની કેટલીક અંગ્રેજી નવલકથાઓને આધારે પણ લખાએલી. ઈ. ૧૯૦૫ થી ૧૯૦૭ સુધી 'સુન્દરી સુબોધ'-ના સંયુક્ત તંત્રી તરીકે પણ એમણે કામ કરેલું.

૧૯૦૬માં અમદાવાદ પાછા આવી તે 'નેટિવ ઇન્સ્ટિટ્યૂશન' હાઈ-સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. એવામાં દયારામ ગીદુમલ અને બહે-રામજી મલબારીના પ્રયાસથી મુંબાઈમાં 'સેવાસદન' નામની, પાછળ-થી બહુ ખ્યાત થએલી ને હાલ પણ સારીરીતે ચાલતી સંસ્થાના સારા સંચાલન માટે તેના સેક્રટરી તરીકે તેમની પસંદગી થઈ, અને ૧૯૦૮માં તે ફરી મુંબાઈ ગયા. તેને સારા પાયા ઉપર મૂકીને ત્યાંથી નિવૃત્ત થઈ મુંબાઈની બાબુ પન્નાલાલ હાઇસ્કૂલમાં ૧૯૧૧માં શિક્ષક થયા, અને ઈ. ૧૯૧૭માં એમનું અવસાન થયું ત્યાં સુધી અનેક વિદ્યાર્થીઓની ચાહના મેળવીને મુંબાઈમાં સાક્ષર તેમજ શિક્ષક તરીકે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. ઈ. ૧૯૧૧થી તે અવસાન સુધી સાંટાક્રુઝના 'વ્હીલર વિલા' નામના બંગલામાં તે રહેતા અને મળતાવડા સ્વભાવને લીધે ઘણા સાક્ષરો સાથે એટલી મૈત્રી વધારેલી કે 'વ્હીલર વીલા' તે વખતે મુંબાઇના સાહિત્યપ્રિય ગુજરાતી યુવકોનું મિલનસ્થાન બની ગએલું.

'સુન્દરી સુબોધ'માંના લેખો તેમજ નવલકથાઓ દ્વારા એમણે ગુજરાતના સ્ત્રીવર્ગના માનસમાં વત્સલ કુટુંબના મીઠા ગૃહભાવ સાથે સમાજસેવાનો મંત્ર ઉતાર્યો. મુંબાઇનું 'ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ' તે સમયે તાજું જ શરૂ થયું હતું, તેમાં સાર્જન્ટરાવ સક્રિય ભાગ લેતા.

પ્રવાદ, પ્રલાપવિલાપ પણ, થવા માંડયા છે તે ચર્ચા-ચર્ચીમાં કોઈ એમ પણ કહે છે કે લશ્કરી ભાષા જે હિંદુસ્તાની, તેની જેમ બધી ભારતીય ભાષાઓ, આપણે આન્તર ભારતીય સિદ્ધ કરી શકીએ તેમ જ એ વિષયની આંતર્રાષ્ટ્રીયતા પણ પામી શકીએ માટે રોમન લિપિમાં લખા-છપાવી જોઇએ છે, ગાંધી-માર્ગી વિચારકોમાંથી થોડાને જ યાદ હશે એવી આ: Transliteration into the Roman Script (1946) by K. G. Mashruwala. 'સમૂળીક્રાન્તિ'કાર એ વિ-રલ વિચારકે એ પ્રકારની વિચારધારા જેમ ધર્મ તથા સમાજનાં ક્ષેત્રોમાં, તેમ લિપિક્ષેત્ર-માં પણ અહીં વહેવરાવીને, વિષય સમગ્રની મૂલગામી સૂક્ષ્મ વિચારણા, ઉદાહરણો સાથે એવી સરસ કરી છે કે રોમન લિપિના તરફદારો માટે તો એ જાણે બ્રહ્માસ્ત્ર જેવું લખાણ ની-વડવા સંભવ છે. એ એવી રીતે કારગત ની-

એ 'બંધુસમાજ'ના સવિશેષ ક્રિયાશીલ સભ્ય-જેમણે ગુજરાતી સામાજિક નવલનો પ્રારંભ કર્યો



'બન્ધુસમાજ' ઈ. ૧૯૧૬ના અરસામાં: ડાબી બાજુથી–રામમોહનરાય દેસાઇ (બિન્દુભાઇ), ભોગીન્દ્રરાવ દિવેટિયા (સાર્જન્ટરાવ), કૃષ્ણદેવ પંડિત, ડાહ્યાભાઈ પટેલ, શંકરરાય સહીઅડ, દિનકરરાવ ધ્રુ, શિવભાઈ દ્વરકાળ.

બન્ધુસમાજના અગ્રણી સભ્ય રામમોહનરાયે પોતાનો કાવ્યસંગ્રહ 'તરંગાવલિ' બન્ધુસમાજને અર્પણ કરતાં લખેલા શ્લોકમાં, એ સમાજના સાતે સભ્યો જે જે તખલ્લુસ (ઉપનામ)થી લખતા તે નામોની ગૂંથણી કરી છે:

શીર્ષે 'નિર્ગુણ' સૌમ્ય, ને નયનમાં 'સુબન્ધુ' ઉલ્લાસી રૂહે,
કંઠે વાણીસુધા 'સુમિત્ર'ની ઝરે પ્રીતિ, ઉરે 'પાન્થ' છે;
હસ્તે 'કૃષ્ણ' સુહાય, 'દિનકર'નો વક્ષે રૂડો વાસ: એ-
બન્ધુમંજરી! દેવીને પ્રિય પદે 'સુમન્ત' વન્દી રહે.

નિર્ગુણ=ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ; સુબન્ધુ=ભોગીન્દ્રરાવ રતનલાલ દિવેટિયા; સુમિત્ર=શિવભાઈ બાપુભાઈ દ્વરકાળ; પાન્થ=શંકરરાય અમૃતરાય સહીઅડ; કૃષ્ણ=કૃષ્ણલાલ હરગોવિંદ પંડિત; દિનકર=દિનકરરાવ વહાલાભાઈ ધ્રુવ; સુમન્ત=રામમોહનરાય જસવંતરાય દેસાઈ.

આમ એમનું નામ ગુજરાત તેમજ મુંબાઇમાં ખૂબ જાણીતું થયું હતું અને હજુ પણ વધારે ઉજ્જ્વલ ભવિષ્યની આશા હતી; પરંતુ સતત લેખનકાર્ય, શિક્ષણકાર્ય અને જાહેર પ્રવૃત્તિઓના કામનો એમના શરીર પર બોજો વધારેપડતો થયો; મુંબાઈનાં હવાપાણીની યે અસર થઈ. એનું દુઃખદ પરિણામ એ આવ્યું કે પેટના દરદથી એમની ઉજ્જ્વલ કારકિર્દીનો ૧૯૧૭માં ૨૭મી નવેમ્બરે ૪૨મે વરસે અકાળે અન્ત આવ્યો.

પથારીવશ થયા ત્યાં સુધી એમની લેખનપ્રવૃત્તિ ચાલુ જ હતી. સવારે પાંચ વાગ્યે ઊઠીને લખવાનું શરૂ કરે. પછી જમીને લોકલ પકડવાની દોડાદોડી. મુંબાઈમાં પણ ઘણે ઠેકાણે ફરવાનું. આ બધાંની અસર એમના શરીર ઉપર થઈ. છતાં પ્રમાણમાં ટૂંકી જિંદગીમાં સાહિત્ય તથા સમાજની જે સેવાઓ એમણે કરી છે તે અંત્યારે પણ એમના નિકટના સ્નેહીઓ સંભારે છે. 'ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળ'ના કાર્યકર્તા ભવાનીદાસ મોતીવાલા અને 'ભગિનીસમાજ'ના સ્થાપક કરસનદાસ ચીતલિયા સાથે એમને ગાઢો સંબંધ હતો. 'રાસ્ત ગોફતાર'ના અધિપતિ કે ખુશરો કાબ્રાજી, જે 'સ્ત્રીબોધ' નામનું માસિક ચલાવતા હતા તેમના કુટુંબ સાથે પણ એમને ગાઢ સંબંધ હતો અને એમની કેટલીક નવલકથાઓ 'સ્ત્રીબોધ'માં ચાલુ વાર્તા તરીકે આવ્યા કરતી. કવિ નાનાલાલ સાથે તો કૉલેજના સમયથી જ એમની મૈત્રી શરૂ થઈ હતી. મુંબાઈના સર્વ સાક્ષરો, સાહિત્યકારો અને સામાજિક કાર્યકરો સાથે એમને અંગત પરિચય હતો. બિન્દુભાઇના જીવન વિષે તો કોઇએ પુસ્તક નથી લખ્યું, પણ સાર્જન્ટરાવ વિષે એમના એક પ્રશંસક શાંતિલાલ તોલાટે 'ભોગીન્દ્રરાવનું જીવન અને સાહિત્ય' નામનું સારા વિવેચનયુક્ત પુસ્તક પ્રકટ કર્યું છે એ સંતોષની વાત છે. (ચાલુ)

(આવતે મહિને 'બંધુસમાજ'ના ત્રીજા સભ્ય શિવભાઈ વિષે)

વડશે? હે' જાણે! છેવટે આટલું ઉમેરું: ગાંધીજીનું હિંદુસ્તાનીમાં થએલું અમુક ભાષણ કોઇ વૃત્તાન્તનિવેદકે એનું અંગ્રેજી ભાષાન્તર કરીને તારથી છાપાં માટે મોકલ્યું ત્યારે ભાષણના મજકૂરનો વસ્તુવિપર્યાસ(ભાષણકર્તાના કથયિતવ્યથી ઊલટો જ) અંગ્રેજીમાં બની ગએલો (જોકે હવે તો હિંદીમાં તાર કરી શકાય છે). એવું ન બને માટે લિપિફેરની હિમાયત, પુસ્તિકાની પ્રાસ્તાવિક નોંધમાં એના લેખકે કહ્યું છે તેમ થએલી.

એ પુસ્તિકામાંની વિચારણા એ વિષયની એવી ધરમૂળની ક્રાન્તિ-સૂચક છે કે એની વ્યવહાર-અક્ષમતાનાં કારણે એમાં જ કદાચ કાયમની રહેવાની. ગુજરાતીના અનુસ્વાર અંગ્રેજીમાં લાવતાં નડતી મુશ્કેલીનો ઉકેલ ક્યાંક વાંચેલો તે ટપકાવું છું. Baapnu કે (ઉચ્ચારમાં 'બાપનન્'બની જાય તેવું) Baapnun નહિ લખતાં, નૂતન સ્વરશાસ્ત્રે સૂચવ્યું

છે તેમ, BāpnuN લખવું. એમ જ 'કુંકુમ'ને KuNkum લખવું જોઈએ.

સાહિત્ય-સંસ્થાની જન્મ-શતાબ્દી

મુંબાઈમાં ગુજરાતી ભાષા-સાહિત્યનાં સંશોધન, સંવર્ધનને પ્રકાશનને લગતી પ્રવૃત્તિઓ કરનાર 'શ્રી ફાર્બસ ગુજરાતી સભા'ને ગયા માર્ચ માસમાં સો વર્ષ પૂરાં થતાં એનો જન્મ-શતાબ્દી મહોત્સવ ઉજવાયો.

લંડનમાં ૭મી જુલાઈ ૧૮૨૧માં જન્મી સારા શિલ્પશાસ્ત્રી થવા પ્રયાસ કરનાર, પણ સંજોગવશાત્ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના એક અધિકારી તરીકે મુંબાઈ પ્રાંતમાં આવી, અમદાવાદમાં પ્રથમ ભોગીલાલ માસ્તર અને પછી કવીશ્વર દલપતરામ પાસે ગુજરાતી ભાષા શીખીને ગુજરાતી સાહિત્યની હસ્તલિખિત કૃતિઓનો સંગ્રહ, ભાષા વિષયક લેખો ને 'રાસમાળા' પ્રસિદ્ધ કરાવનાર, અને પોતાના મૃત્યુથી પોતાના પરમ મિત્ર દલપતરામને 'ફાર્બસ વિરહ' જેવુંગુજરાતી સાહિત્યનું પ્રથમ કરુણ-પ્રશસ્તિ-કાવ્ય લખવાની પ્રેરણા આપનાર શ્રી ઍલેકઝાન્ડર કિન્લૉક ફૉર્બ્સે જેમ અમદાવાદમાંહાલ'ગુજરાત વિદ્યાસભા'નામે ઓળખાતી 'ગુજરાત વર્નાક્યુલર સોસાએટી' અને એનું મુખપત્ર 'વર્તમાન' (બુધવારિયું), સુરતમાં 'સુરત અકાવીસી સોસાએટી'ને 'ઍન્ડ્રૂઝ લાયબ્રેરી' તેમ મુંબાઈમાં ઈ.૧૮૬૫ના માર્ચની ૨૫મીએ 'ગુજરાત સભા'ની સ્થાપના કરી, જે પાંચ માસ પછી એમના મૃત્યુ બાદ એમના જ નામથી ઓળખાવા લાગી. મદદનીશ કલેક્ટર, કલેક્ટર, રજિસ્ટ્રાર, ન્યાયમૂર્તિ વગેરે હોદ્દાઓ પર પોતાની ફરજ બજાવતાં બજાવતાં, પ્રવાસના અઠંગ શૉખીન આ વહીવટદારે ગુજરાતી ભાષાસાહિત્યના ઉત્કર્ષ-



માં રસ લઈ અનેક અમૂલ્ય હસ્તલિખિત ગ્રંથો એકઠા કરવા ઉપરાંત કંઠસ્થ સાહિત્યનો પણ સંગ્રહ કરાવ્યો હતો. માયાળુ, ઉદાર ને નિષ્ઠાવાન એવા એ ફૉર્બ્સ સાહેબે સત્યને ખાતર ૧૮૫૭ના બળવાને ન્યાય્ય ઠરાવવા જતાં પોતાના અન્ય અંગ્રેજ સાથીઓની ખફા નજર પણ વેઠી લીધી હતી!

આવા, કલા અને સાહિત્યપ્રેમી સંસ્કાર-સેવકના હાથે 'ગુજરાતી ભાષા સુધારવાના' ઉચ્ચાશયથી, 'પરોપકારી ને વિદ્વાન, દેશી અને અંગ્રેજ' સદ્ગૃહસ્થોની સહાયથી ઊભી થએલી, રૂ. ૬૫૦૦૦ના ભંડોળવાળી મુંબાઈની ફૉર્બ્સ ગુજરાતી સભાએ ઈ. ૧૮૬૫ થી ૧૯૦૩ સુધીના 'ઘટનાકાળ'માં અને ઈ. ૧૯૦૩ થી ૧૯૩૨ સુધીના 'કાર્યારંભ કાળ'માં મંદ રીતે, પણ ઈ. ૧૯૩૩માં મકાન પ્રાપ્ત થતાં ઝડપથી પ્રવૃત્તિઓ શરૂ કરી; જેના પરિણામ રૂપે 'રાસમાળા'ના ભાષાન્તરથી શરૂ કરીને ૧૯૪૦ માં ઉજવાએલા એ સંસ્થાના ૭૫મા વર્ષના ઉત્સવના 'મણિમહોત્સવ ગ્રંથ' સુધીમાં ઇતિહાસ, ધર્મ, વિજ્ઞાન, સંશોધન, લોકસાહિત્ય આદિ વિષયો પરના ૭૦ જેટલા ગ્રંથો, ૫૦ જેટલીપુસ્તિકાઓને ૨૯ વર્ષથીચાલતું,ભાષા, સાહિત્ય, શિક્ષણ, સંસ્કૃતિ, સંશોધન જેવા વિષયો પર અભ્યાસપૂર્ણ લેખો પ્રગટ કરતું ત્રૈમાસિક મુખપત્ર આપણને પ્રાપ્ત થયાં છે.

પણ સંસ્થાની નોંધપાત્ર સેવા તો મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી અને અન્યત્ર અપ્રાપ્ય, એવા આઠ હજાર મુદ્રિત અને હજારેક હસ્તલિખિત ગ્રંથોધરાવતું 'બુદ્ધિવર્ધક પુસ્તકાલય' તથા વિદ્યાર્થીઓને ઉપકારક વ્યાખ્યાનમાળાની યોજના છે. સંસ્થાનો સભાખંડ સાહિત્યિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક ને સામાજિક પ્રવૃત્તિ કરનાર કોઈ પણ સંસ્થા માટે ખુલ્લો રહે છે.

સર્વશ્રી મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી, દીવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, અંબાલાલ બુલાખીરામ જાની અને શંકરપ્રસાદ છગનલાલ રાવળ જેવા સાહિત્યસેવીઓએ ને ભૂતકાળમાં અને શ્રી હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટિયાતેમજશ્રી જયોતીન્દ્ર હરિહરશંકર દવે જેવી નિષ્ઠાવાન વ્યક્તિઓએ વર્તમાનમાં આ સંસ્થાનું સંચાલન કરી એને ધ્યેયનિષ્ઠ રાખવામાં ઉપયોગી મદદ કરી છે.

સંસ્થા ઉત્તરોત્તર પોતાની પ્રવૃત્તિઓ વિકસાવી સમાજને શિક્ષણ ને સંસ્કાર આપી પ્રગતિશીલ બનાવે અને એ દ્વારા એના સ્થાપકના આત્માને યોગ્ય ભાવાંજલિ અર્પે એ અભ્યર્થના કરીએ.

કલાવાર્તા

ભારતમાં ચાર્લ્સ ડિકન્સ

—એવાં સનસનાટીભર્યાં મથાળાં છાપાં-વાળાઓએ બાંધ્યાં! અને બિરદાવ્યો! મુક્તકંઠે સ્તુતિ કરી, તાળીઓથી વધાવ્યો, ફૂલોનો વરસાદ વરસાવ્યો! 'શી એની છટા! શી એની પ્રતિભા! કેવી સૃષ્ટિ ઘડીભરમાં એણે ઊભી કરેલી! કળાકાર તે આનું નામ!' આમ ચારે કોરથી વાહવાહ મેળવી વિમાનમાં બેસી ડિકન્સ પાછો લંડન ગયો!

'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા'ના સ્ટાફ રિપોર્ટરે નીચે મુજબ નોંધ્યું: 'તા. ૨૭મી એપ્રિલ '૬૫ મંગળવારે સાંજે ૭-૩૦ વાગ્યે ઇન્ડિયન એર લાઇન્સ કોર્પોરેશનના વિમાનમાંથી કરચલીવાળા કાળા સૂટમાં સજ્જ, ટૂંકા રૂપેરી વાળવાળો ચાર્લ્સ ડિકન્સ સાન્તાક્રૂઝ ઍરપોર્ટ પર ઊતર્યો! પાછળ હતો એનો સ્ટેજ-મૅનેજર. એની હળવી ચાલ અને નિરાંત જોઈ લાગતું હતું કે એને આજે રજા હતી.'

એમ્લીન વિલિયમ્સ એમનું નામ. અમદાવાદમાં તા. ૨૬મી એપ્રિલ ને સોમવારે સવારે શ્રીમતી મૃણાલિની સારાભાઇના નિવાસસ્થાન 'ચિદમ્બરમ્'માં આયોજિત એક નાના મિલનમાં એ કળાકારને મળવાનું પ્રાપ્ત થયું હતું. વિખ્યાત નૃત્યપીઠ 'કલાક્ષેત્ર'નાં સંચાલિકા શ્રીમતી રુક્મિણીદેવી એરુંડેલ પણ



ચાર્લ્સ ડિકન્સ તરીકે

સંયોગવશાત્ ત્યાં હતાં. દેખાવેચાર્લ્સચેપ્લીન જોડે પણ કંઈક સામ્ય ધરાવતા આ કળાકારે પ્રશ્નોના રમૂજી જવાબો વાળી પોતાની કળાના ગાંભીર્ય અને કસોટીની સ્વાનુભવરસિક સરસ વાતો કરી....અને રાત્રે 'અટીરા'ના ઑડિટોરિયમમાં ૮-૩૦ વાગ્યે રંગમંચ પર જોયા તો તે આ વિલિયમ્સ જ નહિ! દાઢી, બ્હિસ્કર્સ, હાથમાં ત્રણચાર ડિકન્સના ગ્રંથ... રંગમંચ પર એક ટેબલ, ત્યાં આવીને, બે શતકપૂર્વે ડિકન્સ જેમ લંડનમાં કરતો તેમ હાથનાં મોજાં કાઢી, ચોપડીઓમાંથી કેટલીક ઉથલાવી એકાદેક પ્રસંગ ઉપાડચો અને—

પ્રત્યેક પળે વર્ણ્ય પાત્રોની સજીવ સૃષ્ટિ ખડી કરી! ડિકન્સે મમતાપૂર્વક જનસ્વભાવનું જે ઊંડું નિરિક્ષણ કર્યું છે તેને ચાટૂક્તિ, નર્મોક્તિ, વ્યંગ્ય, હાસ, ઉપહાસ, એમ હાસ્યની કંઈ કંઈ છાયાઓ અને છટાઓ સહિત વર્ણવી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી મૂકચા! વધુપડતો અભિનય તે નથી કરતા. ખપ પૂરતો અંગવિન્યાસ કરી હાસ્ય જન્માવે; ચહેરા પર જરા કરચલી પડે, સ્મિતની સરવાણી કયાંક ફૂટી નીકળે; પળમાં કચવાટ દેખાય; એક આંગળી ફરકે; અને એટલા અભિનયમાત્રમાં તો પાત્રને નજર સમક્ષ ખડું કરી દે! અવાજમાં ઘડીમાં ગુંજારી, ઘડીમાં ઘોષ તો ઘડીમાં આપણને ખાનગી વાત કરતા હોય તેવો ધીમો, હળવો, સૂરીલો. પાતળો, ઊંચો, ઘેરો, ગંભીર, તીણો, મીઠો, રસીલો એમ નાનાવિધ પ્રકારોમાં તેને પલટીને ધારી અસર ઉપજાવે. આનંદ અને ઉદાસી, કારુણ્ય ને ઉલ્લાસ, ઉદારતા, લુચ્ચાઇ, આભિજાત્ય તો ઘડીક વળી ટૂંકું મન, કઠોરતા, તો ફરી વળી માર્દવ, કટાક્ષ અને માનવતા, એમ કંઈકંઇ અર્થચ્છાયાઓ લાવે; બધું પળભરમાં ભાવચ્છટાઓપૂર્વક આપણાં ચિત્તમાં સંક્રાંત કરે. વિક્ટોરિયન યુગમાં આપણને લઈ જાય. તે યુગનું ચિત્ર ખડું કરી દે. ગૂંગળાતી મહત્ત્વાકાંક્ષાઓ, વિફળ ગએલા અભિલાષો, માનવતાના હક્કો ગુમાવી બેઠેલા નીચલા પટના લોકો પર થતા જુલ્મના આર્તનાદ, — કંઈ કેટલું ય તે અવગત કરાવે.

'પિકવિક પેપર્સ', 'ટેઇલ ઑવ ટુ સિટીઝ', 'ડામ્બી ઍન્ડ સન' 'લિટલ ડૉરિટ' વગેરેમાંથી પ્રસંગો અને પાત્રો ઉપાડે. છેલ્લે 'ધ નર્સરી સ્ટોરી ફ્રૅામ ધી અનકમર્શીઅલ ટ્રાવેલર'વાળી 'એ બેડટાઇમ સ્ટોરી ફોર એ ગુડ ચાઈલ્ડ' કહી આપણા શૈશવના અનુભવો તાજા કરે.



ઍલન વિલિયમ્સ

એમનો જન્મ વેલ્સમાં થએલો. ઑક્સફર્ડમાં હતા ત્યારે પહેલું નાટક લખ્યું તે 'ફુલ્લ-મૂન.' ૧૯૩૦માં પહેલવહેલી ઝળહળતી ફતેહ રંગમંચ પર મળી તે નાટક હતું: 'એ મર્ડર હૅઝ બીન ઍરેન્જડ.' વિખ્યાત ડેઈમ સિબિલ થૅાર્નડાઇક સાથે લાગટ બે વર્ષ લગી 'ધ કૉર્ન ઈઝ ગ્રીન'માં ભૂમિકા ભજવી. 'જ્યૅાર્જ' નામે પોતાની આત્મકથામાં ૨૧ વર્ષ લગીની યુવાન વયની કારકિર્દીનો ચિતાર આપ્યો છે.



ચાલુ એ. બી. સી. ડી.ના અક્ષરોની નવી જોરદાર ઢબના નમૂના અવારનવાર 'કુમાર'માં ઉતારવામાં આવતા તેમાંનો એક નમૂનો. નવીનતા અને ઉઠાવને માટે આવા અક્ષરોનો રોજિંદાં અનેક કામોમાં ઉપયોગ કરી શકાય. ફૂટપટ્ટી અને કંપાસની મદદથી કોઈ પણ કુશળ વિદ્યાર્થી એ આલેખી શકે. જોઇતા કદ પ્રમાણે તેનાં નાનાંમોટાં પ્રમાણ કરી શકાય.

ડિકન્સ જેવું આકૃતિસાદૃશ્ય તેઓ ધરાવે છે, એવો જ એકમાત્રી પ્રયોગ ડિલન ટૉમસ તરીકે પણ તેઓ સફળતાપૂર્વક કરી ચૂક્યા છે. 'ધ સિટાડેલ', 'બ્રોકન બ્લૉસમ્સ', 'હૅટર્સ-કૅસલ', 'ધ સ્ટાર્સ લુક ડાઉન' 'આઇવૅન્હો', 'ધ એલ શેઈપ્ડ રૂમ' વગેરે ચલચિત્રોમાં મહત્ત્વની ભૂમિકા એ ભજવી ચૂક્યા છે.

'ચિદમ્બરમ્'માં મળેલી બેઠક વખતે એમનો વૈયક્તિક પરિચય સવિશેષ થયો હતો. તેમનું હાસ્ય નર્મમર્મ યુક્ત છે. વળી આ પ્રકારના પ્રયોગોમાં મૂળ લેખક સાથેના આકૃતિસામ્યને તે અનિવાર્ય ગણે છે. એમના પુત્ર ઍલન વિલિયમ્સ નવલકથાકાર છે. રંગમંચ પર તાળીઓ ઝીલી આ નમ્ર કલાકાર સૌની રજા લેતાં છેલ્લે ડિકન્સનાં પુસ્તકો અને ડિકન્સ જેવું વાપરતા તેવા 'ડેસ્ક'ને અભિવંદે છે. કહેવાય છે કે ડિકન્સ પ્રત્યેના તેમના આ આદરને પ્રેક્ષકો સરખી ઊલટથી સર્વત્ર વધાવે છે. તે મેં પ્રત્યક્ષ અમદાવાદના 'અટીરા' અને મુંબાઈના 'ભૂલાભાઈ' ઑડિટોરિયમમાં અનુભવ્યું છે. અમદાવાદમાં શ્રીમતી મૃણાલિની સારાભાઈ સંચાલિત 'દર્પણ' અને મુંબાઈમાં શ્રી દામુ ઝવેરી સંચાલિત 'આઈ. એન. ટી.'ના સહયોગમાં બ્રિટિશ કાઉન્સિલે એમને રજૂ કર્યા, એ ત્રણે સંસ્થાઓને ધન્યવાદ.

સુનીલ કોઠારી

ટિકિટસંગ્રહ



દ્વીતિય રાષ્ટ્રીય નૌવહન-દિન નિમિત્તે ૫મી એપ્રિલે બહાર પડેલી ભારતની ખાસ ટપાલ-ટિકિટ (પ્રેષક: મહેન્દ્ર વોરા –અમદાવાદ અને પ્રકાશ મોદી –કલકત્તા) પર જે જહાજનું ચિત્ર છે એ 'જલઉષા' દેશના 'હિન્દુસ્તાન શિપયાર્ડ'માં તૈયાર થએલું પ્રથમ જહાજ છે. ઇ. ૧૯૪૮માં સિંધિયા સ્ટીમ નૅવીગેશન કંપની માટે સ્વ. પંડિત નેહરુએ એ તરતું મૂક્યું હતું. નૌવહન-દિનની ઊજવણી નિમિત્તે કરવામાં આવેલી એની છેલ્લી સજાવટ પછી હવે એને એની સેવાઓમાંથી નિવૃત્ત કરવામાં આવ્યું છે. આ દરમ્યાનની એની ૧૦૫ સફરોમાં એણે ૮,૮૬,૦૦૦ ટન માલની હેરફેર કરી હતી.



મથાળે: પોલાંડ, રૂમાનિયા, ભૂતાન, હંગેરી, એમ વિવિધ દેશોની આ ટિકિટોમાં વિષય અને ઘાટ-રૂપનું પણ વૈવિધ્ય છે. (પ્રેષક: મધુ પંડયા – અમદાવાદ)



ઉપર: 'પૂર્વ આફ્રિકન સફારી'ના પ્રસંગે ગઈ ૧૫મી એપ્રિલે તાન્ઝાનિયા, (ટાંગાન્યીકા અને ઝાંઝીબાર), યુગાન્ડા તથા કીનિયાએ બહાર પાડેલી એ ટિકિટો. (મોકલનાર: હસમુખ ડી. શાહ, નકુર) નીચે: સીલોને પોતાને ત્યાંના ઔદ્યોગિક પ્રદર્શન પ્રસંગે બહાર પાડેલી ટિકિટ (પી. એન. વર્મા, અમદાવાદ).



આંતરરાષ્ટ્રીય સંદેશ-વ્યવહારની શતાબ્દીની ઊજવણીમાં ભારતે આ (મે) માસની ૧૭મી તારીખે બહાર પાડેલી નવી ટિકિટ.

આ માસ (મે) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: રૉબર્ટ પીઅરી

અનેક રાષ્ટ્રોના શોધસફરીઓનું લક્ષ ઉત્તર ધ્રુવ તરફ મંડાએલું હતું ત્યારે નાનસેનના



'ફ્રામ'ની ઉત્તરખંડની રખડપાટથી પ્રેરાઇ અમેરિકન નૌકાદળના એક અમલદાર રૉબર્ટ પીઅરીને પણ ત્યાં પહોંચવાની તમન્ના જાગી, એટલું જ નહિ પણ બહુ ઓછાં સાધનો અને અતિ ઝડપી સફરવડે એ ઉત્તરધ્રુવને માથે અમેરિકાનો ઝંડો રોપી પણ આવ્યો.

ઈ. ૧૮૫૬ની ૬ઠ્ઠી મેએ અમેરિકાના પેનસિલ્વાનિયા રાજ્યમાં એનો જન્મ થએલો. ૧૮૮૧માં એ નૌકાદળમાં જોડાયો ને નિકારાગુઆની જહાજી નહેરની એણે મોજણી કરી. ૧૮૮૬માં તે ડિસ્કોના ઉપસાગર તરફ ગયો ને ત્યાંના બર્ફસ્તાન વચ્ચે રહી ધ્રુવપ્રદેશના આરોહણની સરળતા વિચારવા લાગ્યો.

તે પછી બારે વર્ષે ૧૮૯૮ની સાલમાં પોતાની સફર આરંભી ત્યાર સુધીમાં તો એણે એ કાતિલ ઠંડીના મુલકની ઘણીખરી મુસીબતોનો ખયાલ મેળવી લીધો હતો. પણ તેની ટુકડી છસો માઈલથી વધુ આગળ વધી શકી નહિ. છતાં આ દરમિયાન એમણે શોધી કાઢેલું કે ગ્રીનલૅન્ડ એ દ્વીપકલ્પ નહિ પણ એક વિશાળ ટાપુ જ છે.

૧૯૦૬માં એણે ફરી તૈયારી આદરી. ગ્રીનલૅન્ડને માર્ગે તે આગળ વધ્યો પણ ભીષણ તોફાનોને કારણે એને પાછા ફરવું પડ્યું. દસ જ મહિના પછી ફરી એ ઊપડ્યો. એના નામે સ્થપાએલી 'પીઅરી ક્લબે' એને 'રૂઝવેલ્ટ' નામે એક જહાજ ભેટ આપ્યું. વીસવીસ વર્ષથી સંસ્કૃત દુનિયાથી ઉઝરડાઈને બર્ફીલા પ્રદેશમાં વસેલા ને હવે ત્રેપન વર્ષની વયે પહોંચેલા પીઅરીએ ઈ. ૧૯૦૮ની ૧૭મી જુલાઇએ ૨૨ માણસો સાથે ત્રીજી સફર આરંભી. ઑગસ્ટમાં તેઓ ગ્રીનલૅન્ડની યૉર્ક ભૂશિરે પહોંચ્યા. ત્યાંથી એના કેટલાક એસ્કિમો મિત્રો પણ સાથે થયા. યૉર્કથી ઈટા ને ત્યાંથી બરફ સાથે લડતા તેઓ શેરિડનની ભૂશિરે પહોંચ્યા. અહીંથી ગ્રીનલૅન્ડની ઉત્તર સીમાએ કોલંબિયા ભૂશિર પહોંચી ત્યાંથી ધ્રુવ પર પહોંચવાની એમની નેમ હતી.

બરફના થરો વચ્ચે કોઈ પણ પળે વહાણ ભીંસાઈ જવાની ધાસ્તી વચ્ચે માર્ગ કરતા તેઓ કોલંબિયા ભૂશિરના કિનારાથી દોઢસો-એક વાર દૂર આવી લાગ્યા ને ત્યાં એમનું જહાજ બરફ વચ્ચે ફસાઈ પડ્યું!

આટલે સુધી પહોંચતાંમાં તો ૨૪૫માંથી ૮૫ કૂતરા અને પીઅરીના હાથપગનાં દસ આંગળાં ખલાસ થઈ ગયાં હતાં. ઉત્તર ખંડની લાંબી રાત શરૂ થઈ ગઈ હતી. એ કાતિલ રાતમાં એમણે ત્યાં શિયાળુ મુકામ કર્યો.

સાથમાં ૧૭ એસ્કિમો અને ૧૩૩ ચુનંદા કૂતરાઓ લઈ ફેબ્રુઆરીમાં એમણે ફરી કૂચ આદરી. માર્ગમાં બરફનાં પાતળાં થર તૂટી પડતાં નીચે ઊંડાં પાણીમાં ગરકી જવાના સતત ભય સાથે તેઓ ધ્રુવ તરફ ધસી રહ્યા હતા. દરમિયાન વર્ષોથી પીઅરીને સાથઆપનાર માર્વિન, એક સ્લેજ તથા કેટલાક કૂતરાઓ ખરે જ અંદર ગરકીને ગારદ થઈ ગયા!


ધ્રુવ હવે ૧૪૦ માઇલ જ દૂર હતો. ૮૯ ડિગ્રી ઉત્તરે એમણે છેલ્લી છાવણી નાખી.

૧૯૦૯ની ૬ઠ્ઠી એપ્રિલે એની સ્રી મૅથ્યુ હૅન્સન અને ઇજિંગ્વાહ, સિગ્લૂ, ઊટા અને ઊકિયાહ એ ચાર એસ્કિમો સાથે પીઅરીએ ઉત્તરધ્રુવ પર અમેરિકાનો ધ્વજ રોપી દીધો. એણે આ કૂચના છેલ્લા ૧૩૦ માઇલ માત્ર બે જ દિવસમાં કાપ્યા હતા, અને એ પણ 'સ્કી'ની મદદ વિના. એની આ ઝડપને કારણે તે ખરેખર ધ્રુવ પર પહોંચ્યો હશે કે નહિ એવી પણ એક શંકા પાછળથી ઊઠી હતી, પણ પછી એના દાવાને સ્વીકારવામાં આવ્યો.

પીઅરીનો આ વિજય કદાચ સરળ લાગે; પણ એ માટે વતન છોડી, સંસ્કૃતિ યે છોડી વીસવીસ વર્ષ એસ્કિમો વચ્ચે રહી ધ્રુવપ્રદેશના બરફના પ્રવાહો, પાણી ને પવનોનો એણે કરેલો અભ્યાસ ને મૂર્ત કરેલી ઝિંદાદિલી જ એ વિજય સહેલાઇથી આણી શકી હતી. કોઈ પણ એપણા કે તમા વગર, કેવળ અંગત સાહસશૌર્યે જ ઉત્તરાવર્તની આ વિજયયાત્રા કરનાર પીઅરીનું ઈ. ૧૯૨૦ની ૧૯મી ફેબ્રુઆરીએ વૉશિંગ્ટનમાં અવસાન થયું.

પ્રસંગવિશેષ: શીતળાની રસીનો પ્રથમ પ્રયોગ, તા. ૧૪મી મે ૧૭૯૬

એક વાર જેને ગાયને નીકળેલા બળિયાનો ચેપ લાગ્યો હોય એને પછી શીતળા ન નીકળે



એવી એક માન્યતા હતી. બર્કલી (ઇંગ્લંડ)ના એક દાક્તર એડવર્ડ જેનરે એ માન્યતાને ચકાસી પણ જોઈ હતી. આ જ ચેપ જો તંદુરસ્ત શરીરમાં જાણીજોઈ ને દાખલ કરવામાં આવે તો પાછળથી એ માણસ શીતળાનો પ્રતિકાર કરી શકે એમ એને લાગતું હતું. પોતાના ખયાલને ચકાસવાની એને તક મળી ગઈ. સારાહ નામે એક છોકરી એને ત્યાં ગાયના બળિયાના પોતાને લાગેલા ચેપની દવા કરાવવા આવી. એના હાથ પર ફૂટી નીકળેલા દાણામાંનો ચેપી પદાર્થ સક્રિય હોઈ જો એ કોઈના શરીરમાં જાય તો એને પણ એ જ બીમારી લાગુ પડી શકે તેમ હતુ. જેનરે પોતાનો ખયાલ ચકાસવા એમ જ કર્યું. જેમ્સ ફિપ્સ નામના એક આઠેક વર્ષના તંદુરસ્ત છોકરાના હાથ પર સહેજ કાપ મૂકી એણે સારાહને લાગેલા રોગનો ચેપ એમાં દાખલ કર્યો. ઈ. ૧૭૯૬ની ૧૪મી મેનો એ દિવસ. આઠમે-નવમે દિવસે કાપને સ્થાને સોજો આવી સહેજ દુખાવો, તાવ, અરુચિ ને માથું દુખવા સિવાય જેમ્સને કંઈ થયું નહિ, ને પછી બીજે દિવસે તો એ પાછો હસતોરમતો થઈ ગયો. ત્રીજે મહિને જેનરે જેમ્સના શરીરમાં એ જ રીતે શીતળાનો ચેપ મૂક્યો. પ્રયોગ જોખમકારક જ હતો, પણ જેનરને એની સફળતાની પૂરેપૂરી આશા હતી. દિવસો વીત્યા પણ જેમ્સના શરીર પર શીતળાની કોઈ અસર જણાઈ નહિ. જેનરને ખાતરી થઈ કે ગાયના ઓરીની રસીને કારણે જ જેમ્સ શીતળાના ચેપ સામે ટકી શક્યો હતો. આગળ જતાં શીતળાના પ્રતિકાર માટેની એ રસી મૂકવાની દિશામાં વિકાસ અને સુધારાઓ પણ થયા ને પરિણામે આજે એ મહામારી સામે માણસજાત ઠીકઠીક પ્રતિકાર કરી શકે છે. છતાં હજી આજે યે એ રોગથી થતાં મરણની સંખ્યા સારી એવી મોટી રહી છે. આ ૧૯૬૫ના 'આંતરરાષ્ટ્રીય સહયોગ વર્ષ' દરમિયાન રોગ-પ્રતિકારની દિશામાં શીતળા સામે ખાસ લક્ષ કેન્દ્રિત કરવામાં આવ્યું છે.



ચીતરવાનું સહેલ છે: ચિત્રકામ કરવાનો શોખ તો ઘણાને હોય છે પણ 'એ તો કોઈ શીખવે તો શિખાય' એવું માની લઇને કશું કરતા નથી. પરંતુ જેને હાથમાં પેન્સિલ કે પેન પકડતાં આવડી હોય તેવો કોઇ પણ માણસ, જો ઉમંગ હોય તો, આપમેળે ઘણું આગળ વધી શકે છે. વિચાર કરો, કે આપણને દસ આંકડા, બારખડી શીખતાં નાનપણમાં કેટલો વખત લાગ્યો હતો? આપણી સાથે ભણતા બધાયને આંકડા અને અક્ષરો નિરપવાદ રીતે આવડી જ જતા હતા, તે એટલે સુધી કે દરેક જણ મનની યાદથી અક્ષરો અને આંકડા ઝપાટાબંધ કરતો થઈ જતો.

૧. પહેલો મહાવરો: અક્ષરો અને આંકડાની પેઠે ચિત્રકળામાં પણ આકારો કરવાને હાથને કેળવણી આપવી પડે છે. જેમ ચાલતાં કે સાઈકલ શીખતાં તેનો મહાવરો (અનુ○ પૃ. ૧૯૦)

માનવીની પરીક્ષા

સોનબાઈ બાર મહિને એકાદ બે વાર આવે ત્યારે પોતા માટે તથા છોકરાં માટે અમારાં જૂનાં કપડાંની આશા કરે ખરી. તેનો પતિ મોહન શાકનો ટોપલો લઇ ઘેર ઘેર ફરીફરીને શાક વેચે. ઉનાળો બેસતાં દાબડા અથાણું કરવા માટે આંબા વેડાવીને કેરી પણ મોહન લઇ આવે.

આ વખતે એ લોકો કેરી લઇને આવ્યાં ત્યારે મેં પૈસા ચૂકવી આપ્યા, પછી કપડાં આપ્યાં. કપડાં લેતાં સોનબાઈ જરા હસી. મેં પૂછ્યું: 'કેમ હસી અલી?' એટલે તે વધારે હસી પડી. બોલી: 'કાંઈ નહિ એ તો.' મેં ઘણું પૂછ્યું ત્યારે બોલી: 'કપડાં આપનાર ત્રણ જાતનાં હોય છે.' મેં કહ્યુ તે કેવી રીતે? ત્યારે તે બોલી: 'તમે જેવાં હોય તેવાં કપડાં આપી દો છો. પેલાં કમુબા છે ને, બહુ લોભી છે. ખમીસ આપે તો બટન કાપી લે. ચણિયો આપે તો નાડું કાઢી લઈને આપે. ફ્રૉક આપે તો હૂક કાઢી લે.' આ સાંભળી મેં કહ્યુ: 'એ કેવું હલકાપણું કહેવાય? નાડામાં અને હૂક-બટનમાં જીવ શો રાખવો?' ત્યારે સોનબાઈ બોલી: 'પણ પેલાં શીરીનબાઈ કપડાં આપે છે તે તો જરાક ફાટેલું હોય તો સાંધીને આપે, બટન જરા ઢીલાં પડેલાં હોય તો મજબૂત ટાંકી દે. ચણિયાને નાડું ન હોય તો નાંખીને આપે. વળી હમેશ ધોબીનાં ધોવરાવેલાં અને ઈસ્ત્રીબંધ કપડાં જ તે અમને આપે છે. અમે ગરીબ માણસ આમ ઝીણી ઝીણી બાબતો ઉપરથી માણસની કિંમત કરીએ ખરાં.'

મેં કહ્યુ: 'ચોથા પ્રકારનાં આપનારાં તું વીસરી ગઇ.' ત્યારે મોહન બોલી ઊઠ્યો: 'એ હું કહું. એવાં બેરાં કદી ન પહેરાય એવા ગાભા-ડૂચા જ દાનમાં આપે છે સાવ ફાટી ગએલા સાલ્લા, તદ્દન ઝરી ગએલા ચણિયા; છતાં અમે તો તે પણ લઈ લઇએ.' મેં પૂછ્યું: 'એવાં કપડાંને શું કરો?' ત્યારે હસીને સોનબાઈ બોલી: 'ઘણું થઈ શકે. ઓઢવાની ગોદડી થાય, અગર વેચીને પૈસા ઉપજાવીએ, કરિયાણાવાળાને કોથળીઓ બનાવીને વેચીએ અથવા છેવટ ફેંકી પણ દઇએ પણ આપે તેને ના તો ન જ કહીએ.' (વિનોદિની નીલકંઠ)

કંકાવટી

સ્વ. પાર્વતીકુંવર નીલકંઠ

આપણા આદ્ય સુધારકો પૈકીના એક અને ગુજરાતના એક અગ્રિમ કેળવણીકાર રાવસાહેબ મહીપતરામ રૂપરામ નીલકંઠે લખેલા તેમનાં પત્નીના જીવનચરિત્ર 'પાર્વતીકુંવરઆખ્યાન' (૧૮૮૧)ને પાર્વતીકુંવરનું જીવનચરિત્ર કહેવું એના કરતાં મહીપતરામના આત્મચરિત્રનો 'લગ્નજીવન' નામે એક ખંડ કહેવો વધારે યોગ્ય છે. મહીપતરામે આ ચરિત્ર 'તરુણીઓના સુબોધ માટે' રચ્યું છે. સહજીવનના સાંભર્યા તે બનાવો મહીપતરામે એમાં રજૂ કર્યા છે, પણ તેમનું વલણ પ્રસંગો કહેતાં પત્નીની પ્રશંસા સાથે તેના ગુણોનું વર્ણન કરવા તરફ વિશેષ છે.

નાનપણથી સંસ્કારી અને ધાર્મિક વાચનના શોખવાળાં, ક્ષમાશીલ, સુઘડ, કરકસરવાળાં, ચતુર, ડાહ્યાં, વહેમથી પર પણ આસ્તિક, સુધારક પતિને પક્ષે ઊભાં રહેનારાં, સ્ત્રી-ઉન્નતિ અને કેળવણીમાં રસ લેનારાં, સ્વાર્પણશીલ પાર્વતીકુંવર ગરવી ગુજરાતણ રૂપે, આ ચરિત્ર વાંચતાં આપણી સમક્ષ ખડાં થાય છે. શાંત સ્વભાવનાં, સમર્પણશીલ ઋજુ હૃદયનાં એ ચરિત્રનાયિકાનું આંતર-વ્યક્તિત્વ લેખક સારી રીતે બહાર લાવી શક્યા છે.

આ નાનકડી ચરિત્ર-કૃતિને તેના લેખકના આત્મચરિત્રના એક વિભાગ તરીકે ઉપર ગણાવી છે એ જોતાં, આત્મકથાની એક આવશ્યકતા નિખાલસતાનાં તેમાં થતાં દર્શનની નોંધ લેવી જોઇએ. મહીપતરામ પાર્વતીકુંવરના શાંત સ્વભાવને અંજલિ આપતાં કહે છે: 'નરમાશથી મારા કોપને વાળવાની તેનામાં ભલી યુક્તિ હતી. નારી જાતિ સંબંધી મારા વિચાર સુધર્યાની પૂર્વે, અને પોતાની ભાર્યાને માન આપવું જોઇએ એવું સમજાયું ન હતું ત્યાં લગી હું બીજાઓના જેવો જુલમી હતો; પણ મારા જુલમની વાત તેણીએ કદી કોઈને મરતાં સુધી કહી ન હતી, એવી એ ખરેખરી સન્નારી હતી.'*



મહીપતરામની નિખાલસતાનું એક વધુ ઉદાહરણ જોઇએ. પાર્વતીકુંવરે મુંબાઇમાં અંગ્રેજી ભાષા શીખવા માંડી હતી પણ તે અભ્યાસ બંધ પડયો, કેમ કે મહીપતરામ કૉલેજની પરીક્ષા માટે તૈયારી કરવામાં અને બીજા કામમાં એટલા રોકાયા કે પાર્વતીકુંવરને એ શીખવવાનો સમય તેમને મળ્યો નહિ. આ સંબંધી મહીપતરામ લખે છે કે 'વળી એ ભાષાનું જ્ઞાન આગળ ઘણું ઉપયોગી થશે અને તેનો ઘણો ખપ લાગશે એ વિષે તે વેળા મેં પાકો વિચાર કરેલો નહિ. સ્વભાષામાં સ્ત્રીકેળવણી સંબંધી મને ઘણી હોંસ હતી, પણ અંગ્રેજી ભાષા ભણાવવાના ફાયદા પર એ સમે મારું પૂરું લક્ષ લાગ્યું ન હતું. આ મારી ભૂલને માટે તે મને ઘણી વાર ઠપકો દેતી.'+

મહીપતરામની શૈલી અહીં સ્વ. પાર્વતીકુંવરના વ્યક્તિત્વ જેવી જ સરળતા અને ઋજુતાના પ્રભાવવાળી છે. મહીપતરામના 'પાર્વતીકુંવર આખ્યાન'થી ગુજરાતી સાહિત્યમાં સ્વજનનાં ચરિત્ર લખવાનો પ્રારંભ થયો એમ આપણે કહી શકીશું.

કવિ ગણપતરામ રાજરામ ભટ્ટે મહીપતરામનાં 'પાર્વતીકુંવર આખ્યાન'નો આધાર લઈ 'પાર્વતીકુંવર ચરિત્ર' (૧૮૯૧) પદ્યમાં રચ્યું છે તેની નોંધ અહીં જ લઇએ. પાર્વતીકુંવરનો જન્મ, લગ્ન, કેળવણી ગૃહસ્થાશ્રમ, તેમના પતિ મહીપતરામનું પરદેશગમન, વિદેશથી પાછા આવી મહીપતરામનું તેમના વડીલોથી જુદા રહેવું, પાર્વતીકુંવરનો પતિ સાથે રહેવાનો આગ્રહ, પાર્વતીકુંવરના સસરા રૂપરામનું અવસાન અને તેમની ઉત્તરક્રિયામાં જ્ઞાતિએ કરેલું નડતર, સતી પાર્વતીકુંવરે પતિને પડખે ઊભાં રહી તેમને આપેલાં સાંત્વન અને સહકાર, પતિપત્નીનું ઐકમત્ય, એમના સુધરેલા વિચાર, પાર્વતીકુંવરના સ્ત્રીકેળવણીના પ્રસારના પ્રયાસ, અમદાવાદના અનુભવ, પાર્વતીકુંવરનો મંદવાડ અને છેવટે અવસાન, આ સર્વેનું પદ્યમાં નિરૂપણ કરીને કવિ ગણપતરામ ભટ્ટે અંતે પાર્વતીકુંવરને ભાવભીની અંજલિ આપી છે. (ડૉ.) **ઉપેન્દ્ર ર. ભટ્ટ**

* 'પાર્વતીકુંવર આખ્યાન' (૧૮૮૧) પૃ. ૫.

\+ એ જ પૃ. ૨૭.

તમીળના મહાકવિ તિરુવલ્લુવરે લગ્ન બાદ પહેલી જ વાર ભોજન પીરસતી પત્ની વાસુકિને થાળી પાસે હમેશાં એક પ્યાલામાં પાણી ને સોય મૂકવાની આજ્ઞા કરી, જે પતિવ્રતા પત્નીએ અંત સુધી પાળી. મૃત્યુશય્યા પર પડેલી પત્નીએ અંતિમ ઇચ્છા તરીકે ઉપર્યુક્ત આજ્ઞાનું રહસ્ય જાણવા માગતાં કવિએ કહ્યું: 'પીરસતી વખતે ભાતનો એકાદ દાણો પડી જાય તો સોયથી ઉપાડી, પાણીથી ધોઈ લઈ લેવાનો મારો આશય હતો; પણ તારી દક્ષતાથી મારે એનો કદી ઉપયોગ ના કરવો પડયો.'

પાંચ પ્રશ્નો

૧) હમણાં પરિણામ આવ્યાં તે પરીક્ષામાં તમારું બાળક ન પાસ થયું, કે ધાર્યું પરિણામ ન લાવ્યું તે માટે તેને ધમકાવ્યું હતું?

૨) તેના અભ્યાસ ઉપરાંત તેને ગમતી રમતો કે શૉખ તરફ ધ્યાન આપતાં રહો છો?

૩) તેની શારીરિક સ્વચ્છતા ઉપરાંત તેની સોબતો વગેરેથી તેની માનસિક સ્વચ્છતા પણ ન જોખમવાની કાળજી રાખો છો?

૪) તેની દરેક જન્મગાંઠે તેના વજન તથા ઊંચાઈની નોંધ રાખો છો?

૫) તમારાં બધાં બાળકો પર સરખું જ ધ્યાન ને હેત રાખો છો, કે પછી?...

શાકભાજીનું સમયપત્રક

વૈશાખ માસમાં વાવો: ભીંડા, મરચાં, ગુવાર, રતાળુ, સૂરણ, કારેલાં, કાકડી, તૂરિયાં, કોળું, પંડોળાં.

જ્યોત્સ્ના ખૂનકેસ

(વસંતતિલકા)

શી મુગ્ધતા-સભર ખેલતી આંહિ જ્યોત્સ્ના!
સાળુ અહો રજતરંગી ઊડે હવામાં,
ને શીતસૌમ્ય સ્મિત એનું સુગંધ રેલે,
તેજસ્વી રૂપ સુરલોક થકી ઉતાર્યું!
ઈર્ષ્યાળુ કિન્તુ અહીં કો પળમાં હણી લે
એને અરે સ્વિચની એક જ 'કટ્' થકી શે!

ગીતા પરીખ

તરબૂચની વાનગીઓ

આ તરબૂચની ઋતુ છે. કરકસરથી તેના એકેએક ભાગનો નિ:શેષ ઉપયોગ કરી શકાશે.

તેના લાલ, પોચા ગરના નાના ટુકડા કરી તેનું આટલી રીતે શરબત બનાવાય: ૧) તેમાં બરફ, ગુલાબનું લાલ શરબત અને પાણી નાખીને; ૨) નાના ટુકડામાં ૧ બાટલી લેમન, ૧ બાટલી રાસ્પબેરી, જરૂરી ખાંડની ચાસણી તથા એકાદ બે ચમચા ગુલાબજળ નાખીને; ૩) કસ્ટર્ડ પાઉડર તથા ખાંડનું પાતળું પ્રવાહી બનાવી તેમાં લાલ ગરના ટુકડા નાખી (ઇચ્છા હોય તો) થોડું લીંબું નીચોવીને.

સફેદ ને સખત ભાગ નકામો ગણીને ફેંકી ન દેતાં ૧) તેને છીણી દૂધીની જેમ તેનાં મૂઠિયાં બનાવી, બાફી કે તળીને ખાઇ શકાય; ૨) તેની છીણમાં મીઠું, લીંબુ, ખાંડ, લીલાં મરચાં નાખી, રાઇનો વઘાર કરી કોથમીર ભભરાવી કચુંબર કરી શકાય; ૩) છીણને દહીંમાં નાખી રાઇતું થઇ શકે; ૪) દૂધી પેઠે નાના કટકા કરી ટમેટાં સાથે સ્વાદિષ્ટ શાક બનાવી શકાય; ૫) છાલ સાથે તેના ટુકડાને મીઠું દઈ સૂકવણી કરી રાખી, તળીને ખાઇ શકાય.

તરબૂચનાં બીને પણ મીઠું દઇ, સૂકવીને રાખી મૂકવાં. મુખવાસ કે બાળકોને ગમ્મતના ચાવણા તરીકે અપાય. —રમા ઝવેરી

ઘરગથ્થુ ઔષધ — ૪૧ : ડુંગળી

હા, ડુંગળી; જેને કોઈ લેખકે ગરીબની કસ્તૂરી કહી છે તે, સર્વત્ર સુલભ ને શક્તિપ્રદ ખાદ્ય, એક ઔષધ પણ છે. પ્રાચીન કાળથી આયુર્વેદજ્ઞો એનાં શરીરકર્મ (ફિઝિકલ ઍક્શન)ને જાણી એનો ઔષધીય વિનિયોગ કરતા આવ્યા છે. સંસ્કૃતમાં એને 'પલાણ્ડુ' કહે છે.

ડુંગળી ભારે, કંઇક ઉષ્ણવીર્ય, તીક્ષ્ણ, જરાક કફકારક ને પિત્તકારક, બળપ્રદ, વાજીકર (કામશક્તિ વધારનાર), રુચિકારક, અગ્નિવર્ધક તથા વાયુનાશક છે. આચાર્ય ચરકે એનો 'આહારયોગી' (એટલે ખાદ્ય પદાર્થ) તરીકેનો પણ ઉલ્લેખ કર્યો છે.

રક્તસ્રાવ

આયુર્વેદમાં રક્તસ્રાવને અટકાવવા માટે કેટલાક વિશિષ્ટ પ્રયોગો જોવા મળે છે. લોહી વહેતું બંધ કરવા માટે સામાન્ય રીતે શીતળ પ્રયોગો યોજાતા હોય છે; પણ ઘણી વાર ભીલામો, કબૂતરની હગાર, મૂળા વગેરે જેવા ઉષ્ણ અને તીક્ષ્ણ પદાર્થો લોહીને પડતું અટકાવે કે વધારે? અટકાવે એવો અનુભવ છે. ઘણી વાર સ્રોતોમાં કફને કારણે કે વાયુની રુક્ષતા અને શીતળતાને કારણે અવરોધ ઉત્પન્ન થાય છે. આ અવરોધને કારણે લોહીની ગતિ અટકે છે. હરસમાં આવું જ બને છે. સિરામાં અવરોધને કારણે લોહી હૃદય તરફ ઉપર જઈ શકતું નથી. એ નીચે ગુદાની વલિઓમાં સંચિત થાય છે. આવી સ્થિતિમાં ઉષ્ણ અને તીક્ષ્ણ પદાર્થોના સેવનથી સ્રોતોનો અવરોધ દૂર થાય છે, રોગની આંતરિક કડી તૂટી જાય છે અને રક્તસ્રાવ બંધ થાય છે. મૂળા એથી જ હરસમાં ઉપયોગી બને છે.

આચાર્ય ચરકે ચિકિત્સાસ્થાનના ૧૪મા અધ્યાયમાં લોહી પડતું હોય એવા હરસ માટે છાશ (તક્ર) નાખીને સિદ્ધ કરેલું ડુંગળીનું શાક સૂચવ્યું છે, તથા આગળ હરસના રક્તસ્રાવ અને વાયુને મટાડવા માટે ઔષધ તરીકે પણ ડુંગળીના સેવનને સૂચવ્યું છે.

ચિકિત્સાસ્થાનના ૪થા અધ્યાયમાં નાકમાંથી લોહી પડતું હોય તો તેમાં ચરકે ડુંગળીના રસનાં ટીપાં નાકમાં નાખવાનું સૂચવ્યું છે. આ બંને પ્રયોગો શાસ્ત્રીય છે. આવા પ્રયોગોને શાસ્ત્રમાં વિપરીતાર્થકારી કહે છે= વિપરીત દેખાતા હોવા છતાં જે અર્થકારી હોય, રોગ મટાડતા હોય.

હેડકી - દમ

હેડકી ને દમ બંને જાણીતાં છે. બંનેનું નિરુપણ ચરકે એક જ પ્રકરણમાં કર્યું છે કેમ કે બંનેની સંપ્રાપ્તિ (આંતરિક કડી) સરખી છે. હેડકી અને દમમાં ડુંગળીના રસનાં ટીપાં નાકમાં નાખવાનું ચરકે સૂચવ્યું છે. (અ૦ ૧૭)

પ્રચલિત પ્રયોગો

૧) ઉનાળામાં લૂ ન લાગે તે માટે ડુંગળી અને કેરીની કચુંબરનું સેવન ઘણું જ લાભદાયી છે. ૨) કૉલેરામાં ડુંગળીના બે તોલા રસમાં અર્ધો તોલો આદુનો રસ ભેળવી દિવસમાં ત્રણ વખત પીવાથી ઘણો ફાયદો થાય છે. ૩) મરડામાં લોહી પડતું હોય તો અર્ધા તોલા ઘીમાં એક મોટી ડુંગળીનો રસ મેળવી સવારે, બપોરે ને સાંજે પીવાથી ફાયદો થાય છે. ૪) વાઇ વગેરેને કારણે આવેલી મૂર્ચ્છામાં ડુંગળી કાપીને સુંઘાડવાથી મૂર્ચ્છા મટે છે. ૫) વીંછીના ડંખ ઉપર ડુંગળીનાં ટીપાં મૂકવાથી રાહત થાય છે. ૬) ભમરીના ડંખ પર ડુંગળીનો રસ મસળવાથી શાંતિ થાય છે.

પ્રસૂતા માટે

પ્રસૂતાને વાયુના વિકારો ન થાય અને શક્તિ મળે એ માટે સૌરાષ્ટ્રમાં ઘઉંનો શીરો અને ઘીમાં સાંતળેલું ડુંગળીનું શાક ખાવા આપવાનો રિવાજ છે. નાગરિક બહેનોએ આ રિવાજ આચરણમાં મૂકવા જેવો છે. ડુંગળીનું ઘીમાં સાંતળેલું શાક પરમ વાયુનાશક અને જઠરાગ્નિને બળવાન બનાવનાર છે.

નિદ્રાપ્રદ

ભાવમિશ્રે ડુંગળીને નિદ્રાપદ કહી છે. સાંજે ડુંગળીની દહીંમાં નાખેલી કચુંબર ખાવાથી ઊંઘ આવે છે. આ પ્રયોગ અનિદ્રાથી પીડાતા દર્દીઓએ કરવા જેવો છે. પરિણામની જાણ લેખકને કરવા ખાસ વિનતિ.

લાભશંકર ઠાકર



આજે લગભગ આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર સુધી ગુજરાતી સહિત્યનું પ્રતિનિધિત્વ લઈ જનાર **શ્રી** ઉમાશંકર જોશીને આજથી બરાબર ૨૫ વર્ષ પહેલાં રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો તે વખતે પ્રકટ થએલા એમના પરિચયલેખનો ઉઘાડનો ભાગ પણ થોડામાં ઘણું કહી જાય છે, જેમાં એમના ભાવિની અરુણાઈ છે.

'બેટા, દેશાવર ભલે ખેડે, પણ આપણી ઝૂંપડી ભૂલીશ મા; ઊગમણે બારણે આપણું ઘર છે.' આંખમાં આંસુ સાથે ઉચ્ચારાએલાં માતાનાં આ છેલ્લાં વિદાયવેણને અંતરમાં કોતરીને, ઈ. ૧૯૨૦ના ઉનાળાની એક સાંજે દસ વરસનો એકગભરુ કુમારઉત્તર ગુજરાતના એક નાનકડા ગામની ભાગોળ છોડે છે. ઊંટ પર બેસી ભાગોળના ડુંગરા ઓળંગતાં ઓળંગતાં એ વાક્યોને અંતરમાં ઘૂંટે છે. દસ વરસના કૂંપળ-ફૂટતા કૌમારે મળેલા આ આંસુભર્યા ઉપદેશનો, 'ઊગમણે બારણે' શબ્દોનો મર્મ, એના સમસ્ત જીવનનું ભાથું બની રહે છે.

કુદરતની મહેરથી મઢેલા પોતાના નાનકડા ગામની ડુંગરાળ ભાગોળો છોડી એ ઈડરના છાત્રાલયમાં આગળ અભ્યાસ માટે આવે છે. 'ઘરનો ઉંબરો છોડ્યો એટલે કૂવાનો દેડકો મટી જઈને છાત્રાલયની બહોળી દુનિયામાં એ ઝબકોળાય છે. કેળવણીની દુકાનો સરખી હાઇસ્કૂલોના ગોદામ જેવા એ છાત્રાલયમાં ગાળેલાં છ વરસમાં કોઈ ગૂઢ ગ્રહણશક્તિથી એ દુનિયાનો મોંઘો અનુભવ' મેળવવા પામેછે.

બીજાં ચૌદ વરસ વીતી જાય છે. ૧૯૩૦–'૩૨માં દેશમાં આવેલી જાગૃતિના જુવાળે ચડીને, એ ભરતીનાં મોજાં સાથે અનેક દિશાઓમાં ફેંકાતો એ (હવે તરુણ થયો છે) ૧૯૩૪માં મુંબાઈમાં ખેંચાઈ આવે છે—અંતરમાં એવી જ આકાંક્ષાઓની ચડતી ભરતી સાથે. કોડભર્યા એના અંતરમાં હવે કવિતા કૉળી ને ફાલી છે. મલબાર હિલ પરથી એક ફૂટથી સવારે એ 'સુરભિવેષ્ટિત પૂર્વદેશે' સળવળતા મનોહર મુંબાઈનું દર્શન કરે છે અને એના અંતરમાંથી ઉદ્ગાર સરી પડે છે:

'આ ભૂમિનો બનીશ એક દિ હું વિજેતા.'

ઉમાશંકરને

• વસંત •

લૈ ટાંકણું કલમનું કર, ને વરેણ્યા
જે વિશ્વકાવ્યજનની તણી તેં પ્રતિષ્ઠા
કીધી સુચારુ અમ આંગળ, શબ્દશિલ્પી!,
આમંત્રતી પ્રણતિ સર્વ દિશા થકી એ;
ના વર્તમાન,—મગરૂબ થશે ભવિષ્યે.
એ સર્વદ્વેષી ન તું કાળ! વિલોપજે તે.
સંતપ્ત આ જગતની સમજી તિતીર્ષા
માંડી છ તેં પરબ વિશ્વતૃષા છિપાવા.
પીવાઈ તૃપ્ત બનતું તુજ એ મહેચ્છા,
ને દૃષ્ટિપૂત પથ સાચવતી તિતિક્ષા
નિર્મી રહી છ અહીં અક્ષરમૂર્તિ તારી.
ઊર્ધ્વે પ્રયાણ હજુ ઊર્ધ્વ વધારતો જા,
ને ઓ વિરાટ બટુ! ઓ અભિજાત દ્રષ્ટા!
વર્ધિષ્ણુ હો ક્ષિતિજ તારી, શતંજીવી થા.


અશોક હર્ષ

(અનુસંધાન પૃ. ૧૯૭થી)

કરવો પડે છે તેમ ચિત્રોમાં પણ શરૂઆત કરનારે નિયમિતપણે દસપંદર દિવસ, રોજ રાત્રે કે સવારે ઓછામાં ઓછો અરધો કલાક, આ સાથે આવેલા પાનામાં બતાવેલા લીટાઓથી પ્રારંભ કરવો. અંદર બતાવેલા લીટાઓનું ઉપરચોટિયું અનુકરણ શરૂઆતમાં કરવું; પછી મનથી એવા લીટા, ટપકાં, પાંદડી અને વળાકા વડે રોજ પાંચદસ ફૂલસ્કૅપ કાગળો ઘસડી નાખવા. પેન્સિલ જાડી, ઝીણી કે ચપટી ભલે હોય, પણ તેની અણી બહુ લાંબી, બહુ બુઠ્ઠી ન હોય તે જોવું. પેન્સિલની અણીની ખરી-ખોટી રીતોના નમૂના પણ તેમાં આપેલા છે તે પર ધ્યાન આપી પોતાની પેન્સિલ સુધારવી. રબર યાદ પણ કરવું નહિ, કારણ કે આમાં કશું સુધારવાનું હોતું જ નથી. લીટીઓ ને આકારોને બને તેટલા વળ, વીંટા, ચોકઠાં કે ગુલાંટો આપવાની પેન્સિલને કસરત આપવી. પછી પંદર દિવસમાં તમારા હાથમાં કેવી તાલાવેલી જામે છે તે જુઓ. (આવતે મહિને બીજો મહાવરો)



સહીની નીચે તારીખ દર્શાવે છે તે પ્રમાણે ઉમાશંકરના પચ્ચીસમા વર્ષે પર
શ્રી રવિશંકર રાવળે કરેલો સ્કેચ




'આ ભૂમિનો બનીશ એક દિ હું વિજેતા' એ, ઉપર નિર્દેશેલી પંક્તિવાળા કાવ્ય 'ઊગી ઉષા'નું લખાયાનું મૂળ સ્વરૂપ.

આહારનું આયોજન

આહાર અને આરોગ્ય-૬૩

લેખક

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



શરીરનાં પોષણ, વૃદ્ધિ, મરામત ને આરોગ્ય માટે રોજિંદા આહારમાં જરૂરી પદાર્થોનો સારગ્રાહી ને સમગ્ર ખયાલ આપતું આહારપુષ્પ.

◖ એમાં શારીરિક બંધારણ માટે પ્રોટીન પોષણના કેન્દ્રમાં છે. અને તે બન્ને પ્રકારનાં (પ્રાણિજ અને વનસ્પતિજ) આવશ્યક ગણ્યાં છે.

◖ એના પછી ઉપયોગી ખનિજ-દ્રવ્યો તથા ક્ષારો આવે છે.

◖ તે પછી પ્રાણિજ ને વનસ્પતિજ ચરબી; ને ત્યાર બાદ કાર્બોહાઇડ્રેટ પદાર્થોનું સ્થાન છે. ક્ષાર ને ચરબી કરતાં શરીરમાં તેનો વધારે ઉપયોગ હોઈ તેનું વર્તુલ પહોળું છે.

◖ કાર્બોહાઇડ્રેટ પછી સૌથી પહોળું વર્તુળ પાણીનું છે, જે શરીરમાં તેના વિશેષ પ્રમાણની જરૂરત દર્શાવે છે.

◖ એની આસપાસ આહારપુષ્પની પ્રફુલ્લતા દર્શાવતી પાંચ વિટામિનોની પાંખડીઓ છે જેની વચ્ચે, ઉચિતરીતે જ, હવા ને સૂર્યપ્રકાશની નાની પાંદડીઓ તેનું સર્વવ્યાપીપણું સૂચવે છે. એ જાતે ખોરાક ન હોવા છતાં આરોગ્ય જાળવવામાં એમનું સ્થાન અનિવાર્ય છે.

◖ પાંચે વિટામિનોની સંયુક્ત કામગીરીથી શરીરને ધારણ, પોષણ અને આરોગ્યપ્રાપ્તિ મળે છે એ દર્શાવવા એ પાંખડીઓ એકબીજી સાથે સળંગ સંબંધમાં દર્શાવી છે.

◖ પાણી ને ખનિજક્ષારો, પ્રોટીનો, કાર્બોહાઇડ્રેટ, ચરબી અને વિટામિનોના બનેલા આપણા શરીરના જેવાં જ દ્રવ્યોનું આ પુષ્પ નિર્દેશક છે. આમાંનું એકાદ દ્રવ્ય પણ ખૂટતું કે પ્રમાણમાં ઓછું હોય તો પુષ્પ અધૂરું કે છિન્ન બને. આવી જ રીતે ન્યૂન ખોરાકથી આપણું શરીર પણ હીનાંગ બને. આ આહાર-પુષ્પને યાદ રાખી રોજિંદા આહારનું આયોજન કરવાથી કોઈ પણ ઉમર માટે શરીરની વૃદ્ધિ અને આરોગ્ય માટે શરીરને સદા ય યોગ્ય દ્રવ્યો મળી રહેશે.

◖ વળી, ખોરાકના સૌ:ઘટકોના સમુચિત સમન્વયવાળો આહાર પોષણ ઉપરાંત બળ ને સહનશક્તિ આપે છે. કોઇ પણ ઘટકની ઊણપથી ન્યૂનતાજનિત રોગો થાય છે અને કૌવત, સ્ફૂર્તિ તથા જોમનો અભાવ અનુભવાય છે. આપણે માત્ર જીવવા કે પેટ ભરવા ખાતા નથી, પણ ખાવા પાછળ સુદૃઢ આરોગ્ય સાથે સુસહત શરીરનો આશય છે. એ ગમે તેવા આહારથી પ્રાપ્ત થતાં નથી. એ માટે તો જોઇએ ખોરાકનાં બધાં તત્ત્વોના સમુચિત સમન્વયવાળો યુક્તાહાર.

આધ પદાર્થોના ગુણ આપણે જોઈ ગયા. તે માહિતીના આધારે હવે ઈષ્ટતમ (ઓપ્ટીમમ) આહારના આયોજન વિષે વિચારીએ. ઉષ્માંક, પ્રોટીનો, ખનિજદ્રવ્યો ને વિટામિનોને મિ. શર્મને સપ્રમાણ આહારના ચાર પાયા ગણાવ્યા છે. આમાંના દરેક સમૂહનું ને એ સમૂહના દરેક પદાર્થનું મહત્ત્વ છે. એના અભાવથી મોડું કે વહેલું શરીર મરણગ્રસ્ત થાય છે. પાણીનું પણ મહત્ત્વ ભૂલવાનું નથી. એના વિના ચારપાંચ દિવસમાં, તો ઉષ્માંક ને પ્રોટીન વિના પચાસસિત્તેર દિવસમાં, અને ખનિજદ્રવ્યો ને વિટામિનો વગર લાંબાગાળે શરીર પડતું હોવાનું મિ. હચિન્સનનું કથન છે.

આહારીય પદાર્થોનાં ઉષ્માંક-મૂલ્ય અને ખનિજ દ્રવ્યો તથા વિટામિનોનાં પ્રમાણ યાદ રાખવાં અને તેમને આહારમાં ગોઠવવાની કાળજી રાખવી મુશ્કેલ છે. આ કે તે વિટામિન યા ખનિજદ્રવ્ય પરત્વે વધારે ધ્યાન આપવાથી બીજા ખાદ્યપ્રાણો ભુલાઈ જવાનો સંભવ છે. એના કરતાં નીચે દર્શાવ્યા મુજબ વિશિષ્ટ ગુણદાતા ખોરાક સરળતાથી યાદ રાખી તે દરરોજના આહારમાં લેવાની ચોક્કસાઈ રાખવી વધારે સરળ થશે. આટલા ખોરાકો પોષણ માટે કીમતી છે:

(૧) શક્તિદાતા ખોરાક: ચરબી, કાર્બોહાઇડ્રેટ અને (આ બાબતમાં બહુ મહત્ત્વનાં નહિ એવાં) પ્રોટીનો...એ મળે છે ઘી, માખણ, શુષ્કધાન્યો, ખાંડ, મધ, સૂકો મેવો, ને કઠોળમાંથી.

(૨) શરીરની વૃદ્ધિ અને મરામત માટે: પ્રોટીનો અને થોડા અંશે કૅલ્શ્યમ તથા લોહ, દૂધ, દહીં, છાશ, પનીર, ફણગાવેલાં કઠોળ, મગફળી, ઈંડાં, માંસ ને મચ્છીમાંથી એ મળી રહે છે.

(૩) જીવનક્રિયાઓનું નિયમન કરનાર, શરીરનાં તંતુઓ બનાવનાર, શરીરના બંધારણ અને ખિલવણી માટે અનિવાર્ય અને રોગનિવારક ખોરાક: ખનિજ દ્રવ્યો ને વિટામિનો...એ મળે છે દૂધ, દહીં, છાશ, શાકપાન ને ફળો તથા મચ્છી વગેરેમાંથી.

શક્તિકાર્ય

ખોરાકનો મોટો ભાગ બળતણ તરીકે વપરાઇ તેમાંથી શરીર માટે આવશ્યક શક્તિ પેદા થાય છે. આપણે ઊંઘમાં કે સંપૂર્ણ આરામમાં પડયા હોઇએ તો પણ શરીરનું ઉષ્મામાન જાળવવા, શ્વાસોચ્છ્વાસ, રુધિરાભિસરણ, ખોરાકના પાચન ને શરીરની બીજી ક્રિયાઓ વગેરેમાં શક્તિનો વ્યય થાય છે. આ કામગીરીઓ નિભાવવા માટેની શક્તિના ઉત્પાદનમાં આપણો અરધા ઉપરાંતનો ખોરાક વપરાય છે. જાગ્રતાવસ્થામાં પથારીમાં બેઠા થવાથી માંડી શરીરના હલનચલનમાં શક્તિનો વધારે વ્યય થાય છે અને એમાંની વધુ શક્તિ આમતેમ હરવાફરવામાં, કામ ને રમતમાં વપરાય છે. આથી સ્પષ્ટ થશે કે શરીરની અંગસ્થિતિ અને કામના પ્રકાર ઉપર શક્તિના ઉત્પાદન માટેના ખોરાકના પ્રમાણનો આધાર રહે છે. વળી ઉમર, જાતિ ને શરીરના બાંધા પ્રમાણે અને ઋતુમાન અનુસાર તેમાં ફેરફાર રહે છે. શરીરના વજનના પ્રમાણમાં મોટાંઓ કરતાં ઉછરતાં બાળકોને વધારે ખોરાક જોઈએ છે; સ્ત્રીઓ કરતાં પુરુષોને, કન્યાઓ કરતાં કિશોરોને, બેઠાડુ કરતાં શ્રમજીવી તથા ખેલાડીને અને સામાન્ય સ્ત્રીઓ કરતાં સગર્ભા

ને સ્તન્યપાન કરાવતી સ્ત્રીઓને વધારે ખોરાક જોઈએ છે. ઉનાળા કરતાં શિયાળામાં પણ ખોરાક વધારે જોઈએ છે.

શક્તિ જુદાજુદા ખોરાકમાંથી તેમાં રહેલાં કાર્બોહાઇડ્રેટ, પ્રોટીન અને ચરબીના પ્રમાણમાં મળે છે. ખોરાકનું એ શક્તિમૂલ્ય 'ઉષ્માંક' (કૅલરી) તરીકે ઓળખાય છે.

હિંદના ગરમ પ્રદેશોમાં રહેતા સરેરાશ માનવીને રોજ ૫૨૦૦ ઉષ્માંકની ને સખત પરિશ્રમીને ૩૦૦૦ ઉષ્માંકની જરૂરિયાત હોવાનું દક્ષિણ હિંદના કુનુરની 'ઇન્ડિયન ફૂડ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'ના પોષણ-સંશોધનના ભૂતપૂર્વ વડા સર રૉબર્ટ મૅક્કૅરિસનનું કથન છે. આ ઉષ્માંક મેળવવા માટે રોજિંદો ખોરાક એવા પ્રકારનો હોવો જોઈએ કે જેમાં ૬૫થી ૭૫ ગ્રામ પ્રોટીન, ૫૦ થી ૬૦ ગ્રામ ચરબી અને ૪૮૦ ગ્રામ કાર્બોહાઇડ્રેટ હોય. ઠંડા પ્રદેશની કામઢી વ્યક્તિના ખોરાકમાં પ્રોટીન ને ચરબી વધારે (પ્રોટીન ૯૦ થી ૧૦૦ ગ્રામ અને ચરબી ૭૦ થી ૮૦ ગ્રામ) જોઇએ, આના પ્રમાણમાં કાર્બોહાઇડ્રેટ પદાર્થો ઓછા કરવા.

પુખ્ત વ્યક્તિના રોજિંદા ખોરાકના પ્રમાણ અનુસાર સ્ત્રીઓ અને બાળકોના ખોરાકનું પ્રમાણ નક્કી કરવામાં મૅક્કૅરિસનની દોરવણી આ પ્રમાણે છે: (૧) સ્ત્રી અને ચૌદ વર્ષ ઉપરની કુમારીને પુરુષના ખોરાકનું ૮/૧૦ પ્રમાણ, (૨) ચૌદ વર્ષની ઉમર ઉપરના કુમારને પુરુષના જેટલું પ્રમાણ, (૩) દસથી તેર વર્ષનાં બાળકોને આશરે ૭/૧૦ પ્રમાણ (૪) છ થી નવ વર્ષનાં બાળકોને અરધું, (૫) બે થી પાંચ વર્ષનાં બાળકોને ૧/૩, (૬) બે વર્ષના બાળકને ૧/૫. (૭) સગર્ભા સ્ત્રીને પુરુષના જેટલું અને (૮) ધાવણ આપતી માતાઓને વધારે પ્રમાણ જોઈએ.

કયો ખોરાક કેટલો?

પણ આ રીતે પ્રોટીન, ચરબી ને કાર્બોહાઇડ્રેટ આપતા ખોરાકની તારવણી અને ગોઠવણી કરવાનું તો વિજ્ઞાની કે પોષણશાસ્ત્રીને ફાવે. થોડું ભણેલા કે સામાન્ય માણસને તો ન જ ફાવે. આના કરતાં તો ઇન્ડિયન કાઉન્સિલ ઑવ મેડિકલ રીસર્ચની 'પોષણ સલાહકારી કમિટી'એ સરાસરી પુખ્ત વયના માનવી માટે સૂચવેલો યુક્તાહારનો કોઠો દરેકે જાણવા જેવો—બલકે, યાદ રાખી આચરણમાં મૂકવા જેવો છે:

ખાદ્યપદાર્થ	રોજિંદી જરૂરત (ઔંસ)	ખાદ્યપદાર્થ	રોજિંદી જરૂરત (ઔંસ)
શૂકધાન્ય (ઘઉં, ચોખા, બાજરી, મકાઇ)	૧૪	દૂધ	૧૦
કઠોળ	૩	ગોળ ને ખાંડ	૨
લીલોતરી ભાજી	૪	તેલ ને ઘી	૨
કંદમૂળ ને બીજાં શાક	૬	માંસ ને મચ્છી	૨
ફળો	૩	ઈંડું (રોજ)	૧ નંગ

આ આહારમાંથી ૩૦૦૦ ઉષ્માંક અને ૯૦ ગ્રામ પ્રોટીન મળે છે. જો માંસ મચ્છી ને ઇંડાં વર્જ્ય હોય તો દૂધના પ્રમાણમાં ૬ થી ૮ ઔંસનો વધારો કરવો. જો આ પણ ન બની શકે તો કઠોળનું પ્રમાણ વધારવું. ફાવે તો મગફળી ખાવામાં લેવી.

રોજનું દરેકને દસ ઔંસ કે એથી વધારે દૂધ ઘણાંને પરવડી શકે એમ નથી. ફળનું પણ એવું જ છે. એવા લોકોના ખપમાં આવે એવો આહારનો નમૂનો ડૉ. કાન્તિલાલ શાહ આ પ્રમાણે રજૂ કરે છે:

ઘઉં ૭ ઔંસ, ચોખા ૫, દાળ ૩, લીલોતરી શાક ૮, બીજાં શાક ૬, દૂધ ૪, ઘી ને તેલ ૨, તથા ખાંડ-ગોળ ૨ ઔંસ. આ આહારમાંથી ૨૮૦૦ ઉષ્ણાંક અને ૮૦ ગ્રામ જેટલું પ્રોટીન મળી રહે છે.

ગાંધીજીની દષ્ટિએ

રાષ્ટ્રપિતા ગાંધીજી પ્રયોગવીર હતા. જીવનમાં સત્યના પ્રયોગોની સાથે તેમણે ખોરાકના પણ પ્રયોગો કર્યા હતા. શરીર-સુખાકારીની દષ્ટિએ બુદ્ધિજીવી મનુષ્યનો રોજનો આ ખોરાક તેમણે યોગ્ય લેખ્યો છે.

'ખોરાકમાત્ર ઔષધરૂપે લેવો જાઇએ; સ્વાદને ખાતર નહિ. સ્વાદ માત્ર રસમાં રહ્યો છે અને રસ ભૂખમાં છે. હોજરી શું માગે છે એની ખબર બહુ થોડાંને રહે છે, કેમ કે આદત ખોટી પડી ગઈ છે. (૧) બે રતલ ગાયનું દૂધ (૨) છ ઔંસ એટલે પંદર તોલા અનાજ (ચોખા, ઘઉં, બાજરી ઈ. મળીને) (૩) શાકનાં પાંદડાં (પત્તી-ભાજી) ત્રણ ઔંસ અને બીજાં શાક પાંચ ઔંસ (૪) એક ઔંસ કાચું શાક, (૫) ત્રણ તોલા ઘી કે ચાર તોલા માખણ (૬) ત્રણ તોલા ગોળ કે સાકર (૭) તાજાં ફળ, જે મળે તે રુચિ અને શક્તિ પ્રમાણે. આ બધાં વજન કાચાં એટલે વગર રાંધેલા પદાર્થનાં છે. નિમકનું પ્રમાણ નથી આપ્યું. રુચિ પ્રમાણે ઉપરથી લેવું જોઇએ. ખાટાં લીંબુનો રસ શાકમાં ભેળવાય અથવા પાણી સાથે પીવાય.'

આહારની આ યોજના એવી હોવી જોઇએ કે એમાંથી પૂરતા ઉષ્માંક મળી રહે અને વળી આહારના ત્રણે ય ઘટકો (કાર્બોહાઇડ્રેટ પ્રોટીન અને ચરબી) સમુચિત પ્રમાણમાં હોય. આજે તો વધારે કાર્બોહાઇડ્રેટ, ઓછાં પ્રોટીન અને જો સ્થિતિ સારી હોય તો વધારે ચરબી, એ મોટા ભાગના લોકોના આહારની સંરચના છે! એક જાતનું શૂકધાન્ય ખાવા કરતાં બે કે ત્રણ શૂકધાન્ય સાથે ખાવાં. એકલા ચોળા ખાવા કરતાં ચોળા ને ઘઉં કે બાજરી ખાવાં. એકલાં શૂકધાન્ય ખાવા કરતાં એમાં કઠોળ ભેળવવું ઉત્તમ છે. કઠોળમાંથી બી વિટામિનો અને પ્રોટીન મળે છે. ચોખામાંથી મિલ-છડના ચોખા કરતાં હાથ-છડના ચોખા અને મેંદાને બદલે આખા ઘઉંનો લોટ ખાવાનો છે.

આહારમાં કુલ પ્રોટીનનો પાંચમો ભાગ અને ચરબીનો ત્રીજો ભાગ પ્રાણિજ હોવાં જોઇએ. નિરામિષાહારી માટે પ્રાણિજ પ્રોટીનનું એકમાત્ર સાધન દૂધ દહીં અને છાશ છે. ઘી અને માખણમાંથી પ્રાણિજ ચરબી મળે છે. રોજિંદા આહારમાં અનાજના પ્રમાણમાં ચોથા ભાગનાં ફળો અને લીલોતરી શાક-પાન લેવાની ચીવટ રાખવાનું મૅક્કૅરીસનનું કથન છે. લીલોતરી શાક-પાન અને ફળોમાં ખનિજ-દ્રવ્યો, ક્ષારો અને વિટામિનો સારા પ્રમાણમાં હોય છે. આ ચીજો જો આહારમાં પૂરતા પ્રમાણમાં હોય તો શરીરને ખનિજ-દ્રવ્યો ક્ષારો ને વિટામિનો યોગ્ય પ્રમાણમાં મળી રહે છે.

શક્તિદાતા અને રક્ષણદાતા

આહારના પોષણીય કર્તવ્ય મુજબ મૅક્કોલમે તેના બે વિભાગ ગણાવ્યા છે: શક્તિદાયક અને રક્ષણદાતા (પ્રોટેક્ટિવ).

શૂકધાન્યો, કંદમૂળ. ખાંડ, મધ અને વનસ્પતિઘીએ શક્તિદાયક છે.

દૂધ અને દૂધની નીપજો, ઘી ને માખણ, લીલોતરી શાક-પાન ને ફળો, કલેજી કૉડલિવર ઑઇલ ને ઈંડાં રક્ષણદાતા ખોરાકો છે.

પહેલા પ્રકારના ખોરાકોમાંથી ઉષ્માંક અને શક્તિ મળે છે પણ તેમાં શ્રેષ્ઠ પ્રકારનાં પ્રોટીનો વિટામિનો ને ખનિજ-દ્રવ્યોની ઊણપ છે.

બીજા પ્રકારના ખોરાકો આ ખાદ્ય-પ્રાણોથી સમૃદ્ધ છે. એમનાથી શરીરનાં બંધારણ અને ખિલવણી, જીર્ણ કોષોની મરામત અને આરોગ્યની જાળવણી થાય છે; એકલા શૂક અને શિંબી ધાન્યોના આહારથી ઉત્પન્ન થતી નુકસાનકારક અસરોમાંથી શરીરનું રક્ષણ થાય છે.

ખોરાકમાત્ર (અને પાણી પણ) ભૂખ અને મૃત્યુથી શરીરનું રક્ષણ કરે છે. આ દષ્ટિએ દરેક ખોરાક રક્ષણદાયી તો છે જ. હચિન્સને ટાંકેલા મૅરાકના કથન મુજબ કૅલ્શ્યમ, લોહ, આયોડિન, વિટામિન 'એ' 'સી' ને 'ડી'ના વાજબી પ્રમાણ વિના મહિનાઓ સુધી જીવાય તો છે, પણ રક્ષણદાતા ખોરાકથી આહાર વધારે પોષણક્ષમ બને છે.

આપણા આહારમાં શૂક ધાન્યોની વિપુલતા છે ને પ્રાણિજન્ય પ્રોટીનો ઓછાં છે. વનસ્પતિજન્ય પ્રોટીનો વધારે છે. વનસ્પતિજન્ય પ્રોટીનો અપૂર્ણ અને તેથી ઊતરતાં ગણાય છે, જ્યારે પ્રાણિજ પ્રો-

ટીનો સંપૂર્ણ ને શ્રેષ્ઠ ગણાય છે. આથી એકલાં વનસ્પતિ-પ્રોટીનો ઉપર આધાર રાખવાનો હોય તો એમનું પ્રમાણ વધારે જોઇએ, અને કુલ પ્રોટીનનો પાંચમો ભાગ તો પ્રાણિજન્ય પ્રકારનો હોવો જ જોઇએ એવો આહારશાસ્ત્રીઓનો અભિપ્રાય છે.

પ્રોટીનોની ઊણપ પેઠે શાક-પાન પણ મોટા ભાગના લોકોના રોજિંદા આહારમાં નથી હોતાં, ને ફળો નામનાં જ હોય છે. અમુક ઋતુમાં જ શાક-પાન ખવાય છે. ફળોનું પણ આવું જ છે. આ લોકોની ખાવાની ટેવ સુધારવા, ખોરાકની રસમ બદલવા, રક્ષણદાતા ખોરાકના સૂત્રનું મોટું પ્રચારમૂલ્ય છે. રાજદ્વારી પુરુષો અને સમાજ-સેવકોએ દેશના લોકોનો ખોરાક સુધારવા માટે વિચાર, શક્તિ, સમય અને નાણાં ખરચવાં જરૂરી છે. આમ થતાં પ્રજાનું આરોગ્ય સુધરવાથી દેશનું આર્થિક ધોરણ પણ ઊંચું આવશે.

સુદૃઢ આરોગ્યની ખેવનાવાળા દરેક જણે આહારના આયોજન-માં ઉચ્ચ પ્રકારનાં પ્રોટીન આપનારા પ્રાણિજ ખોરાકો (શાકાહારી-ઓ માટે દૂધ દહીં ને છાશ)નો પ્રથમ વિચાર કરવાનો છે. આર્થિક સંજોગો વશાત્ દૂધ ખાવું ન પરવડે તેમણે સસ્તું સેપરેટ દૂધ ખાવા-માં નાનપ, કે સંચામાં પીલાયું હોવાથી અખાદ્ય હોવાનો ભાવ ન અનુભવવાં. આ દૂધમાં ચરબી સિવાયનાં બીજાં પૌષ્ટિક તત્ત્વો જળવાયાં હોવાથી એનું પોષણમૂલ્ય શ્રેષ્ઠ છે. વનસ્પતિજ પ્રોટીનોનું પ્રમાણ વધારવા ઘઉંના લોટમાં ૧·૬ના પ્રમાણમાં ચણાનો લોટ ભેળવવો. ઉત્તર હિંદવાસીઓ ઘઉં આ જ રીતે ખાય છે. ગ્રામજનો બાવટા ને કોદરા સાથે મઠ દળતા હોવાનું કોને અજાણ્યું છે? મગફળીમાંથી પ્રોટીન અને ચરબી મળે છે. અવારનવાર તે અને વટાણા ચણા તુવેર-ની દાળમાં નાખવાથી એમનાં પ્રોટીનો વધારામાં મળે છે. બીજો ક્રમ ખનિજ ક્ષારો અને વિટામિનોની વિપુલતાવાળાં શાક-પાન અને ફળો-નો છે. ઉષ્માંક આપતા ખોરાકોનો ત્રીજો ક્રમ છે. આ ખોરાકોમાં શૂકધાન્યોનો સમાવેશ છે. એમાં ૭ થી ૧૫ ટકા વનસ્પતિજ પ્રોટીનો છે. પ્રોટીન ચોખામાં ઓછામાં ઓછું, તો ઘઉંમાં વધારેમાં વધારે છે. હાથછડના ચોખામાં ખનિજદ્રવ્યો વિટામિનો ને પ્રોટીનો જળવાય છે.

માનવકુળનો મોટો સમૂહ થોડા પ્રાણિજ ખોરાકને શાકપાન સાથે પુષ્કળ શૂકધાન્યોનો આહાર કરે છે. આ આહાર પ્રોટીનો વિટા-મિનો ને ખનિજદ્રવ્યોની ઊણપવાળો અ-સમતોલ છે. એમાં રક્ષણ-દાતા ખોરાકો ઉમેરી એટલા પ્રમાણમાં શૂકધાન ઘટાડવાથી આહાર સુ-સમતોલ કે યુક્ત બને છે.

માંસની ગણના કદીક રક્ષણાત્મક આહારમાં થાય છે. તેમાંથી પ્રાણિજ પ્રોટીન, વિટામિન 'બી-૨' અને લોહ મળે છે. કલેજી ને લોહી વિટામિનો ને ખનિજ દ્રવ્યોથી સમૃદ્ધ છે. માંસની જેમ માછલીમાંથી પણ પોષણદ્રવ્યો મળે છે.

યુક્તાહારમાં વધારે પ્રમાણમાં રક્ષણદાતા ખોરાકો—ખાસ કરીને દૂધ ને દૂધની નીપજો, લીલોતરી શાક-પાન અને ફળોનો સમાવેશ છે. દૂધ ને પનીરમાં ઉચ્ચ પ્રકારનાં પ્રોટીન ને વિ. 'બી-૨'ની સમૃદ્ધિ છે. ચરબીમાંથી વિ. 'એ' મળે છે. દૂધના જેવું જ ઈંડાંનું આહારમૂલ્ય છે. ફરક એટલો કે તેમાં ઓછું કૅલ્શ્યમ ને વધારે લોહ છે. લીલોતરી શાકપાનમાં કૅલ્શ્યમ, વિ. 'એ', વિ. 'સી' સારા પ્રમાણમાં છે. ફળો-માં વિ. 'સી' અને બીજાં વિટામિનો છે. પ્રોટીન માટે દૂધ ખાવું ન પરવડે તેમણે આહારમાં ફણગાવેલાં કઠોળ વધારવાં. આવાં કઠોળ કાચાં કે ચટણી રૂપે ખાવાથી પ્રોટીન ઉપરાંત વિટામિનો 'બી' અને 'સી' પણ મળે છે. બહારના દૂધ ઉપર ઉછરતાં શિશુઓને ટમેટાં કે ખાટાં ફળોના રસ કે બીજા રૂપમાં વિ. 'સી' આપી શકાય.

ગુના-શોધનમાં અગત્યનું એક સાધન

(૧૦) માનસનો અભ્યાસ

લેખક
પુષ્કરભાઈ ગોકાણી

ગુના-શોધનની સફળતાનો એક મુખ્ય આધાર પુરાવા એકઠા કરવા ને તેના પરથી બની ગએલા બનાવને કડીબદ્ધ ઉપસાવવામાં છે. પોલીસ-લૅબૉરેટરી પણ એકઠા થએલા જડ પુરાવાઓમાંથી સત્ય તારવવામાં ઘણી મદદ કરે છે. કેટલીક વાર લાઈ ડિટેક્ટર કે સત્યાન્વેષી પ્રવાહી સામે પણ ટક્કર લે તેવા દૃઢ મનોબળવાળા સાક્ષીઓ કે આરોપીઓ સાથે કામ પડે છે; તો કોઈ વાર આ સાધનોથી મળેલી માહિતી બહુ વજૂદવાળી હોતી નથી. એવે વખતે સાક્ષીઓને તારવવાની ને એમનાં મનને સમજવાની આવડત અત્યંત જરૂરી છે. આરોપી, શકદાર, સાક્ષી કે હિત ધરાવનાર દરેક વ્યક્તિ ભિન્ન માનસ ધરાવે છે ને એ સૌ સાથે આગવી રીતે કામ લેવું પડે છે. આમાં જેટલી ફાવટ એ-ટલી ગુનાશોધનમાં સફળતા મળે છે. આપણે એક કલ્પિત કેસ જોઇએ:

રાત્રે રેવતીએ વખતસર આપેલી દવા લઇને સૂતા પછી સવારે એના કાકા નરસીદાસ જાગ્યા જ નહિ. એકાએક અવસાન થાય એવી ગંભીર બીમારી પણ એમને નહોતી. કાકી હતાં નહિ એટલે નાનપણથી માબાપ ગુમાવી બેઠેલી રેવતી જ કાકાને ત્યાં રહેતી અને એમની સારસંભાળ રાખતી. આમ, કાકાને રેવતીનો અને રેવતીને કાકાનો આધાર હતો. અવસાન પછી પોતાના બે ભાગીદારોને પોતાની મિલકત મળે અને એમાંથી રેવતીને પણ એક લાખ રૂપિયા મળે એવું એમણે વસિયતનામું સુદ્ધા કરી રાખેલું; પણ છેલ્લે છેલ્લે તો રેવતીની શુશ્રૂષાથી પ્રસન્ન થઈ પોતાની બધી મિલકત રેવતીને જ મળે એ રીતે વસિયતનામું ફેરવવા તે ઇચ્છતા હતા. અલબત્ત, એ માટે એમણે એક શરત પણ રાખેલી. તે એ કે પોતાના અવસાન પછી દસ વર્ષ સુધી રેવતીએ લગ્ન કરવું નહિ. પોતાની પત્ની ઘર છોડી ચાલી ગએલી એથી થએલા રંજના પ્રત્યાઘાત રૂપે એમની આ શરત હતી. માબાપ વિનાની, કાકાને આશરે જ મોટી થએલી ઉપકૃત રેવતી મૂગે મોંએ એ નિભાવી રહી હતી, પણ એનું અંતર ગૌતમ તરફ ઢળતું જતું હતું. કાકાને કારણે એ ગૌતમ સાથે પરણી શકતી નહોતી અને એથી એના અંતરમાં ઊંડે ઊંડે કાકા પ્રત્યે એક પ્રકારની ઘૃણા વધતી જતી હતી.

વસિયતનામું ફેરવવાની નરસીદાસની ઇચ્છાથી એમના બંને ભાગીદાર કરસનદાસ અને મણિલાલ વાકેફ હતા. એમની સલાહ હતી કે રેવતીને એકસામટી બધી મિલકત આપવાને બદલે હપતે હપતે આ-પવી. ભાગીદારીમાં નરસીદાસની લગભગ સિત્તેર ટકા મૂડી હતી. એ બધી એકસામટી ખેંચાઈ જાય તો ધંધો ભાંગી પડે એમ એમનું કહેવું હતું. એકાદ બે દિવસમાં જ નરસીદાસ વસિયતનામું ફેરવવાના હતા, ત્યાં એકાએક એમનું અવસાન થયું.

શકમંદ હાલતમાં નરસીદાસનું મૃત્યુ થયાનું લાગતાં ડૉક્ટરે પોલીસ ઈન્સ્પેક્ટર દવેને જાણ કરી. પોસ્ટમૉર્ટમમાં એમને ઝેરી દવા અપાયાનું જણાયું. ઝેરી ટીકડીઓની એક બાટલી પણ નરસીદાસ માટેની દવાઓ સાથે પડેલી મળી આવી. રેવતી જ કાકાની ચાકરી કરતી અને દવા આપતી, એટલે પ્રથમ દૃષ્ટિએ એના પર જ કાકાના મોતની જવાબદારી આવતી હતી. એના ઉપરાંત, દિવસ દરમિયાન ઘરમાં નર્સ ભારતી પણ હાજર રહેતી. દિવસે રેવતી કૉલેજમાં કે બહારના કામે ગઈ

હોય ત્યારે ભારતી કાકાની સંભાળ રાખતી.

કાકાના અવસાનથી રેવતીને દુઃખ તો થયું, પણ હવે ગૌતમ સાથે પરણતાં કોઈ રોકી શકે તેમ નહોતું એટલા પૂરતો એને સંતોષ પણ થયો. વળી, નવું વસિયતનામું લખાયું નહોતું એટલે જૂના વસિયતનામા પ્રમાણે એને એક લાખ રૂપિયા મળી શકે તેમ હતા અને એટલા પૈસાથી તો એ ગૌતમ સાથે સુખેથી સંસાર માંડી શકે તેમ હતી.

ઈન્સ્પેક્ટર દવેનું કામ સરળ નહોતું. શકદારની યાદીમાં રેવતી ઉપરાંત ભારતી, કામવાળી બાઈ રૂપાં, શેઠનો સેક્રેટરી ગૌતમ, ભાગીદાર કરસનદાસ અને મણિલાલ તથા મકાનના ચોકીદાર ભૈયાનો પણ સમાવિશ થઇ શકતો હતો. આ સાત શકદારોમાંથી કેટલાક સંજોગો તપાસી ઈન્સ્પેક્ટરે ભૈયાને અને રૂપાંને બાદ કરી લીધાં. બાકીનાં પાંચ શકદારો સામે ખાસ પુરાવાઓ ન હતા. દવાની ને ઝેરી ગોળીની બાટલી એક જ સરખી હોઈ રેવતીએ ભૂલથી પણ ઝેર આપી દીધાનો સંભવ હતો. વળી, અગાઉ રેવતીએ ઘરમાં એ ઝેરી ગોળીની બાટલી જોઈ જ નહોતી, પણ બાટલી પરની આંગળાંની છાપ રેવતીની જ હતી.

રેવતીને પોતાને પણ ડર હતો કે કાકા પ્રત્યેની વધતી જતી ઘૃણાના તોરમાં કદાચ બાટલી પૂરી જોયા વિના ભૂલથી પોતે જ એ ગોળી કાકાને આપી દીધી હોય. લાઈ ડિટેક્ટરથી જણાયું કે રેવતી જૂઠું નહોતી બોલતી. સત્યાન્વેષી પ્રવાહીની અસર તળે એણે કાકા પ્રત્યેની ઘૃણા વ્યક્ત કરી હતી. ગૌતમ સાથેના લગ્નમાં કાકા જ વિઘ્નરૂપ હતા. કાકાના નવા વસિયતનામા સામે રેવતીનો વિરોધ હતો એમના મૃત્યુ પછી દસ વર્ષ એ ન પરણે તો તે પછી તો એ પરણવા જેવડી જ ન રહે. એટલે નવું વિલ કરતાં પહેલાં કાકા મરી જાય એવું એ ઇચ્છે ખરી કે?—એવા પ્રશ્નના જવાબમાં એણે પ્રવાહીની અસર નીચે હા પાડેલી. આ બધી કબૂલાત દરમિયાન એક સાક્ષી હાજર રાખી ઈન્સ્પેક્ટરે કેસ તૈયાર કર્યો ને રેવતીને કાકાનું મોત નિપજાવવા બદલ ગિરફ્તારકરી.

હવે ઇન્સ્પેક્ટરે આ કેસ અંગે બીજા પુરાવાઓ એકઠા કરવા માંડયા અને અન્ય શકદારોની પૂછપરછ પણ આરંભી. ગૌતમે બહુ જ નિખાલસતાથી અને દૃઢતાથી ઈન્સ્પેક્ટરને આગ્રહ કર્યો કે રેવતીએ જ એ ટીકડીઓ કાકાને આપી હતી એ ખરું, પણ ઘરમાં એ ટીકડીઓ કોણ લાવ્યું એ પણ તપાસવું જ જોઇએ. કાકા પ્રત્યે અણગમો હોવા છતાં રેવતી એમને મારી નાખવા જેટલી નીચી ઊતરી જવાનો સંભવ નહોતો એમ એનું માનવું હતું. આગલે દિવસે નરસીદાસને કોણકોણ મળ્યું હતું એ પૂછતાં ભૈયાએ જણાવ્યું કે મોટે ભાગે તેઓ ટેલિફોનથી જ કામ પતાવતા હતા. ટપાલ ગૌતમ લઈ ગયો હતો. ઘરમાં નર્સ ભારતી, ગૌતમ, રેવતી અને રૂપાં સિવાય કોઈ આવ્યું નહોતું.

ઈન્સ્પેક્ટરે ગૌતમ અને ભારતીની પણ તપાસ કરવા માંડી. લાઈ ડિટેક્ટર અને ટ્રૂથ સિરપની પરીક્ષામાં યે ગૌતમ નિર્દોષ જણાતો હતો. ભારતી હોશિયાર ખાનગી નર્સ હતી. નરસીદાસ લાંબું જીવે તો એની નોકરી ટકી રહે તેમ હતી. ટેસ્ટ લેવડાવવા સામે એને કંઈ વાંધો નહોતો તેમજ તે માટે એની ઇચ્છા પણ નહોતી. એનો પૂર્વ ઇતિહાસ માનપ્રેરક હતો. પિતાનું અકાળ મૃત્યુ, ગરીબીને કારણે અધૂરો અભ્યાસ, પ્રેમમાં નિષ્ફળતા, માતાની માંદગી, પિતરાઇઓના કાવાદાવા ને એથી દેશની થોડીશી જમીનનું પણ ઝૂંટવાઈ જવું, આવી અનેક મુશ્કેલીઓમાંથી માર્ગ કરતી એ આગળ વધી પગભર થઈ હતી. એની કામગીરી બદલ ગૌતમે પણ સારો અભિપ્રાય આપ્યો હતો.

ટ્રૂથ સિરપની પરીક્ષામાં ભારતી પાસેથી ખાસ કંઈ માહિતી મળી નહિ. લાઇડિટેક્ટર પર એકાદ વાર એ જૂઠું બોલ્યાનું લાગ્યું. ઈન્સ્પેક્ટરે જોયું કે એનું મનોબળ દૃઢ હતું. તેથી એને વધુ ચકાસવાનું નક્કી કર્યું.

નરસીદાસને ત્યાંની નોકરી પૂરી થઈ ગઈ હોઈ ઈન્સ્પેક્ટરે એને બીજી નોકરી પણ અપાવી. ત્યાં એને રાતે હાજર રહેવું પડતું હતું. બે-પાંચ દિવસ પછી નોકરી પર સાંજે ભારતી હાજર થઈ ત્યારે ત્યાંથી તાત્કાલિક રજા અપાવી એને સીધી જ પૂછપરછ માટે લઈ જવામાં આવી. કોઇને યે મળવાનો પણ અવકાશ એને માટે રહેવા દીધો નહિ. પોલીસ કચેરીમાં એને ટેસ્ટના બહાને એક ખુરશી પર બેસાડી પટ્ટાથી બાંધી દેવામાં આવી. ત્રણ બાજુથી અતિ તેજસ્વી પ્રકાશ એની આંખો પર નાખવામાં આવ્યો અને પછી સબ ઈન્સ્પેક્ટર વ્યાસે એના પર પ્રશ્નોની ઝડી વરસાવવા માંડી. બેએક કલાકની આ પ્રશ્નોત્તરી અને આંખ પર ફેંકાતા જોરદાર પ્રકાશથી ભારતી અતિશય ત્રાસી ગઈ હતી. નરસીદાસને અપાએલી ઝેરની ગોળીઓ એ ક્યાંથી ખરીદી લાવી એ એકનો એક પ્રશ્ન એને ફરીફરીને વ્યાસે પૂછવા માંડયો. 'મેં અનેક વખત કહ્યું કે એ ગોળીઓ હું લાવી નહોતી. મને એ વિષે કંઈ જ ખબર નથી.' ભારતી કહેતી હતી; અને 'આ લાઈટ મારી આંખો સામેથી ખસેડી લો.' એવા એના કહેવાની વ્યાસ પર કોઈ અસર નહોતી. એના પ્રશ્નો ચાલુ જ હતા: 'તમને એ ટીકડીઓ લાવવાનું કોણે કહેલું? તમને એના બદલામાં કેટલી રકમ મળી? તમે તમારી ઇચ્છાથી લાવ્યાં કે તમને એ માટે કોઇએ ધમકી આપી હતી? આ ટીકડીઓ ક્યાંથી ખરીદી? નરસીદાસ શેઠના મરવાથી તમને કંઈ લાભ ખરો કે?' વગેરે એક જ દિશાના અનેક સવાલોની ઝડી એમણે ચાલુ રાખી.

વધુ એક કલાક વીતી ગયો. ભારતી ત્રાસીને હવે બૂમો મારતી હતી વકીલની મદદ માટે પોતાનો અધિકાર બતાવતી હતી. પોતાને છોડી દેવા આજીજી કરતી હતી. ઈન્સ્પેક્ટર દવેને બોલાવી લાવવા વીનવતી હતી. આંખો બંધ કરી બેસતી હતી. પણ હજાર હજાર વૉટની ત્રણ ફ્લડલાઇટો તેની બંધ આંખો સોંસરી એના મગજ પર હથોડા મારી રહી હતી. ત્રાસથી એ હવે વાજ આવી ગઈ હતી. પોતાને જે કંઈ કહેવાનું હતું એ બધું પોતે ઈન્સ્પેક્ટર દવેને કહી જ દીધું છે અને પોતે હવે કંઈ જ વધુ જવાબો આપવા માગતી નથી એમ એ કહી રહી.

એકાએક બારણું ઊઘડયું અને ઈન્સ્પેક્ટર દવે ત્યાં આવી પહોંચ્યા. આવતાં જ અહીંની પરિસ્થિતિ પામી જઈ તુરત એમણે ઈન્સ્પેક્ટર વ્યાસે અખત્યાર કરેલી રસમ બદલ તેમને સખત ઠપકો આપ્યો અને ભારતીને મુક્ત કરી. દવેના આ વલણથી ભારતીને ઘણી રાહત મળી. દવેએ પોતે હવે ભારતી પાસેથી વાત કઢાવવા માંડી. થોડી આડીતેડી વાત કરી એમણે મૂળ મુદ્દો પકડયો: 'મને ખબર પડી છે કે રેવતીએ ગોળીઓ આપી અને નરસીદાસ મરી ગયા; પણ એ ગોળીઓ રેવતી ત્યાં લાવી નહોતી એ ચોક્કસ છે. તમારા સિવાય કોઈ આગલે દિવસે એ ઘેર આવ્યું નથી. કદાચ તમે તમારા કોઈ બીજા દર્દી માટે આવી ગોળીઓ લાવ્યાં હો અને નરસીદાસને ત્યાં એ ભૂલી ગયાં હો એવું તો નથી બન્યું ને?' ભારતી વિચારમાં પડી ગઈ. દવેએ આગળ ચલાવ્યું: 'મને જાણવા મળ્યું છે કે ડૉક્ટરીના છેલ્લા વર્ષમાંથી તમારે અભ્યાસ મૂકી દેવો પડયો છે. દયાથી પ્રેરાઈ તમે કેટલાક દર્દીઓને યોગ્ય સલાહ પણ આપો છો, અને ક્યારેક દવાઓ પણ લાવી આપો છો. દમના દર્દીઓ માટે આર્સેનિકનો ઉપયોગ થાય છે એની મને ખબર છે. દવા ઝેરી હોઈ કદાચ બીજી દવાઓ સાથે મેળવીને અપાતી હશે. તમે તમારા એવા કોઈ દર્દી માટે તો એ નહોતાં લાવ્યાં ને?'

'હા'. ભારતીથી બોલાઈ ગયું: 'હેં...ના...ના...પણ—'.

દવે બોલ્યા: 'કંઈ વાંધો નહિ, હકીકત છે કે રેવતીએ કાકાને ગોળી

આપી અને એ મરી ગયા. તમે તમારા દર્દી માટે આ ગોળીઓ લાવ્યાં અને ત્યાં ભૂલી ગયાં એમાં તમારો શો દોષ?'

'હા;' ભારતીને દવેની વાતમાં જ પોતાનો ઉગાર જણાયો: 'મારે તો નરસીદાસ શેઠના મરવાથી સારી નોકરી ખોવી પડી છે.'

'મને થતું જ હતું કે ગોળીઓ તમે લાવ્યાં હશો;' દવે બોલ્યા: 'પણ શેઠ એનાથી જ મરી ગયા એટલે ગભરાટમાં તમે એ વાત છુપાવી રાખી. તમારી જગ્યાએ હું હોઉં તો મારાથી પણ એમ જ થઈ જાય. પણ તમે પહેલેથી જ આ જણાવી દીધું હોત તો આ ઉપાધિ ન થાત.'

'પણ મને ડર લાગ્યો કે કદાચ મારા ઉપર આરોપ આવશે.' ભારતીમાં ફરી હિંમત આવી ગઈ. દવે એને સારો માણસ લાગ્યો.

'તમે એ દવા ક્યાંથી ખરીદેલી? એનું બિલ તમારી પાસે હશે! તમે તો સમજી શકશો કે હવે આ કેસ અકસ્માત ગણાય કે ખૂન. પણ એમાં તમે ક્યાં ય સંડોવાતાં નથી. છતાં અમારે કાગળિયાં તો કરવાં પડશે! બિલ ઘેર હોય તો મંગાવી લઈએ.'

'બિલ તો નહિ રહ્યું હોય, પણ દવા મેં...ને ત્યાંથી ખરીદેલી.'

'કંઈ નહિ,' દવે બોલ્યા: 'હું એ કેમિસ્ટને ત્યાંથી બિલ તથા જોઈતી વિગતો મેળવી લઉં છું. આભાર તમારો...આ વ્યાસ બહુ ઉતાવળિયો માણસ છે. એણે આમ સીધી રીતે પૂછ્યું હોત તો પણ તમે જવાબ આપત. સાચું કહેવું એમાં શું?'

હસતાહસતા દવે બહાર ગયા. થોડી વાર પછી કેમિસ્ટ આવ્યો અને ભારતીદેવીને ઓળખાવી ગયો. બિલની નકલ પણ આવી ગઈ. દવેએ આ હકીકત ભારતી પાસે લખાવી પણ લીધી. સહી કરી આપી ભારતીએ પોતાના ઘેર મૂકી જવા કહ્યું.

'એક વાત પૂછવી રહી ગઈ;' દવે બોલ્યા: 'તમારા કયા દર્દી માટે તમે આર્સેનિક લાવ્યાં હતાં?' ભારતી એકદમ મુંઝાઈ ગઈ. આ પ્રશ્ન માટે એ તૈયાર નહોતી. એ વિચારવા લાગી. એ સમજી ગઈ કે એ કોઈનું યે નામ આપશે તો ઇન્સ્પેક્ટર તુરત એ દર્દીને બોલાવશે. તે મૂગી રહી. આ જોઈ દવે બોલ્યા: 'કદાચ તમે કોઈના કહેવાથી આ ટીકડીઓ લાવીને ત્યાં રાખી હોય. તો તમે કસૂરવાન ખરાં, પણ જેણે તમને આ દવા લાવવા કહ્યું હોય એના જેટલાં નહિ. અને તમે મને એની માહિતી આપો તો તમને સજા ન થાય તેવી વ્યવસ્થા હું કરી શકીશ.'

છતાં ભારતી કંઈ બોલી નહિ. દવેએ વળી ઉમેર્યું: 'કદાચ તમને કોઈએ ધાકધમકી આપી એ ખરીદવાની ફરજ પાડી હોય. પણ તમે મૂગાં રહેશો એથી કંઈ વળશે નહિ. આપણી બધી વાત ટેઈપ રેકર્ડ થઈ રહી છે. છતાં હું તમને મદદ કરવા તૈયાર છું. તમે આપેલી વિગતોમાં તમારું નામ ઓછામાં ઓછું આવે એવો પ્રયત્ન હું કરીશ.'

ભારતી માટે હવે કોઈ માર્ગ રહ્યો નહિ. તેણે દવેને બધી વિગત આપવા માંડી. નરસીદાસના એક ભાગીદાર કરસનદાસે ભારતીને દવા લાવવા ફરજ પાડી હતી. કરસનદાસ પાસે એક એવો દસ્તાવેજ હતો જેના કારણે દેશમાંની ભારતીની બધી મિલકત કદાચ એ ગુમાવી બેસે. કરસનદાસ ભારતીના ગામનો જ હતો.

આ પુરાવાઓ સામે કરસનદાસ ટકી ન શક્યો. ભારતીને પ્યાદું બનાવી એણે જ નરસીદાસને મારી નખાવ્યો એમ સાબિત થયું. એકસરખી શીશીને કારણે રેવતીએ ભૂલથી કાકાને ખોટી દવા આપી દીધી હતી. મણિલાલને પણ આ બાબત જણાવેલી; પણ શકનો લાભ મેળવી મણિલાલ છૂટી ગયો. તાજના સાક્ષી તરીકે ભારતીને છોડી મૂકવામાં આવી. રેવતી નિર્દોષ છૂટી.

આ કિસ્સામાં આપણે જોયું કે જ્યારે લાઇ ડિટેક્ટર અને ટ્રુથ સિરપ નિષ્ફળ નીવડયાં ત્યારે માનસશાસ્ત્રે પૂરતી મદદ કરી. ઇન્સ્પેક્ટર દવેનો મુખ્ય મુદ્દો એ હતો કે આ ટીકડીઓ ઘરમાં લાવ્યું કોણ? તેણે રેવતીને અધૂરા પુરાવા ઉપર પકડી હતી. પણ એમ કરીને તેણે સાચા ગુનેગારને અ-સાવધ કરી દીધા. ઉપરાંત ભારતીને ખૂબ તકલીફમાં મૂકી, તેમાંથી છોડાવ્યાનો દેખાવ કરી તેનો વિશ્વાસ મેળવી લીધો. ભારતી થાકેલા મગજવાળી હોઈ તથા દવે પ્રત્યે તેની ઉપકારની લાગણી જાગેલી હોઈ ગાફેલ બનીને દવેની વાતમાં લપટાઈ ગઈ, અને દવે જે શક્યતા બતાવતો હતો તે સાચી લાગવાથી થોડું કબૂલી ગઈ; અને તેને કારણે ગુનો શોધી શકાયો.

આમ, માનસનો અભ્યાસ તથા સામાના મનની તાસીર જાણવી એ ગુનાશોધનનું એક અંગ છે. કેટલીક વાર માનસશાસ્ત્રીય પૂછપરછથી ટ્રુથ સિરપ કે લાઇ ડિટેક્ટર સુધી જવું જ નથી પડતું. વળી, કોઈ વ્યક્તિ ઉપરનો ટેસ્ટ લેવડાવવા રાજી ન હોય તો તે માટે તેને ફરજ પાડી શકાતી નથી.

ઘણી વાર પોલીસ શકદારો સાથે કેદમાં બનાવટી કેદી મોકલી વિગતો જાણી લે છે. આ બનાવટી કેદી બનનારે પણ માનસશાસ્ત્રીય અભ્યાસપૂર્વક વાતચીત કરવી જરૂરી છે. જ્યારે બીજા પુરાવા ન હોય ત્યારે ગુનાશોધન માટે આ એક જ સબળ હથિયાર છે.

આરોપી અગર શકદાર જ નહિ, પણ માહિતી મેળવવા માટે ગુનાના સ્થળની આજુબાજુ રહેતા દરેકની સાથે વાતો કરવામાં લોકમાનસનો પણ પ્રબળ અનુભવ જરૂરી છે. લોકો પોલીસના લફરાથી, કોર્ટના ધક્કાથી અને અંગત કારણોએ પણ માહિતી આપતા નથી, ત્યારે તેમને વાતો કરતા કરવા એ અસાધારણ ચાતુરી માગી લે છે. સામાના માનસનો અભ્યાસ એ ગુનો શોધનારાઓ માટેનો આવશ્યક ગુણ છે. અતિશય વિનયથી અને સામાને વિશ્વાસ જાગે એવી સહાનુભૂતિથી વાતો કરવી જોઈએ. અને વાતો કરનાર માહિતી મેળવવાનો પ્રયત્ન કરે છે તે ન જણાઈ આવવું જોઈએ. પ્રશ્ન કરતાં પહેલાં ગુનાશોધકે સામાની વયમર્યાદા, જાત, જાતિ, ધર્મ, મોભો, વ્યવસાય અને રાજકીય ખયાલો ધ્યાનમાં રાખી પ્રશ્નો કરવા જોઈએ.

બને ત્યાં સુધી પહેલાં શકદારો સિવાયનાં માણસો પાસેથી માહિતી મેળવી લેવી જોઈએ અને તે પછી જ શકદારોને પ્રશ્ન કરવા જોઈએ. કોઈના પ્રશ્નો કોઈ સાંભળે તે યોગ્ય નથી. ગુનાશોધકે આ માટે સાવધાની અને અતિશય ધૈર્ય કેળવવાની જરૂર છે.

અત્યારે ઘણી વાર ધમકી, ભય, માર કે ખોટી માહિતી આપી વિગતો મેળવવામાં આવે છે, તે ઘણી વખત ગેરરસ્તે દોરનાર હોય છે તેમજ એ રીતે વિગતો મેળવવી તે પણ યોગ્ય નથી.

ખાસ કરીને દોરનારા કે સૂચક પ્રશ્નો પૂછવા યોગ્ય ગણાતા નથી. તો પણ જ્યારે શકાદર સાથે કામ પાડવાનું હોય ત્યારે શકદાર ખોટો જવાબ ગોઠવી ન કાઢે તે માટે આવા પ્રશ્નો જરૂરી છે. અને તેનાથી શકદારને વિચાર કરવા સમય રહેતો નથી. ઉપરના કિસ્સામાં ભારતીને સૂચક પ્રશ્નો પૂછી દવેએ કેવી રીતે માહિતી મેળવી તે આપણે જોયું. આમ, માનસનો અભ્યાસ એવો છે કે જેને માટે કોઈ ચોક્કસ નિયમો હોતા નથી. ફક્ત ધીરજ અને અક્કલ હોશિયારીથી શક્યતાઓ વિચારી માહિતી મેળવી શકાય છે. ગુનાશોધનમાં આ સાધન શોધક ફક્ત અનુભવથી મેળવે છે અને તે માટે એકબીજા સાથે રહીને આ કામ કરવું જોઈએ.

ચન્દ્રવદન મહેતા

નાટ્ય-નગરીનો નાશ
—અને નવનિર્માણ

—રંગગઠરિયાં • ૫૭—

હ્યુરિગરમાંથી નીકળી વૅાલ્ટ્ઝની ખુમારીથી ગાડી હાંકતાં અમે પાછાં ફર્યાં ત્યારે માર્થા કહે છે: 'આજે તો હવે અમારાં શહેરી રેસ્ટોરાંઓમાં અમેરિકાથી આવેલો જાઝ ઝણુક્યો છે; પણ અહીં ગિરિકન્દરામાં તો અમારાં લોકગીતોની લહેરો જ રસળે છે.'

માર્થા ગરીબ ઘરની પણ ઉમરાવ દિલની સન્નારી હતી; જ્ઞાન-પિપાસુ અને હસમુખી હતી; પરણેલી અને સુખી હતી. વીએનામાં સ્ત્રીઓ કેશવાળી અમુક પ્રકારે કપાવી, ઓળેલી યા ઊડતી ઝુલ્ફાંદાર યા મરોડદાર રાખતી; એ કરતાં માર્થા તો વાળને સાદીસીધી રીતે એકધારી સફાઈથી ઓળેલા રાખી પોતાની ખૂબસૂરતી વધારતી. તે જ રાત્રે અમે અમિતા બોઝને ત્યાં એમનાં માતાજીને મળવા ગયાં. મોડી રાત સુધી બેસી અમે સંસ્મરણોની પરંપરા પ્રસારી, નેતાજીને બહુ વાર બહુ રીતે યાદ કરી છૂટાં પડ્યાં. બીજે દિવસે માર્થા મને નાટકશાળા અને ઓપેરા જોવા લઈ જવાની હતી.

છેલ્લી સદીમાં યુદ્ધની ખાનાખરાબી બે વાર વેઠેલી અને શહેરમાં લાંબો કાળ પરદેશી લશ્કરી થાણાં બેઠેલાં, આથી કળાકૌશલ અને ઘરસંસારની તારાજી થયા બાદ, લોહીલુહાણ થએલી છાતી ઉપરથી દુશ્મનનો પંજો ખસ્યા પછી તરત જ આ રિબાએલી, કચરાએલી, દુ:ખમાં ગરકાવ થએલી ગરીબ બની ભૂખમરે મરેલી પ્રજાએ સૌ પ્રથમ પોતાનાં તૂટેલાં દેવળોનું સમારકામ હાથ ધર્યું; અને સાથેસાથ, શહેર-ની ભાંગીને ભુક્કો થએલી પોતાની નાટકશાળાઓ નવેસરથી બાંધ-વાનું કામ ઉપાડીને છેલ્લાં બે હજાર વર્ષમાં કોઇ પણ દેશના ઇતિહાસને ચોપડે ન નોંધાયો હોય એવો દાખલો ઓસ્ટ્રિયાએ નોંધાવ્યો છે. યુરોપભરના કલાકારોને કલાકૌશલ પ્રત્યેની એમની આ ધગશ અને સૌન્દર્યભાવનાની પૂરી ખબર હોવાથી એ સૌનું મસ્તક આ દેશની એવી પુનર્રચનાની પ્રવૃત્તિ જોઈ નમે છે, સદાકાળને માટે નમતું રહેશે.

યાદ છે? આપણે હેલસિન્કીમાં હતા, ત્યાંથી ટેમ્પરેની સરોવરને કાંઠે અને ગિરિગોદમાં બાંધેલી ખુલ્લી, ફરતી નાટકશાળા જોવા ગયા હતા, ત્યારે સાથે હતા જર્મનીના નાટકશાળાના બાંધનારા નિષ્ણાત પ્રો. ઉનરોડ તથા ચાર દાયકા ઉપર ઑક્સફર્ડમાં દુષ્યંતનો પાઠ કરનાર કૅારેન્સ ડર્વેન્ટ; અને એ બંનેએ સ્ટીમલૅાચમાં જમતાં જમતાં વીએ-નાની પ્રજાની ભારોભાર તારીફ કરી હતી તે? બ્રિટિશ કાઉન્સિલના સભ્ય સ્ટિફન જોસેફ, ફ્રાન્સના વયોવૃદ્ધ નાટકકાર ઝર્યાં બર્નાર્ડ, નવા જમાનાના નાટકલેખક યુજેન આઇનેસ્કો વગેરે ત્યાંનાં ભાષણોમાં ભારીભરીને આ પ્રજાને અંજલિઓ આપતા હતા તે? યુરોપભરના પત્રકારોએ, સંગીત-જાણનારાઓએ નાટકશાળામાં રસ લેનારાઓ-એ હૈયાં ઠાલવીને આ પ્રજાની તારીફો કરી છે, કરે છે; અને છતાં વીએનાની પ્રજાએ પોતે થઇને આ કશાની જાહેરાત કરી સુરુચિભંગ કર્યો નથી, કે ક્યાં યે દુશ્મનોએ કરેલી આ તારાજી માટે બે સુગાળવા શબ્દો પણ કાઢ્યા નથી.


વીએનામાંની ફેડરલ સરકારે પહેલે પગલે સાડાચાર કરોડ રૂપિયા પોતાનું ઓપેરા હાઉસ બાંધવામાં ખર્ચ્યા; સાલ્ઝબર્ગમાં નવું થીએટર બાંધવામાં સાડાત્રણ કરોડ ખર્ચ્યા; અને આ તો પાઉન્ડના રૂપિયા તેરને ભાવે હિસાબ આપું છું. આઠ કરોડ રૂપિયા તો માત્ર આ બે મુખ્ય થીએટર પાછળ; બીજાં પાંચસાત નાનાંમોટાં થીએટરો સમરા-વ્યાં યા નવેસરથી બાંધ્યાં એનો કુલ્લે આંકડો તો આ રકમથી પણ વધારે થવા જાય છે. આ ગણતરીમાં ખુલ્લાં મેદાનોમાંનાં ચોગાનિયાં (ઓપન એર) થીએટરોની તો વાત જવા દો. ઉપર કહ્યાં તે તો બંધ, પાકાં, આકર્ષક, કલાકારીગરથી સમૃદ્ધ, સંપૂર્ણ સગવડવાળાં થીએ-ટરો: જેની એકેકની બાંધણી પાછળ કરોડો રૂપિયાનો વાજબી ખર્ચ, જેની દેખભાળ માટે દર સાલ ચાલુ પાંચથી છ કરોડ રૂપિયાનું બજેટ. એમાં જ છેલ્લાં પાંચ વર્ષમાં પચ્ચીસ કરોડ તો વપરાયા!

ઓપેરા હાઉસ કે બર્ગ થીએટર જેવામાં તો સાતસો પગારદાર કામદારો કામ કરે. ઈ. ૧૯૧૮માં હાપ્સબર્ગની બાદશાહી ભાંગી ત્યારે નાટકશાળાની જે સંપ્રદાય-પ્રથા ચાલતી એને આ પ્રજાસત્તાકે ચાલુ રાખી, એટલું જ નહિ પણ વિસ્તારી, સદ્ધર કરી, વિકસાવી અને બાદ-શાહો કરતા એ થકી લોકસરકારે વધારે ખર્ચ કરી વધારે લોકો નાટક-શાળામાં બેસી શકે એવી સગવડો કરી આપી, તેમજ પ્રજાને નૃત્ય, તથા સંગીત, ઑપેરા, બાલે નાટકની વાનગીઓથી રસતરબોળ રાખ-વાની પ્રણાલિકા ચાલુ રાખી.

વીએનાનાં આવાં વિવિધ થીએટરો, ને દેશભરમાંનાં બીજાં વીસેક થીએટરો વિષે લખવા બેસીએ તો પાર આવે એમ નથી. આ બધી નાટકશાળાઓ સરકારનું શિક્ષણખાતું ચલાવે છે; એની પાછળ ઉપર કહ્યું તેવો અઢળક ખર્ચ કરે છે. ના જી, પ્રજા પૈસે તવંગર નથી, ભારત કરતાં ગરીબ છે; છતાં નાટ્યકલાની શૅાખીન છે. તો પણ કોઇ એને વખત આવ્યે નામર્દ કે બાયલી, અયેશઆરામી કે વિલાસી કહી શકે એમ નથી. કહેવા જાય એની જીભ અને દાંત સલામત નથી.

નૃત્ય, સંગીત અને નાટકના અભ્યાસ માટે સરકારી નિશાળો તો ખરી, પણ ખાનગી સંસ્થાઓ યે સારા પ્રમાણમાં છે. ત્રણે વિષયો માટે લાયકાત જુદીજુદી, અને ત્રણે વિષયો શીખનારાઓને રોટલો મળી રહે છે. આ ઉપરાંત, નાટકશાળાની બાંધણી માટે, બાલેના યોજકો માટે, ડીઝાઇન બનાવનારાઓ માટે એવાં જુદાંજુદાં ક્ષેત્રોની શાળાઓ પણ ખરી, અને તે જુદી. એ વિષય પણ એની રીતે, એના શાસ્ત્ર પ્રમાણે શીખવવામાં આવે છે. જૂના જમાનાના નાટકકારોની કૃતિઓ તો ભજવાય જ છે. એમાં ગ્રીસના બે હજાર વર્ષ પહેલાંના લેખકોથી માંડી શેક્સપીઅર, મેલિયેર, ઈબ્સન, ચેખૉવ, સ્ટ્રાઇન્ડબર્ગ તો આવે જ, પણ વીએનાના વીસમી સદીના નાટકકારો હ્યૂગો હોપ માન્થલ, ને હરમાન બ્હાર ઉપરાંત પ્રીસ્ટલી, થૉર્ન્ટન વાઇલ્ડર, અનુઈ, આર્થર મિલર, ડ્યુરેન માટ, સાર્ત્રે વગેરે જેવા આધુનિક લેખકોની કૃતિઓ પણ એટલી જ લોકપ્રિય છે. નાટક-ભજવણીનું ક્ષેત્ર વિશાળ, એથી બુદ્ધિ થકી સમજણ ખીલેલી, રસાનુભવનો ફલક બહુ મોટો, કુદરતીરીતે જ એમની રસવૃત્તિ અને સુરુચિ ઊંચાં,—જીવનમાં નાટક પ્રત્યે જીવતોજાગતો શૅાખ તરવરતો રહે એમાં શી નવાઈ?

આપણે વીએનામાં જ્યાં પહેલાં પહોંચ્યા, તે ઓપેરા રિંગ પાસે આવેલા ઍર ટર્મિનસ આગળ ફરીથી જઇએ. ત્યાં રસ્તો વિશાળ, વચગાળે ચાર રસ્તાનો મોટો ચૉક, આ બાજુ પરથી સામી બાજુએ જવું હોય તો નીચેનાં પગથિયાં ઊતરી સામે નીકળાય. અને ત્યાં નીચે ભોંયરામાં પણ આખા ચૉકમાં ફરતી સાઠ સિત્તેર દુકાનો, ખાવાપીવા-



એ આ મકાન • જુઓ એમાંનું નકશીકામ; ઉપરના માળે પણ લોકોની ઠઠ; અને આમાં નથી જણાતી એવી કલ્પી લો સોનેરી રંગની ભભક! આઠ દાયકા સુધી અહીં સંગીતસમ્રાટો અને નટનટી-શ્રેષ્ઠો જગમશહૂર ઓપેરાઓ ભજવી ગયાં. એ દરમ્યાન અમૂલ્ય ને બેનમૂન સેટિંગો જે તૈયાર કરાવાયા તે બધી સમૃદ્ધિ અહીં એકઠી થએલી. ઈ. ૧૯૪૫ના માર્ચમાં આ મકાનને માથે બૉમ્બગોળા ત્રાટક્યા ને મકાનના બુરજને તોડી, ભોંય સોંસરવા ઊતરી જોતજોતાંમાં આગની જ્વાળાઓએ એ બધા જીવની જેમ સાચવેલા મહામૂલ્યવાન ભજવણીના સામાન આદિની સમૃદ્ધિની–એક નહિ, એકસો ને વીસ ઓપેરાનાં પરદા-ઝાલર અને સેટિંગ, એક લાખ સાઠ હજાર ઉપરાંત વેશપરિધાન–સામગ્રી વિવિધ પાત્રોના મખમલિયા, સૅટિન-જરીના પોશાક, તાજ, રાજદંડો આદિ રાખ બનાવી દીધાં!

નાં કાફે, જ્યાં નાસ્તો કે ખરીદી કરીને પણ ઉપર નીકળી શકો.

આ એ ઓપેરા. એની અસલની રોનક છબીમાં જોશો. સૌ પહેલું ઓપેરા હાઉસ ફ્લૉરેન્સમાં બંધાયું. ત્યાર બાદ ઇ. ૧૬૫૩માં ફર્ડિનાંડ ત્રીજાએ 'પ્રેમમાં દગો' નામની પહેલી ઓપેરા પોતાના દરબારમાં ભજવાવી. ત્યારથી વીએનાને ઓપેરાની લત લાગી, તે એટલે સુધી કે સંગીતના શૉખીન બાદશાહો અને શાહજાદાઓ જાતે ઓપેરામાં ગાવા-ભજવવા ઊતરવા લાગ્યા. ઈ. ૧૬૬૬માં અર્ડીનો લીઓપોલ્ડ સ્પેનની રાજકુંવરી માર્ગેરિટાને પરણ્યો, ત્યારે એણે ઓપેરા ભજવવા માટે ઈટાલીથી મશહૂર ચિતારાઓ બોલાવ્યા, લ્યુડોવિસો જેવા રંગભૂમિનાં ચોકઠાં બાંધનારા કલાકારોને નોતર્યા. ને માર્કો ઍન્ટાનિયાની •ઓપેરા 'લા પોમોદોરો' ભજવાવી. પછી ગ્લક અને મોત્સાર્તનો જમાનો બેઠો. એમની કૃતિઓ ભજવાઈ. શુબર્ટ અને રોશિનીના દિવસો ઊગ્યા. એ બધાને પરિણામે આ સ્થાન ઉપર ઇ. ૧૮૬૩માં આ રિંગ સ્ટ્રાસેમાં ઓપેરા બાંધવાનો પહેલો પાયો ખોદાયો. છ વર્ષે એ ઇમારત બંધાઇ રહી. ઇ. ૧૮૬૯માં મોત્સાર્તનું 'ડૉન ગ્રિયોવાની' ત્યાં ભજવાયું. વાગ્નરનું ટ્રિસ્ટન અને ઇસોલ્ડા પણ ત્યાં જ રજૂ થયું. એ આ મકાન. જુઓ એમાંનું નકશીકામ; ઉપરના માળે લોકની ઠઠ; અને આમાં નથી જણાતી એવી કલ્પી લ્યો સોનેરી રંગની ભભક. આઠ દાયકામાં ત્યાં સંગીતસમ્રાટો અને નટનટીશ્રેષ્ઠો જગમશહૂર ઓપેરાઓ ભજવી ગયાં; એ માટે અમૂલ્ય રંગબેરંગી સેટિંગો તૈયાર કરાવાયા; એ બધી સમૃદ્ધિ અહીં એકઠી થઇ; ત્યાં તો ૧૯૪૫ના માર્ચમાં એ મકાનને માથે બૉંબગોળા ત્રાટક્યા! એ મકાનના બુરજને તોડી, ભોંયસોંસરવા ઊતરી, જોતજોતાંમાં જીવની જેમ સાચવેલા એ સર્વ બેનમૂન પરદા, ચીતરામણો, અઢળક કિંમતી ભજવણીના સામાન આદિ સમૃદ્ધિને આગની જ્વાળાઓએ રાખ બનાવી દીધી!

'ના એકદમ અંદર જવાની ઉતાવળ ના કરો'—માર્થા કહે છે. એ કંઈ કાચી માયા ઓછી જ છે? એની સાથે આ કોઈને લાવી છે, તે શું કહે છે તે સાંભળો: 'મીટ હોર્ને આલફ્રેડ જરગર' ઓપેરા હાઉસની બાજુમાં જોસેફ ગાસરે બાંધેલા આ ફુવારા જુઓ. આ ફુવારા ખુદ અસલી, ને બચી જવા પામ્યા છે. રાતે એમાં રોશની કરવામાં આવે છે. આ એની ઉપર કોતરેલી પ્રતિમાઓ જુઓ. સંગીત, નૃત્ય, આનંદ ચાંચલ્ય; બીજા ઉપર પ્રેમ, વેર, ડહાપણ અને ઉદાસીનતા...જોતાં જ એના ભાવ આપણા મનમાં સ્પષ્ટ થયા વિના નથી રહેતા.

'હા જી, હું તે દિવસે અહીં આટલામાં જ ફરતો હતો.'—પેલા ભાઈ કહે છે: 'બારમી માર્ચનો દિવસ. એક વજ્ર-ત્રાટકો સંભળાયો. ધરણી ધ્રૂજી ઊઠી. અને અમે આમતેમ નજર કરી ભાળ મેળવવા પ્રયત્ન કરીએ એટલામાં બીજો ધડાકો! અમે ભોંયરામાં ભરાયા. પણ થોડી વારે બહાર આવ્યા ત્યારે આ અમારી વહાલી ઓપેરાની અંદર અગ્નિજ્વાળા ફૂદડી ફરે! અમે આ બાજુ જે કોઈ હતા તે ત્યાં દોડ્યા, અંદર જવા મથ્યા, પાણી માટે ફાંફાં માર્યા, અમૂલ્ય ખજાનો બચાવવા મહેનત કરી, પણ જોતજોતાંમાં તો આગ વધી ગઈ. બે જણને માંડમાંડ જીવતા બહાર કાઢી શકાયા. ધૂંવા ભયંકરરીતે વધતી જતી હતી. અમે સૌ કોઈએ બચાવવા બહુ મહેનત કરી, પણ કંઈ વળ્યું નહિ.

એ મકાનમાં શ્રુતિવિધાન તો એટલું અનુપમ હતું! એમાં ૨૮૮૧ પ્રેક્ષકોને બેસવાની સગવડ હતી,—સો ઓર્કેસ્ટ્રામાં જુદા. અસલ તો ૬૦૦૦ ગૅસ જેટના દીવા; એ બદલી પાછળથી વીજળીની રોશની દાખલ કરવામાં આવી હતી. એક આગ ઓલવવાનો બંબો અને બાવીસ બંબાવાળાઓ ચોવીસ કલાકની તકેદારીભરી નોકરી પર હાજર રહેતા. પણ બારમી માર્ચે એ વીરલાઓએ આગ હોલવવા કરેલી જીવસટોસટની મથામણ પણ એળે ગઈ. જે કંઈ થઈ શક્યું તે કર્યું, છતાં આ 'ઓપેરા' ન બચી. આ બહારનો મોભ, એમાંની બેચાર ફ્રેસ્કો, દાદર એવું કંઈક બચી ગયું, બાકી છાપરાથી ભોંયતળિયા સુધીનો સઘળો અસબાબ-સરંજામ, લક્કડકામ, બેઠકો બધું બળીને રાખભંગાર.

સાહેબ! એક નહિ, એકસો ને વીસ ઓપેરાનાં પરદા-ઝાલર અને સેટિંગ, અને એક લાખ સાઠ હજાર વેશ-પરિધાન માટેના પોશાકો—રાજાઓ, રાણીઓ, સરદારો, વેપારીઓ, અનુચરો...ઓહોહોહો... ગણ્યા ગણાય નહિ એટલાં વિવિધ પાત્રોના મખમલિયા સેટિનના, રેશમના, જરીના પોશાક—કૈકતાજ, રાજદંડ—બધું બળીને ખાખ! સાઠ સિત્તેર વર્ષ લગી આ રંગભૂમિ ઉપર મહાલેલાં અમર પાત્રોનાં પોશાકની એકસામટી ચિતા, અમારાં પાત્રોની આગસમાધિ, રોશનીમાં ગુંથાતાં વણાતાં દિલચસ્પ સ્વપ્નાંઓનું કારમું અગ્નિસ્નાન!


અને વર્ષભર આ સ્મશાનભૂમિ ઉપરના એ રાખભંડાર અમે ખસેડી શક્યા નહિ. કારણ? તરત જ અમારી છાતી ઉપર દુશ્મન આવીને જડાઇ બેઠા હતા. એમને આની શી પડી હોય? સૈનિકને કલાસંસ્કાર સમૃદ્ધિ સાથે શો સંબંધ? દોઢ વર્ષ બાદ,—માનશો? આ સરકારી આંકડા બોલું છું—આ ભંગાર ખસેડવા માટે અમારી ટ્રક-પાસે ખટારા યે નહોતા: હજારેક પથ્થરના ટુકડાઓ, એક સો ને સાઠ ખટારા ભરાય એટલો કાટમાળ...અમારા નિષ્ણાત કારીગરોની કમિટી બેઠી, વિચાર કરવા કે શું કરવું? આ ઢગલાને અહીં જ રાખી, નવેસરથી નવી જગ્યામાં 'ઓપેરા' બાંધવી? કે, આ જગ્યા ઉપર જ આ સ્મશાનમાંથી નવેસરથી ફરી સ્વર્ગ ઊભું કરવું? અને આખરે અહીંથી, જૂની શૈલીને ધ્યાનમાં રાખી નવા જમાનાની સગવડોને અપનાવી, અમારા ગજવામાં ફૂટી બદામ પણ નહોતી તો યે, ઓપેરાને સજીવન કરવા અમે ઝંપલાવ્યું.

બૉંબમારો થયો તેની અગાઉ અહીં જે છેલ્લી કૃતિ ભજવાઈ તે વાગ્નરની ઓપેરા 'ટ્વાઇલાઈટ ઑવ ધ ગૉડ્ઝ.' પછી જ્યારે અમારી છાતી ઉપરથી દુશ્મનનો લોખંડી પંજો દૂર ખસેડાયો. અને ફરી અમે અમારી છાતીમાં સ્વતંત્ર હવા ભરવા મથ્યા, એ દિવસે અમે આનંદમાં હતા, જરૂર; પણ અમારી આઝાદીનો મંગલ ઉત્સવ તો અહીં આ રાખમાંથી ખડી થએલી ઓપેરામાં બેટોવનની 'ફિડેલિયો' ફરી પહેલી વાર ભજવાઇ તે દિવસે હતો. મહિનાઓ પહેલાં ટિકિટો વેચાઈ ગઇ હતી. આગલી બેઠકો મહિનાઓ પહેલાં બસો ડૉલરે, એટલે કે એકેક હજાર રૂપીએ ચપોચપ ઊપડી ગઈ હતી. તે દિવસે, જગ્યા મળે કે ન મળે તો પણ ઑસ્ટ્રિયનો યુરોપના વીએનીઅનો ચોખંડને ખૂણે ખૂણેથી, પ્લેઈન ટ્રેઈન બસમાં અહીં આ સ્ટ્રાસેમાં આવી ઊભા હતા. અંદર સ્વાતંત્ર્ય-સંગીતની મેહફિલ ઉડાવતી 'ફિડેલિયો' ભજવાતી હતી, ને બહાર હજારો શ્રોતાઓએ શાંતિથી, ચૂપકીથી, નવેમ્બરની ઠંડીમાં, રાત્રે પોતપોતાના મિત્રવર્ગ સાથે, પ્રિય પ્રિયતમાઓ સાથે, હાથમાં હાથ મિલાવી, હૂંફ સેવતાં, ઊભાંઊભાં એ સાંભળી હતી. શરૂમાં અને પૂરું થતાં સૌ આનંદના આંસુ સારી ઉમળકાભેર ઉમંગમાં એકબીજાને ભેટતા હતા. અમારી આઝાદીનો સાચો ઉત્સવદિન એ હતો.'

આ સાંભળી મારી આંખમાંથી દડ દડ આંસુ નીસરતાં હતાં. અહીં, આ ફુવારા પાસે કોઈ ભાગ્યશાળીએ પોતાનાં આંસુ વેર્યાં હશે એમાં મારાં પણ સમાયાં એ સંતોષ હું અનુભવું એ દરમ્યાન માર્થા મારાં ચશ્માં ખેંચી લઈ, હાથ પકડી મને ઓપેરાના મુખ્ય દ્વાર આગળ દોરવી લઈ ગઈ. ઊભરાઇ રહેલા ડૂમાને શાંત પાડવા સૌકોઇએ થોડી ક્ષણો અનાયાસ મૌન પાળ્યું, આવી સુકોમલ, દર્દેદિલ, કલા-શૉખીન પ્રજા તરફ હું એકલો ત્યાં બીજી શી હમદર્દી બતાવી શકું?

(ચાલુ)

સાગરકાંઠાના જીવ (૨)



કાળી રાતમાં અમે જન્મીને જોઈ રહ્યાં અજવાળાં,
કાળ-કોટડીનાં જોતાં તો તૂટી પડતાં તાળાં.
મધરાતે મધ્યાહ્ન અમારો કોણ સૂનારા સાંખે?
વાંક વિના અમ વેરી બનતા એ શું બાકી રાખે?
તેજ અમારું બને આંજતું વાદળવીંધી વીજ,
વિનાશને હાથે વેરાતાં નવજીવનનાં બીજ. —મકરન્દ દવે

જ્ઞાનકોશ-કાર મર્હૂમ રતનજી ફરામજી શેઠના

બંગાળી, તેલુગુ, મરાઠી આદિ ભાષાઓમાં આજે જ્ઞાનકોશ કે સર્વસંગ્રહના ઠીક પ્રયત્નો થયા જાણ્યા છે, હિંદીમાં પણ કૈંક નાના પ્રયાસો થયા છે અને ગુજરાતીમાં જોડણીકોશના સફળ પ્રયાસ પછી ગુજરાત વિદ્યાપીઠ એ દિશામાં સંગીન પ્રયત્ન કરવા માટે ઉદ્યુક્ત થયાનું જણાયું છે, એવે આજને સમયે, એ દિશામાં વર્ષો પહેલાં—છેક ૧૮૯૯માં 'જ્ઞાનચક્ર' નામથી ગુજરાતી એન્સાઈક્લોપીડિયાનો સૌપ્રથમ અને આઠ ભાગ જેટલા વિશાળ વ્યાપ ઉપર પ્રશસ્ય પ્રયત્ન કરનાર પારસી લેખક રતનજી ફરામજી શેઠનાનું નામ, આજની જ નહિ, પણ છેલ્લી બે પેઢીના ગુજરાતીઓથી એટલું અજાણ્યું રહ્યું છે કે હમણાં મુંબાઇમાં ૯૩ વર્ષની વયે એમનું અવસાન થયું એ સમાચાર ઘણાંખરાં ગુજરાતી વર્તમાનપત્રોમાં જોવા મળ્યા નથી. 'જ્ઞાનચક્ર'ના રચનાર તરીકે જાણીતા થયા પહેલાં તેમણે નાટકકાર તરીકે સાહિત્યમાં પ્રવેશ કરેલો, અને પારસી સમાજમાં સફળ નાટ્યલેખક તરીકે એ જમાનામાં કીર્તિ મેળવેલી.

ઈ. ૧૮૭૨માં ભીમડી ખાતે સંપન્ન સ્થિતિના પારસી કુટુંબમાં એમનો જન્મ થએલો. મૅટ્રિક સુધીનો અભ્યાસ પૂરો કર્યા બાદ ૧૯ વર્ષની વયે એમનું લગ્ન થયું તે જ સાલમાં બૉમ્બે ક્રિકેટ ક્લબ માટે 'રંગમાં ભંગ' નામનું પ્રથમ નાટક લખીને લેખનપ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. એમાં મળેલી સફળતાથી તેમનું વલણ ઉત્તરોત્તર સાહિત્ય તરફ વળતું ગયું અને ઈ. ૧૮૯૫માં મુંબાઈની 'અંજુમને ઈસ્લામ' લાયબ્રેરીના ઑનરરી બુક કમિશનર તરીકે નિમાતાં એમની આગળ વિશાળ વાચનક્ષેત્ર ખૂલી ગયું. એ જ ગ્રંથાલયમાં અમેરિકન 'એન્સાઈક્લોપીડિયા'ના ૧૫ ગ્રંથ જોઈને ગુજરાતીમાં 'જ્ઞાનચક્ર' રચવાનો એમને અભિલાષ જાગ્યો. ઘણા ગૃહસ્થો તરફથી નિરાશાના સૂર સાંભળ્યા પછી શેઠ અરદેશર દોરાબજી અને દસ્તૂર કામદીનની સહાયતા તથા સલાહ-સૂચનોને પરિણામે ઈ. ૧૮૯૯માં તેનો પ્રથમ ગ્રંથ બહાર પડચો ને તે પછી દર વર્ષે એકેક ગ્રંથ બહાર પડતો રહ્યો.



મૂળથી જ નોકરીની પરતંત્રતા તરફ અણગમો હોઈ તેઓ વેપારમાં પડેલા, છતાં જાણે લેખન જ તેમનો મુખ્ય વ્યવસાય હોય તેમ 'જ્ઞાનચક્ર'ના મોટા આઠ ભાગ ઉપરાંત તેમણે નાટકો, નવલકથાઓ, કવિતા, વિદ્યાહુન્નર આદિનાં મળી પચ્ચીસ ત્રીસ પુસ્તકો લખ્યાં છે.

'રંગમાં ભંગ', 'ગુલ-ખુશરૂ', 'પાકજાદ પરીન', 'સહનશીલ પીરોજા', 'વાઝે નવાઝ', 'ચારદાજ', 'ખુશરો-શીરીન', 'વફાદાર', 'ભૂલથાપ', 'દીનદાર દીના', 'રમતાં પંખી', 'રોશન ચેરાઘ', 'જલતું જિગર', 'ફૅશનના ગુલામ' વગેરે નાટકો ઉપરાંત તેમણે 'એશિયાની સદ્‌ગુણી બાનુઓ' 'ચાઈનીઝ ટેઈલ્સ (વાર્તાઓ)', 'સુંદર હેલન (કાવ્ય)', તેમજ



'સી-ઍનીમૅાન'

કંઇક ઊંડાં પાણીવાળી કંઠાર પર, ખડક કે તળિયે વળગેલાં કોઈ સુંદર દરિયાઈ પુષ્પો જ લાગે એવાં વિવિધરંગી 'સી-અનીમૅાન' દરેક ઋતુમાં અને શીત પ્રદેશોથી માંડી વિષુવવૃત્તના ગરમ દરિયાકાંઠે બધે જ જોવા મળે છે. ગરમ પ્રદેશમાં એમનું રંગવૈવિધ્ય અને મોટું કદ એમને કંઈક ભવ્યતા આપે છે.

એની અનેક જાત છે અને એ રીતે એના રંગ આકાર ને કદમાં પણ ઘણી ભિન્નતા જોવા મળે છે. ફૂલની ડાળ જેવું પાતળુ ને લાંબું યા ટૂંકું ને જાડું એનું શરીર હોય છે. આ શરીરને મથાળે ફૂલની પાંખડીઓ જેવા એના 'ટૅન્ટેક્લ્સ' (હાથ કે સૂંઢ—જે કહો તે)ની કેટલીક હાર અને એની વચ્ચે એનું મોં હોય છે. જાતિભેદે એના 'ટૅન્ટેક્લ્સ'ની સંખ્યા, આકાર ને કદમાં પણ તફાવત જોવા મળે છે. આત્મરક્ષા અને શિકારને પકડવામાં એ કામ લાગે છે.

મોં વાટે જ અનીમાનનું બચ્ચું જન્મે છે ને પાણીમાં તરતું તરતું એ તળિયે જઈ બેસે છે—અથવા કહો કે ચિટકે છે. બહુધા એ જ સ્થાને કાળાનુક્રમે વિકાસ પામતું જઈ પુખ્ત બને છે. છીછરા પાણીકાંઠે હોય તો મોટે ભાગે ઍનીમાન જાત છુપાવવા પ્રયત્ન કરે છે.


એક વાર એક સ્થાને ચિટકચા પછી એ ત્યાંથી ઝટ ખસતું નથી. સ્થાનફેર કરવો હોય તો અત્યંત ધીરે ધીરે પોતાની બેઠક ખસેડીને યા ક્યારેક ત્યાંથી તદ્દન ઊખડી જઈ 'ટૅન્ટેક્લ્સ'ની સહાયથી પાણીના પ્રવાહ સાથે ઘસડાઈને બીજે જઈ બેસે છે. એનું મોં ઘણું સ્થિતિસ્થાપક હોઈ ઘણી વાર એ પોતાના કદને મુકાબલે મોટો શિકાર પણ પકડે છે.

ઍનીમૅાનના આયુષ્ય વિષે ચોક્કસ કહી શકાતું નથી, પરંતુ સો સો વર્ષથી યે વધુ જીવનારા ઍનીમૅાનનાં દૃષ્ટાંતો મળી રહે છે ખરાં.

'મેસ્મેરિઝ્મ', 'પોશાકની ફૅશન', 'સામાન્ય હુન્નરજ્ઞાન', 'જાપાન અને જાપાની', 'જાપાનનો ભોમિયો', 'કાચકામનો હુન્નર' વગેરે જેવાં વિવિધ વિષયનાં પુસ્તકો લખ્યાં છે, જેમાં 'આઈને અકબરી'નો અભ્યાસગ્રંથ તથા 'સંજ્ઞાદર્શક કોશ' અથવા 'સંખ્યાંત શબ્દાવધિ' સવિશેષ પ્રખ્યાત છે.

સ્વ. મેધાવ્રતજી

સોજિત્રા–સુણાવના લેઉઆ પાટીદારોનું એક જૂથ શેરડીને રસ્તે દક્ષિણમાં ચેવલા (ચવલવાડી) જઈ વસેલું. એમાં સાતમી પેઢીએ



જગજીવનદાસ આર્યસમાજી થયા. એ સંસ્કાર એમના પુત્ર મેધાવ્રતજી પર પડ્યા. પ્રેત-ભોજનોનો બહિષ્કાર અને વર્ણાન્તર લગ્નોના સ્વીકારમાં અગ્ર તેઓ સંસ્કૃત ભાષાના પ્રખર જ્ઞાતા હતા. જ્ઞાતિનો વિરોધ કરી એમણે આર્ય-સમાજી વિચારસરણીને અપનાવેલી અને ગુરુકુળના સ્નાતક થએલા.

ઈટોલા ગુરુકુળના આચાર્યપદે રહ્યા પછી તેઓ કન્યાકેળવણીના યજ્ઞ અર્થે વડોદરા–કારેલીબાગના આર્યકન્યા ગુરુકુળના આચાર્યપદે આવ્યા ને ત્યાં ૨૨-૨૩ વર્ષ સુધી સેવા આપી અનેક સ્નાતિકાઓમાં સંસ્કાર-સિંચન કર્યું.

સંસ્કૃત ભાષામાં એમણે પ્રથમ 'પ્રકૃતિસૌંદર્ય' લખ્યા પછી ૨૫૦૦ શ્લોકોવાળું 'દયાનંદ દિગ્વજય' નામક એક મહાકાવ્ય લખ્યું, જે ગ્રંથ કેટલીક કૉલેજોમાં સંસ્કૃત ભાષાના પાઠ્યપુસ્તક તરીકે પણ ચાલતો. ઉપરાંત, 'ગિરિરાજ ગૌરવ' (હિમાલય)નું વિવિધ છંદોબદ્ધ કાવ્ય હિંદી ભાષામાં લખેલું. વલ્લભવિદ્યાનગરના વિશ્વકર્મા શ્રી ભાઈકાકાનું જીવન પણ એમણે ૧૨૫ સંસ્કૃત શ્લોકોમાં ઉતાર્યું છે.

ગુરુકુળ–ગજ્જર, કન્યા ગુરુકુલ–નરેલા અને ચિતોડમાં પણ એમણે સંસ્કૃત તથા વેદનું શિક્ષણ આપેલું. શિક્ષણના માધ્યમ તરીકે તેઓ હિંદી ભાષાનો ઉપયોગ કરતા. સર્વત્ર એમનું પ્રચારકાર્ય હિંદીમાં જ થતું. આમ, સંસ્કૃત ઉપરાંત હિંદી ભાષાના પણ તેઓ જ્ઞાતા હતા.

ઇ. ૧૯૪૧થી તેઓ ચેવલામાં નિવૃત્ત જીવન ગાળતા હતા. સ્વભાવે નિરભિમાની અને સરળ. ગઈ ૨૧મી નવેમ્બરે ચિતોડમાં એમનું એંશી વર્ષની ઉંમરે અવસાન થયું ત્યારે તેઓ ત્યાં અવૈતનિક આચાર્ય તરીકે પોતનું સેવાકાર્ય સંભાળતા હતા. —ઉમિયાશંકર ઠાકર

લશ્કરી દળોની રચના

ગુજરાતની સરહદ ઉપર જ હમણાં રીતસરનું યુદ્ધ કહેવાય એવી અથડામણ ભારત અને પાકિસ્તાનનાં લશ્કરો વચ્ચે થઈ ગઈ, જેમાં બિયાલબેટ ઉપર ભારતીય લશ્કરની એક 'કંપની' જ હતી અને પાકિસ્તાને આખી 'બ્રિગેડ' એ મોરચે ઉતારી હતી એવા સમાચાર ગુજરાતે જાણ્યા છે. આપણે ત્યાં લશ્કરની નાની ટુકડીઓ કૅન્ટોનમેન્ટ વિસ્તારોમાં સામાન્ય નાગરિક વસતિથી અલગ, કોશેટામાં જાણે રહે છે. તેથી એની રચના, પદ્ધતિ વગેરેનું જ્ઞાન બહુ ઓછા નાગરિકોને હોય છે.

ગુજરાતના જવાનોની સંખ્યા લશ્કરમાં સંતોષકારક નથી; અમલદારોમાં પ્રમાણ ઠીક છે. નાગરિક જીવનમાં પાછા ફરેલા કેટલાક ડૉક્ટરો, ઈજનેરો વગેરે કૅપ્ટન, મેજર જેવા શબ્દોથી સંબોધાય છે, પરંતુ એ પદવી શાની છે એનો ચોક્કસ ખ્યાલ ઘણાને હોતો નથી.

દેશદેશનાં લશ્કરોની રચના આધુનિક સમયમાં પદ્ધતિની દૃષ્ટિએ લગભગ સરખી, પરંતુ દરેક એકમની સંખ્યાની દૃષ્ટિએ જરા જરા જુદી પડતી હોય છે. અમેરિકન લશ્કરના સૌથી નાના એકમને 'સ્ક્વૉડ' કહે છે, અને તે ૭ સૈનિક+૧ કૉર્પોરલનું બનેલું હોય છે. બ્રિટનમાં એવું જ એકમ ૯ માણસોનું હોય છે. ભારતમાં તે ૯ સૈનિકો + ૧ કૉર્પોરલ (બે પટ્ટી) એમ ૧૦ જણાનું હોય છે. દરેક દેશમાં નાના એકમથી 'ડિવિઝન' અને 'આર્મીકોર' સુધીના મોટા સમૂહો હોય છે.

ભારતીય લશ્કરની રચના લગભગ આ પ્રકારની છે: સૌથી નાનું એકમ તે 'સેકશન' તેમાં બધા મળીને ૧૦ માણસ હોય. જેમાં એક કૉર્પોરલ (એનો ઉપરી) હોય.આવાં ત્રણ 'સેકશન' મળીને એક 'પ્લૅટૂન' બને છે. આ 'પ્લૅટૂન'નો ઉપરી હવાલદાર અથવા નાયક અથવા બ્રિટિશ પરિભાષામાં 'પ્લૅટૂન કમાન્ડર' હોય છે.

ત્રીજા પગથિયે જતાં ત્રણ પ્લૅટૂન અથવા ૯ સેકશનની એક 'કંપની' બને છે; ઉપરાંત ત્રણ પ્લૅટૂન સાથે એક હેડક્વાર્ટરનો સ્ટાફ પણ ઉમેરાય છે. 'કંપની'નો ઉપરી કૅપ્ટન કે મેજર, ઉપરાંત કંપની કમાન્ડર ને તેના મદદનીશો વગેરે સ્ટાફ પણ હોય છે.


એવી ત્રણ કંપનીઓ તથા કંપની-હેડક્વાર્ટર્સ વગેરે મળીને એક 'બૅટૅલિયન' બને છે. સામાન્ય રીતે બૅટૅલિયન પાયદળની હોય; પરંતુ હવે વાહનોનો ખૂબ જ ઉપયોગ થતો હોવાથી અને 'બ્રિગેડ'ની વ્યવસ્થામાં જ મોરચા સંભાળાતા હોવાથી બૅટૅલિયન પછીનાં મોટાં એકમો બાબતમાં સંખ્યામાં જરા ફેરફાર હોય છે. બૅટૅલિયનની સરદારી લેફ્ટેનન્ટ કર્નલ સંભાળે છે. એ પછીના અફસરો બ્રિગેડિયર, કર્નલ મેજર-જનરલ, લેફ્ટેનન્ટ જનરલ અને જનરલ એમ ઉત્તરોત્તર ચડતી કક્ષાએ હોય છે. ત્રણ બૅટૅલિયનો મળીને એક બ્રિગેડ બને છે, અને સામાન્ય રીતે ત્રણ બ્રિગેડનું એક ડિવિઝન બને છે.

બૅટૅલિયન પછીની ઉપલી કક્ષાએ લશ્કરનાં બીજાં અંગો પણ એમાં ભળે છે. દાખલા તરીકે તોપચી ટુકડી (એટલે 'આર્ટિલરી યુનિટ'), 'સિગ્નલસ', બખ્તરિયા ટુકડી('આર્મર્ડ કોર'),'આર્મી ઑર્ડનન્સ કોર' તબીબી સેવાની ટુકડી વગેરે એ બધાંનો ચોક્કસ સંખ્યામાં આજના આધુનિક લશ્કરની એક બ્રિગેડમાં સમાવેશ થાય છે. એથી સામાન્યતઃ બ્રિગેડ ૩૦૦૦ માણસની ગણાય. એમાં લડનારાની આ સંખ્યા ઉપરાંત નહિ લડનારા બીજા પણ હોય છે. એ રીતે ડિવિઝનપણ ૧૨૦૦૦થી ૧૪૦૦૦ (કેટલાક દેશોમાં ૧૬થી ૨૦ હજારના) સૈન્ય બળનાં હોય છે.

ભારત સિવાયના કેટલાક દેશોમાં મોટાં લશ્કરો હોઈ લશ્કરી અફસરોની કક્ષાઓ વધારે પ્રકારની હોય છે: 'બ્રિગેડિયર-જનરલ'નો હોદ્દો બ્રિટનમાં છે. માર્શલ ને ફીલ્ડ માર્શલના હોદ્દા જર્મની, રશિયા તથા બીજા કેટલાક દેશોમાં છે. પ્રે. અયૂબખાંએ પણ ફીલ્ડ માર્શલનો હોદ્દો જાતે જ ધારણ કર્યો છે. અમેરિકામાં 'એક-તારક જનરલ'થી માંડી 'પંચ-તારક (ફાઈવ સ્ટાર) જનરલ' સુધીની પદવીઓ છે.

લશ્કરનાં ખરેખર યુદ્ધમાં ત્રાટકનાર સિવાયનાં એકમો પણ ઘણાં હોય છે. એમાં 'સૅપર્સ ઍન્ડ માઈનર્સ' વગેરે સિવાય ગુપ્તચર વિભાગ અને લશ્કરી પોલીસ પણ હોય છે.

આ તો માત્ર ભૂમિદળની રચનાની વાત થઈ. નૌકાદળ ને હવાઈદળની રચના સાવ જુદા પ્રકારની હોય છે. ભારતમાં હવાઈ દળ સારા પાયા પર છે અને નૌકાદળનો વધુ વિકાસ કરવાની જરૂરિયાત વધતી જાય છે. પણ ભારત યુદ્ધવાદી નથી એની અસર એના સૈન્યની ત્રણેય પાંખો પર છે. બહાદુરીમાં એ કોઈથી ઊતરે તેમ નથી, પણ એની સંખ્યા શાંતિ સમયની રહી હતી, તેમાં ચીનના આક્રમણ પછી વધારો કરવાની આપણને ફરજ પડી છે.



લંડનનું હાથીખાનું

લંડનના પ્રાણીસંગ્રહાલય માટે ખાસ બાંધવામાં આવેલા આ હાથીખાનામાં ત્યાંની આબોહવા પ્રતિકૂળ ન થઈ પડે તે માટે હાથીઓને નહાવા માટે ગરમ પાણીના હોજ, એકધારું ઉષ્ણતામાન સચવાઈ રહે તે માટેના અગોચર ફુવારા, અને એક 'સિક-રૂમ' સુદ્ધાં છે! હાલ તેમાં ચાર હાથી છે જેમાં ૧૨ વર્ષની વયની આસામની 'લક્ષ્મી' નામની હાથણી પણ છે. બે લાખ પાઉન્ડને ખર્ચે ઊભો કરેલો આ ગંજાવર તબેલો જાણીતા બ્રિટિશ સ્થપતિ સર હ્યૂ કાસનની કૃતિ છે.

ધાર્મિક શિક્ષણ ક્યાં?

વિખ્યાત અંગ્રેજ, ઇશ્વર-જ્ઞાન એલ. પી. જૅક્સ (લૉરેન્સ પીઅર્સૉલ જૅક્સ: ૧૮૬૦-૧૯૫૫) એક વાર એક જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ શિક્ષકની મુલાકાતે ગયા. જૅકસે તેમને પૂછ્યું: 'આપની શાળાના સચયપત્રકમાં ધાર્મિક શિક્ષણને આપે ક્યાં સ્થાન આપ્યું છે?'

પેલા અનુભવી વૃદ્ધ શિક્ષકે જવાબ આપ્યો: 'અમે અંકગણિતમાં ચોકસાઈ દ્વારા ધર્મ શીખવીએ છીએ... સાચાને 'હા' ને ખોટાને 'ના' કહેવાનું શીખવીને અમે ભાષામાં ધર્મજ્ઞાન આપીએ છીએ...ઇતિહાસ-શિક્ષણમાં માનવતા-પરહિતેચ્છા ને કરુણા પ્રેરીને ...ભૂગોળ-વિદ્યામાં મનની વિશાળતા કેળવતાં શિખવાડીને... ખગોળ-વિદ્યામાં આદરભાવ રાખતાં પ્રેરીને... ઉદ્યોગો-કારીગરીમાં સાદ્યંત પરિપૂર્ણતા દ્વારા... રમતના મેદાન પર ન્યાયી અને નિષ્કપટ આચરણ વડે... અને પશુ-પંખી પ્રત્યે કરુણા રાખતાં શીખવીને, નોકર-ચાકર તરફ સભ્યતા ને ભલાઈ શિખવાડીને, એકબીજા તરફ શિષ્ટ આચાર દ્વારા અને બધી જ બાબતો સચ્ચાઈ-ઈમાનદારી વડે ધાર્મિક શિક્ષણ આપીએ છીએ.'

સમુદ્ર-મોજાં દ્વારા વીજળી

જાપાનના એક લશ્કરી અધિકારીએ સાગરનાં મોજાંની શક્તિનું વિદ્યુતમાં રૂપાંતર કરતું યંત્ર શોધી કાઢ્યું છે. સાગરના કિનારા પર મૂકી રાખવામાં આવતા ગોળાકાર પીપના આકારના આ યંત્ર પર સમુદ્રનાં મોજાં અથડાતાં એ ગોળ ફરવા લાગે છે અને એમાં વિદ્યુતનો સંચય થાય છે જેના વડે 'ચાર્જ' કરવામાં આવતા પીપમાંના 'સેલ્સ' અનેકવિધ રીતે ઉપયોગમાં લઇ શકાય છે.

ટી. વી. (ટેલિવિઝન)ની બિમારી

એક એવો અંદાજ નીકળ્યો છે કે અમેરિકામાં ત્રણથી બાર વર્ષની ઉમરનાં બાળકો સરાસરી દરરોજ ત્રણથી છ કલાક જેટલો સમય ટેલિવિઝન-સેટ સામે ખોડાઇને એકીટશે એના પરના કાર્યક્રમો જોયા કરે છે. આને પરિણામે એવાં બાળકોમાં સખત કંટાળો, અરુચિ, માથાનો દુખાવો અને ઉબકાઊલટીનાં લક્ષણો જોવા મળ્યાં છે. પશ્ચિમ જર્મનીના દાક્તરોએ તો આને લીધે ફેફરું, માનસિક નબળાઈ, દમ અને શારીરિક વિકાસના રૂંધનનાં લક્ષણો પણ નોંધ્યાં છે. આ જ બીમારી જતે દહાડે અન્ય દેશોમાં પણ ફેલાવાનો પૂરો સંભવ છે. હમણાં થોડા વખત પર નાઇરોબીમાં બસો જેટલાં બાળકોએ ટેલિવિઝન જોવા સારુ શાળાના વર્ગોમાંથી ગાપચી મારી ગયાનું પણ બહાર આવ્યું છે. ટી. વી. પડદા સામે બેસી રહી તેના કાર્યક્રમો જોવા કરવા સિવાય અન્ય કોઈ બાબતમાં લક્ષ નહિ પરોવતાં બાળકોમાં અસ્પષ્ટ ઉચ્ચારણ તથા કલ્પનાશક્તિ અને સંવેદનશીલતાનો અભાવ પણ જોવા મળે છે. આ જાગી રહેલા નવા પ્રશ્નો ભૌતિક સમૃદ્ધિ પ્રત્યે આંધળી દોટ મૂકી રહેલા યુગને એક ચીમકી રૂપ છે. આખરે સુંદર પુષ્પો, વિશાળ આકાશ ને ટમટમતા તારાઓ જોવામાં પણ કંઇક રસ પડે એવું છે એ ભુલાઈ ન જાય તો સારું.'

તન ખોટાં, હૈયાં ખુલ્લ, ધરવ ન કશીયે વાત,
એ કળજુગની જાત, શાણા સમજે સાનમાં.
—'શેષ'

મહારાષ્ટ્રના લોકસેવક શ્રી ગોપાળરાવ આગરકરે લોકસેવા પાછળ તન, મન અને ધન સુદ્ધાં ખર્ચી નાખેલાં, તે એટલે સુધી કે અતિશ્રમના લીધે તેઓ દમનો ભોગ થઈ પડેલા, તે એટલા બધા અકિંચન હતા કે ૧૮૯૫ના જૂનની ૧૭મીએ એમનું મૃત્યુ થયા બાદ એમનું રાચરચીલું તપાસતાં એક પેટીમાંથી કેવળ લુગડાના કકડાથી બાંધેલી એક બચુકલી પોટકી મળી આવી, જેમાં થોડાક રૂપિયા સાથે એક ચિઠ્ઠી હતી—ફક્ત આટલા શબ્દોમાં: 'મારી અંત્યેષ્ટિક્રિયા માટે.'

કહેવતોનાઅર્થ:'ઘાંચજાનીકોથળીમાંસજાયો(અસ્ત્રો).'—છીછરા મનનાં માણસોને મોટી પ્રાપ્તિ થતાં અભિમાનથી ફૂલ્યા ફરે તે તોર દર્શાવતી આ કહેવતને મળતી બીજી કહેવતો: 'ગધેડી ફૂલેકે ચડી'; 'હુંપહોળીનેશેરીસાંકડી.'

અનેકાર્થી શબ્દ: **તક**=યોગ્ય અને અનુકૂળ વખત; કાર્યસિદ્ધિ માટેનો સમય, લાગ; પ્રસંગ; ભારે માલ જોખવા માટેનો કાંટો; ત્રાજવાનું પલ્લું; કવિતાનો એક છંદ; ઈશારો.

ગણિતગમ્મત

૯૮૭૬૫૪૩૨૧×૯=૮૮૮૮૮૮૮૮૮૯
,, ×૧૮=૧૭૭૭૭૭૭૭૭૭૮
,, ×૨૭=૨૬૬૬૬૬૬૬૬૬૭
,, ×૩૬=૩૫૫૫૫૫૫૫૫૫૬
,, ×૪૫=૪૪૪૪૪૪૪૪૪૫
,, ×૫૪=૫૩૩૩૩૩૩૩૩૩૪
,, ×૬૩=૬૨૨૨૨૨૨૨૨૨૩
,, ×૭૨=૭૧૧૧૧૧૧૧૧૧૨
,, ×૮૧=૮૦૦૦૦૦૦૦૦૦૧

હજામતમાં વપરાતી સાબુ લગાડવાની પીછીના વાળ નીકળી જવાથી નકામી બને ત્યારે તેમાંના રહ્યાસહ્યા વાળ કાઢી નાખીને ખાડામાં મીણ ભરી તેમાં પાંચસાત કાણાં પાડી રાખ્યાં હોય તો અગરબત્તી ખોસવાનું રૂપાળું સાધન બનશે. (પ્રતાપરાય મહેતા)

આદર્શ વજન

તમારી ઊંચાઈ ૫ ફૂટથી જેટલી વધારે હોય એને ૫૩ વડે ગુણી ૧૧૦ ઉમેરો, એટલે તમારું આદર્શ વજન આવશે. દા. ત. તમારી ઊંચાઈ ૫'-૫" છે, તો ૫×૫૩+૧૧૦=૧૩૭૩ તમારું આદર્શ વજન.



લગભગ બધા દરિયામાં મળતી રીમોરા નામની એક માછલી 'જીવતા ગલ' તરીકે પણ ઓળખાય છે. બીજી મોટી માછલીઓના શરીર પર ચીટકીને વળગી રહેવાની એની વિશિષ્ટ શક્તિને કારણે ઘણા માછીમારો એની પૂછડીએ દોરી બાંધી બીજી મોટી માછલીઓ પકડવામાં એનો ગલ તરીકે ઉપયોગ કરે છે. ક્યારેક તો એ શાર્ક જેવી માછલીને પણ ચીટકી જઈને પકડાવી લાવે છે.

છીંક

તમને જ્યારે એક છીંક આવે ત્યારે કોઈ તમને યાદ કરે છે એમ માનજો. બીજી છીંક આવે તો એ યાદ તીવ્ર છે, એમ માનજો. ત્રીજી આવે તો તમને કોઈ પોતાની પાસે બોલાવવા ઇચ્છે છે એમ સમજજો. ચોથી છીંકે તો એની પાસે જવાનું થશે જ એમ માનજો. અને પાંચમી છીંક આવે તો?—કશી ગેરસમજમાં પડ્યા વિના નક્કી માનજો તમને શરદી થઈ છે!

છીંકને અપશુકન માનીને, એ આવે ત્યારે એને પરિણામે આવી પડનારી આપત્તિમાંથી બચવા ભગવાનને સંભારવાનો રિવાજ આપણા દેશની જેમ પશ્ચિમમાં પણ છે. આ પ્રથા ત્યાં સોળમી સદીમાં શરૂ થઈ હતી. પોપ ગ્રેગરીને શરદીનો તાવ આવ્યો અને એ ઉપરાઉપરી છીંકો ખાવા લાગ્યા ત્યારે એમના ભક્તો 'પ્રભુ રક્ષણ કરો' એમ બોલવા લાગ્યા. પાછળથી તે એક પ્રણાલી બની ગઈ.

પણ ઈરાનમાં છીંક શુભ ગણાય છે, અને દરેક છીંક સાથે માણસના દુર્ગુણો ને અનિષ્ટો દૂર થાય છે એમ ત્યાંના લોકો માને છે

ગુસ્સો કરવો એટલે બીજાની ભૂલોની શિક્ષા પોતાની જાતને કરવી!


લાકડાના બારીક છોલ સાથે થોડું હલકી જાતનું મીણ (ટીકડી વળે તેટલું) ગરમ કરી, તેની ટીકડીઓ દબાવી લેવી. દીવાસળી લગાડવાથી તે દીવા પેઠે બળે છે અને ચૂલો કે સગડી પેટાવવા માટે કેરોસીનને બદલે વધારે સગવડભર્યું (અને કદાચ સસ્તું) સાધન છે.




બીજા રાષ્ટ્રીય નૌવહન દિવસ નિમિત્તે ભારતે બહાર પાડેલી ટિકિટ સાથેના પ્રથમ દિન લિફાફા ઉપરનું તેની તારીખ સાથેનું આલેખન.



કલાકણિકા : મ્યૂનિક (જર્મની)ના સંગ્રહસ્થાનમાં સૌ પ્રેક્ષકોનું ખાસ ધ્યાન ખેંચતી એક ધર્મરક્ષક સંત ઘોડેસવારની ૪૦૦ વર્ષ જૂની નક્કર સોનાની આ મૂર્તિ પર ૨૨૯૧ હીરા, ૪૦૯ પન્ના અને ૨૦૯ મોતી જડેલાં છે!






ભક્તિની અંજલિ (ફોટોકલાકાર • એ. એલ. સૈયદ) **ભીનાં પગલાં**

એકમાં પ્રાચીન કલાકારે ભક્તિનમ્ર હૃદયે મંદિરનિર્માણમાં ઢાલવેલી શિલ્પસમૃદ્ધિ છે; બીજામાં રૂપશોધક આંખે નદી-કિનારાના પંકવલયોમાં પડેલાં પગલાં જેવા મામૂલી વિષયમાંથી સારવેલું નિસર્ગનું અગોચર સૌંદર્ય છે. ફોટોકલાકાર આબિદભાઈએ કલાની જૂની અને નવી બંને વિભાવનાઓનું સમુચિત નિદર્શન અહીં કરાવ્યું છે.

KUMAR Regd. No. G. 55

પ્રગતિનાં પાંચ વર્ષ



ખોરાકનું વાર્ષિક ઉત્પાદન ૨૦ લાખ ટન ઉપરથી વધીને ૨૫·૨૦ લાખ ટન થયું. ૬૦,૦૦૦ નવા કૂવા ગાળવાનું લક્ષ્ય સિદ્ધ થશે. વિજળીક શક્તિ ૨૫૩ મે. વો. પરથી ધુવારણ વિદ્યુત મથક શરૂ થતાં બેવડાશે. આરોગ્ય કેન્દ્રોમાં ૧૦૦ ટકા જેટલો વધારો થયો છે. શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦,૧૭,૦૦૦ ઉપરથી વધીને પાંચ વર્ષ દરમ્યાન ૨૭,૪૨,૦૦૦ સુધી પહોંચી છે. સહકારી મંડળીઓમાં ૧,૪૪૨નો વધારો થઇ તેની કુલ સંખ્યા ૧૫,૮૨૭ સુધી પહોંચી છે. હાલ પ્રત્યેક ગામડામાં પ્રાથમિક ખેતી મંડળીઓ રચાઇ છે.